# બાઇબલ અભ્યાસ

ભાગ ૩



## બાઇબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ

-રેવ. જયાનંદ આઈ. ચૌહાણ

પ્રકાશક :
ગુજરાત ટ્રાક્ટ ઍન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦૦૦૬

**બાઇબલ-અભ્યાસ**

**ભાગ ૩ જો**

પ્રથમ આવૃત્તિ : નવેમ્બર ૧૯૮૨

નકલ ૨,૦૦૦

**કીમત રૂા. ૩·૦૦**

મુદ્રક :
કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ
મંગલ મુદ્રણાલય
રતનપોળ, અમદાવાદ ૩૮૦૦૦૧

# બાઇબલ-અભ્યાસ

(બાઇબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ)

## ભાગ ૩ જો

લેખક

**રેવ. જયાનંદ આઈ. ચૌહાણ** એમ.એ. (જર્નાલિઝમ) યુ.એસ.એ.

કનાન, ખડાયતા કોલોની પાછળ, એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬.

-પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન-

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**

સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬

# વિષયાનુક્રમણિકા


પૃષ્ઠ

વિષયાનુક્રમણિકા
એ શબ્દો કહી લઉં—
૧. "સર્વસમર્થ ઈશ્વર" નામનો શો અર્થ થાય છે? ૧
૨. "શેકેલ" એટલે શું? ૩
૩. બિન-બાપ્તિસ્મી બાળકો સ્વર્ગે જશે? ૩
૪. માનવજાતના ઉત્પત્તિકાળે ભાષા હતી? ૫
૫. પવિત્ર આત્માનું બાપ્તિસ્મા એટલે શું? ૮
૬. બે રણશિંગડાંનો અર્થ શો છે? ૨૩
૭. ઈશ્વર કદી પશ્ચાત્તાપ કરે? ૩૨
૮. સ્વર્ગ કેટલાં છે? ૩૫
૯. બાઇબલ પુનર્જન્મ વિષે શીખવે છે? ૩૭
૧૦. મથૂસેલાહના લાંબા આયુષ્યનું મહત્ત્વ? ૩૮
૧૧. મૂળ બાઇબલમાં કેટલાં પુસ્તકો હતાં? ૪૨
૧૨. હાલની પૃથ્વીનો નાશ થશે તો શું તદ્દન નવી પૃથ્વી બનાવવામાં આવશે? ૪૬
૧૩. "તેનો નાશ ન થાય" એટલે શું? (યોહાન ૩ : ૧૬) ૫૦
૧૪. વિશ્વ ઉત્ક્રાંતિનું પરિણામ કે ઈશ્વરના સૃજનકાર્યનું? ૫૩
૧૫. પ્રભુ ઈસુનું નામ 'ઇમ્માનૂએલ' પાડવાનું હતું તો 'ઈસુ' કેમ પાડ્યું? ૬૧
૧૬. ઈસુના નામનો ઉલ્લેખ (બાઇબલ સિવાય) બીજે છે? ૬૫
૧૭. પ્રભુ ઈસુને રૂ. ૩૦ માં જ કેમ વેચ્યા? ૬૯
૧૮. લોહી અને પાણી કેમ નીકળ્યાં? ૭૧
૧૯. કોરડા કેવા હતા? ૭૧
૨૦. વધસ્તંભની સજા શું છે? અને ક્યાંથી આવી? ૭૪
૨૧. (પ્રકટીકરણ ૧૨ માં જણાવેલી) સૂર્યથી વેષ્ટિત સ્ત્રી કોણ? ૭૫
૨૨. ખ્રિસ્ત સૃજનહાર કે સૃજાયેલી વ્યક્તિ? ૮૨

પૃષ્ઠ

૨૩. ઈશ્વરપિતા અને ઈશ્વરપુત્ર મોટા-નાના કે સરખા? ૮૪
૨૪. એમાંથી કઈ સંખ્યા ખરી? – ૨૩,૦૦૦ કે ૨૪,૦૦૦? ૮૫
૨૫. કઈ કીમત ખરી? – 'પચાસ શેકેલ રૂપું' કે, 'છસો શેકેલ સોનું?' ૮૬
૨૬. ઈસુનો જન્મ "કુંવારીની કૂખે" થયો? (વિજ્ઞાનની રીતે એ ખરું હોઈ શકે?) ૮૭
૨૭. યૂસફને બમણો હિસ્સો કેમ? ૯૯
૨૮. એલિયાએ ક્યારે પત્ર લખ્યો? ૧૦૧
૨૯. બાળકો જનમતાંની સાથે જ જૂઠું બોલે? (ગી. શા. ૫૮:૩) ૧૦૨
૩૦. નરકમાં જવાનું નિર્માણ હોય તો પછી તે પાપીએનો શો દોષ? ૧૦૨
૩૧. શિયાળે કે સાબ્બાથે (વિશ્રામવારે) નાસવું એટલે શું? ૧૦૩
૩૨. "પૃથ્વી અસ્તવ્યસ્ત અને ખાલી હતી" એટલે શું? ૧૦૩
૩૩. હઝકીએલ ૪૦ થી ૪૮ અધ્યાયોમાં દર્શાવેલું મંદિર કયું? અને એ નદી કઈ? ૧૦૪
૩૪. યોહાને લોકોને ઈસુ વિષે કેવી રીતે જાણ કરી? ૧૦૫
૩૫. જળપ્રલય પૂર્વે માનવીનું સેંકડો વર્ષનું આયુષ્ય હતું? ૧૦૫
૩૬. ઉત્પત્તિના પુસ્તકમાં પૃથ્વીની ઉત્પત્તિનાં એ જુદાં જુદાં વૃત્તાંત છે? ૧૧૨
૩૭. કરારકોશ ૧૧૩
૩૮. દૂતો કોણ છે અને કેવા છે? ૧૧૫
૩૯. પ્રભુ ઈસુને માટે અને ઈશ્વરને માટે 'તું' વાપરવું કે 'તમે'? ૧૧૯
૪૦. સગાં ભાઈબહેનો લગ્ન કરે એ વાજબી છે? ૧૨૧
૪૧. યહૂદાનું મરણ કેવી રીતે થયું? ૧૨૨
૪૨. પિત્તળની ભાગળો હોઈ શકે? ૧૨૩

# બે શબ્દો કહી લઉં —

આ 'બાઇબલ-અભ્યાસ' આપ સૌની સેવામાં ધરતાં આનંદ અનુભવું છું. લોકોએ પ્રશ્નો પૂછ્યા, મેં એના આવડે તેવા ઉત્તરો આપ્યા — 'ખ્રિસ્તીબંધુ' દ્વારા. એ પ્રશ્નોત્તરાવલી ક્રમશઃ ૧૯૭૫ થી ચાલતી આવી છે. કદાચ ૧૯૪૬ થી કહું તોય સાચું. એનો આ સુધારાવધારાવાળો સંગ્રહ.

એના પહેલા બે ભાગ બહાર પડી ચૂક્યા છે, અને હવે આ ત્રીજો ભાગ છે. અમુક મુદત પછી ચોથો પણ બહાર પડે એવી શક્યતા ખરી.

જાણકારીનો દાવો કરવાની અહીં ધૃષ્ટતા નથી. આ તો હું લાભ્યો તેમાં બીજાંને ભાગીદાર બનાવું એ જ ભાવના છે. ત્યારે ૧૯૪૨ ની સાલ ચાલતી હતી. મનમાં ઘણા ઘણા પ્રશ્નો હતા. મેં ઘણા મિત્રોને પૂછ્યું-લખ્યું. ખાસ કોઈએ રસ દર્શાવ્યો લાગ્યો નહિ. પણ પછી પરમપિતા પરમેશ્વરે ક્રમશઃ ક્રમશઃ પ્રકાશ આપવા માંડ્યો.

એવાં કંઈક વર્ષોનો અંગત બાઇબલ-અભ્યાસ, કંઈક રાત્રીઓનાં જાગરણ, મથામણ, ઘૂંટણો પર પ્રાર્થના! એ બધાંનો લાભ બીજાંને પણ મળે તો કેવું સારું! એટલે મારી જેમ બીજાંના પ્રશ્નો, મૂંઝવણોમાં સહાયરૂપ બનવા આ પ્રશ્નોત્તરાવલી શરૂ થઈ.

અને બાઇબલ-પ્રેમીઓએ તો હર્ષઘેલા બનીને આ પ્રયાસને વધાવી લીધો, પત્રો લખ્યા, જાતે મળ્યા, આભાર અને આનંદ વ્યક્ત કર્યા. ખરું કહું? મારી ઉપર મૂકેલા આ ભરોસા માટે છાનો છાનો ક્ષોભ અનુભવ્યો. આનંદ તો થયો જ. તમ સૌનો આભાર.

આ કટારોને ખ્રિસ્તીબંધુનાં તંત્રીશ્રી જયવંતીબહેન જે. ચૌહાને ઉદારભાવે તથા ધીરજથી માસિકમાં સ્થાન આપી ઉત્તેજન આપ્યું માટે એમનો આભાર.

છેવટે, પવિત્ર આત્માએ સહાય અને સમજબુદ્ધિ આપ્યાં એ માટે, અને તેમનાં અદ્ભુત વચન (બાઇબલ) માટે ત્રૈક ઈશ્વરનો આભાર. આમીન.

— જયાનંદ આઈ. ચૌહાણ

## ૧ "સર્વસમર્થ ઈશ્વર" નામનો શો અર્થ થાય છે?

**પ્રશ્ન :** બાઇબલમાં અનેક સ્થળે ઈશ્વર માટે "સર્વસમર્થ ઈશ્વર" નામ વાપરવામાં આવ્યું છે. આ "સર્વસમર્થ ઈશ્વર" એટલે શું? ઉત્પત્તિ ૧૭:૧.

**જવાબ :** બાઇબલમાં જૂના કરારમાં યહૂદીઓના પિતૃઓના જમાનામાં – એટલે કે આબ્રાહમ, ઇસહાક, વગેરેના સમયમાં – સર્વ-સમર્થ નામ વધારે વાપરવામાં આવ્યું છે. સિનાઈ પર્વત પર નિયમશાસ્ત્ર આપવામાં આવ્યું ત્યાર પૂર્વે આ નામ વિશેષ વપરાયું છે. અયૂબનું પુસ્તક બાઇબલમાં સૌથી પુરાણું પુસ્તક ગણવામાં આવે છે. એમાં "સર્વસમર્થ ઈશ્વર" નામ ૩૧ વખત વાપરવામાં આવ્યું છે.

મૂળ હિબ્રૂ લખાણમાં "એલ–શાદ્દાઈ" વપરાયું છે. અંગ્રેજીમાં એનો તરજુમો "ઑલમાઇટી ગૉડ," અને ગુજરાતીમાં "સર્વસમર્થ ઈશ્વર" કરવામાં આવ્યો છે. "એલ" અથવા "એલોહિમ"નો તરજુમો "દેવ" અથવા "ઈશ્વર" થાય છે. અને એ "એલ" અથવા "એલોહિમ"માં જ સમર્થપણાનો અર્થ સમાયેલો છે. "શાદ્દાઈ" નામ બહુ અર્થપૂર્ણ છે. હિબ્રૂ ભાષામાં માની છાતી (સ્તન) માટે "શાદ" શબ્દ છે, અને "શાદ્દાઈ"નો અર્થ "છાતીવાળો" થાય છે. જેમ માની છાતીએ વળગેલા બાળકને સર્વકંઈ મળી રહે છે, તેમ આ "એલ–શાદ્દાઈ" (સર્વસમર્થ ઈશ્વર)ને વળગનારને ઈશ્વરની તહેનાતમાંથી સર્વકંઈ મળી રહે છે. બાળકને માની છાતીએ ખોરાક–પોષણ, આનંદ, હૂંફ, પ્રેમ, નિર્ભયતા, રક્ષણ, તાજગી, સામર્થ્ય, વૃદ્ધિ, વાત્સલ્ય, ઇત્યાદિ સર્વકંઈ મળી રહે છે, એમ જ આ ઈશ્વર પર અઢેલનારને જે કંઈ જોઈએ તે બધું મળી રહે છે.

ઉત્પત્તિ ૧૭ : ૧ માં અને પછીની કલમોમાં સંતાન વગરના ૯૯ વર્ષના ઘરડા તથા સંતાન નિપજાવવા માટે "મૂએલા જેવા" (હિબ્રૂ ૧૧ : ૧૨) આબ્રાહમને પ્રભુ પ્રથમ આ પોતાને "સર્વસમર્થ ઈશ્વર" (એલ–શાદ્દાઈ) તરીકે ઓળખાવે છે, અને કહે છે કે, "તું મૂએલા જેવો ભલે હો, પણ હું તને ઘણો વધારીશ...તું ઘણી દેશજાતિઓનો પૂર્વજ થશે...કેમ કે મેં તને ઘણી દેશજાતિઓનો પૂર્વજ કર્યો છે. અને હું તને અતિશય સફળ કરીશ, ને તારાથી હું દેશજાતિઓને પેદા કરીશ, ને તારામાંથી રાજાઓ ઉત્પન્ન થશે" (ઉત્પત્તિ ૧૭ : ૧–૭). એમ પ્રભુ આબ્રાહમને બતાવે છે કે હું તારી સર્વ જરૂરિયાતોને માટે "એલ-શાદ્દાઈ" (સર્વસમર્થ ઈશ્વર) છું. અહીં "સર્વસમર્થ" કરતાં "સંપૂર્ણપણે પૂરતો" છું, એવો તરજુમો વધારે બંધબેસતો બની રહે.

આ "એલ–શાદ્દાઈ" નામમાં 'ફળવંતતા' અને 'સફળતા'નો અર્થ પણ સમાયેલો છે. ઉત્પત્તિ ૧૭ : ૬ માં આ "એલ–શાદ્દાઈ" (સર્વસમર્થ ઈશ્વર) આબ્રાહમને કહે છે, "હું તને અતિશય સફળ કરીશ." એમ જ ઉત્પત્તિ ૨૮ : ૩ માં પણ એ જ અર્થ છે : "સર્વસમર્થ ઈશ્વર તને આશીર્વાદ દો, ને તને સફળ કરો, ને તને વધારો, કે તારાથી ઘણાં કુળ થાય."

મૂસાને યહોવાએ હોરેબ પર્વત આગળ બળતા ઝાડવામાં દર્શન આપ્યું, અને ઇઝરાયલ લોકોને છોડાવવાનો આદેશ આપ્યો, ત્યારે યહોવાએ પોતાનું નામ "હું છું" જણાવ્યું. એ નામ પણ "એલ–શાદ્દાઈ" નામ સાથે કેટલો સુભગ મેળ જાળવે છે! "હું" અને "છું"ની વચમાં તમે તમારી ગમે તે જરૂરિયાત મૂકી શકો. અને એ ઈશ્વર તમારે માટે સંપૂર્ણપણે પૂરતો બની રહે છે : "હું જીવનની રોટલી છું," "હું ઘેટાંનું બારણું છું," "હું સામર્થ્ય છું,"

"હું સાજાપણું છું," "હું ખરો દ્રાક્ષાવેલો છું," "હું આશ્રય છું." ઇત્યાદિ.

## ૨ "શેકેલ" એટલે શું?

**પ્રશ્ન :** ૧ શમૂએલ ૧૭ : ૪–૭ માં આપેલાં માપ સમજાવશો ?

**જવાબ :** એ કલમોમાં ગોલ્યાથની વાત છે. એનાં માપ આ પ્રમાણે છે : "તેની ઊંચાઈ છ હાથ અને એક વેંત હતી." એક હાથ એટલે દોઢ ફૂટ, અને એક વેંત એટલે ૯ ઇંચ અથવા ૨૩૦ મિલીમિટર, એટલે ગોલ્યાથની કુલ ઊંચાઈ ૯ ફૂટ અને ૯ ઇંચ થાય. "તેણે બખતર પહેરેલું હતું; તે બખતરનું વજન પિત્તળના પાંચ હજાર શેકેલ જેટલું હતું." એટલે ૬૫ કિલોગ્રામ અથવા ત્રણ મણ ઉપર થાય. "તેની બરછીનું ફળ લોઢાના છસો શેકેલ વજન હતું." એટલે લગભગ ૮ કિલોગ્રામ થાય.

## ૩ બિન-બાપ્તિસ્મી બાળકો સ્વર્ગે જશે કે નર્કે ?

**પ્રશ્ન :** સમજણ આવ્યા અગાઉ મરી જતાં બાળકોએ પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હોતો નથી. તો તેઓ મૃત્યુ પછી સ્વર્ગમાં જતાં હશે કે નર્કમાં? બાપ્તિસ્મા પામેલાં બાળકો અને બાપ્તિસ્મા નહિ પામેલાં બાળકો વચ્ચે મૃત્યુ પછી કંઈ તફાવત પડવાનો કે કેમ ? બિન-બાપ્તિસ્મી બાળકો નર્કે જશે, અને બાપ્તિસ્મા પામેલાં બાળકો સ્વર્ગે જશે શું ?

**જવાબ :** બિન-બાપ્તિસ્મી બાળકો નર્કમાં જશે, એ સિદ્ધાંતની ઉત્પત્તિ રોમન કૅથલિક ચર્ચમાં થઈ, અને પછી ઍંગ્લિકન ચર્ચમાં પણ પ્રવેશવા પામી. એટલે જ એ મંડળીઓમાં મરણની અણી પર આવેલાં બાળકોને તાબડતોબ બાપ્તિસ્મા આપી દેવામાં આવે છે. અન્ય મંડળીઓમાં પણ એનો ચેપ લાગ્યો છે. એટલે જ

બાળક મરણપથારીએ હોય ત્યારે 'પ્રીસ્ટ'ને બોલાવીને જલદી જલદી બાપ્તિસ્મા આપી દેવામાં આવે છે.

આ મત બાઇબલના શિક્ષણથી વિરુદ્ધનો અને ક્રૂરમાં ક્રૂર મત છે. સંત ઑગસ્ટીન જેવાએ પણ આવા ક્રૂર મતની તરફદારી કરી હતી. ભલભલા સંતોને પણ શેતાન અમુક અમુક દુર્મતોમાં ખેંચી જતો હોય છે. રેવ. ફાધર ફર્નિસ નામના રોમન કૅથલિક પ્રીસ્ટે આ મતની તરફેણ કરતું "નર્કનો પ્રકાશ" (હેલ્સ લાઇટ) નામનું પુસ્તક લખ્યું છે. એમાં એણે બહુ ભયંકર અને અર્થવિહીન વાતો લખી છે. શેતાનની પ્રેરણાથી જ આવું લખી શકાય.

પ્રભુ ઈસુએ બાળકોનો ઉલ્લેખ કરીને કહ્યું કે, "આકાશનું રાજ એવાંઓનું છે." ભલાભૂંડાની પારખ મનમાં ઊગ્યા પૂર્વે મૃત્યુ પામતાં બાળકો પ્રભુની પાસે 'સ્વર્ગમાં' જાય છે. પ્રભુ ઈસુએ ક્રૂસ પર આપણે માટે જે પ્રાયશ્ચિત્ત કર્યું તેનો સીધેસીધો લાભ આવાં મૃત્યુ પામતાં બાળકોને મળે છે. તેમનામાં નૈતિક ખરાખોટાની જાણકારી હજી ચેતન બની નથી ત્યાં સુધી તેમણે જાતે કોઈ પાપ કર્યું હોતું નથી. આદમથી ઊતરી આવેલું "મૂળ પાપ" અથવા "પાપી સ્વભાવ" તેમનામાં બિન-જાગ્રતાવસ્થામાં હોય છે, પણ પ્રભુ ઈસુના ક્રૂસ પરના ઉદ્ધારક કાર્ય દ્વારા એ "મૂળ પાપ" મૃત્યુ પામતાં બાળકોમાંથી ભૂંસાઈ-ધોવાઈ જાય છે, અને તેઓના શુદ્ધ બનેલા આત્મા પ્રભુ ઈસુની ગોદમાં જાય છે, – ભલે પછી એ બાપ્તિસ્મા પામેલાં હોય કે ન હોય. મંદબુદ્ધિનાં કે ગાંડાં જનમતાં બાળકોની પણ એ જ હકીકત છે. તેઓ પણ પ્રભુ ઈસુના લોહીમાં શુદ્ધ બનીને સ્વર્ગે જાય છે.

આમાંથી બીજો એક પ્રશ્ન ઊભો થાય છે: આવાં મૃત્યુ પામેલાં **નાનાં બાળકો સ્વર્ગમાં સદાય નાનાં જ રહેશે?** એક વર્ષની ઉંમરે મૃત્યુ પામેલું બાળક સ્વર્ગમાં સદાય એક વર્ષની વયના કદનું જ

રહેશે ? કેટલાક એમ માને છે કે આપણે જે ઉંમરે મૃત્યુ પામીશું એ જ વયના કદના સ્વર્ગમાં આપણે રહીશું : બાળક તો બાળક; જુવાન તો જુવાન; વૃદ્ધ તો વૃદ્ધ. ના, આપણે સ્વર્ગમાં પ્રભુની અપરંપાર કૃપાથી પુખ્ત અને ચિરકાલીન યૌવનવાળાં બનીને રહીશું. દૂતોમાં જેમ બાળક હોતાં નથી કે વૃદ્ધો હોતા નથી એવાં, આપણે પરમ અને શાશ્વત યૌવનકાળમાં રહીશું. ત્યાં પ્રવૃત્તિ હશે, સેવાઓ હશે, સંપૂર્ણ જ્ઞાન હશે (૧ કોરીંથી ૧૩ : ૧૨), કૌવત હશે, પવિત્રાઈ હશે, પરમસૌંદર્ય પામેલાં હોઈશું, અને મહિમાવંતાં રહીશું.

ઘણાંબધાંની એક ગેરસમજણ સુધારી લઈએ : ઘણા લોકો માને છે કે બાળકો સ્વર્ગમાં દૂતો બની જશે, અને સંતો પણ દૂતો બની જશે. આ માન્યતા તદ્દન ખોટી છે. દૂતો એ જુદી જ કોટિ છે. દૂતો એ પ્રભુનું જુદા જ પ્રકારનું સર્જન છે. બાઇબલના શિક્ષણ પ્રમાણે આપણે સ્વર્ગમાં મહિમાવંતાં માણસો જ હોઈશું અને રહીશું. બાળપણમાં મૃત્યુ પામેલાં બાળકો પણ ચિરકાલીન યૌવન ધરાવતાં મહિમાવંત માણસો જ બની રહેશે.

## ૪ માનવજાતના ઉત્પત્તિકાળે ભાષા હતી ?

**પ્રશ્ન :** માણસની ઉત્પત્તિ થઈ ત્યારે ભાષા હતી ? જો હતી તો કેવી હતી અને કઈ હતી ? ઉત્પત્તિના પહેલા અધ્યાયમાં આદમને વાત કરતો માણસ બતાવવામાં આવ્યો છે, જ્યારે શાળાઓ અને પાઠશાળાઓમાં તો શીખવવામાં આવે છે કે, આદિ માનવજાત ગુફાવાસી હતી, અને માત્ર ગળામાંથી કાઢેલા વિચિત્ર અવાજોથી વિચારવિનિમય કરતી હતી.

**જવાબ :** હા, શાળા–પાઠશાળામાં એવું શીખવવામાં આવે છે. શરૂઆતમાં ગળાના છૂટક છૂટક અને ટૂંકા ટૂંકા અવાજો કાઢીને

સામા માણસ સાથે તદ્દન સાદા વિચારોની આપલે કરવામાં આવતી હતી. પછી ધીમે ધીમે એ અવાજો સંજ્ઞારૂપ બન્યા. પછી કેટલાંયે સૈકાં પછી છૂટા છૂટા શબ્દોવાળી (isolating) ભાષા અસ્તિત્વમાં આવી. વળી સૈકાંઓ વીત્યા બાદ શબ્દોના જોડાણવાળી મિશ્રભાષા (agglutinative) બની, અને અનેક સૈકાં બાદ વિભક્તિઓ અને પ્રત્યયોના જોડાણવાળી (inflected) ભાષા અસ્તિત્વમાં આવી.

આ દલીલ ડાર્વિનના ઉત્ક્રાંતિવાદની દલીલ છે. ઉત્ક્રાંતિવાદનું શિક્ષણ છે કે દુનિયા આપોઆપ પોતાની મેળે અસ્તિત્વમાં આવી. ઝીણાં જીવજંતુ થયાં, પછી પ્રાણીઓ, પછી એમાંથી વાંદરાં, અને વાંદરાંમાંથી માણસ બન્યું. અને એ આદિ માનવો ગુફાઓમાં રહેતાં, તથા ગળાના તૂટક તૂટક અવાજોથી પોતાને વ્યક્ત કરતાં હતાં. અને એમ યુગો પછી ભાષા અસ્તિત્વમાં આવી.

પણ પુરાવિદ્યા દ્વારા હમણાં હમણાં થયેલાં સંશોધનો, તેમ જ તાજેતરનો ભાષાઓનો ઇતિહાસ એથી ઊલટું જ બતાવે છે. એ બંને વિજ્ઞાનનો પરિપાક એવો છે કે શરૂઆતની મૂળ ભાષા જ વિભક્તિઓ અને પ્રત્યયોના જોડાણવાળી પૂર્ણ ખીલેલી ભાષા હતી. સ્પેનિશ, સંસ્કૃત, હિબ્રૂ, ઇત્યાદિ એના નમૂના છે. એ પછી એનાથી ઊતરતી એવી શબ્દોના જોડાણવાળી મિશ્રભાષા આવી. અંગ્રેજી ભાષા એનો નમૂનો છે. આ બંને પ્રકારની તેમ જ ત્રીજા પ્રકારની છૂટા છૂટા શબ્દોવાળી ( ચાઇનીઝ અને એવી ) ભાષાઓ આજે દુનિયા પર સહઅસ્તિત્વ ધરાવે છે.

જુદા જુદા કાળે પૃથ્વી પર થઈ ગયેલી માણસોની અનેક વસાહતોમાં સુમેરી વસાહત ઘણી જૂની ગણાય છે, – લગભગ શરૂઆતની. ઈંગ્લાંડના સર લેનર્ડ વુલીએ ખાલદીઓના પ્રદેશમાં (યુફ્રેતિસ નદી પાસેના આજના ઇરાક વિસ્તાર પાસે) પુરાવિદ્યા સંશોધનનું

ખોદકામ કર્યું. અનેક વસાહતોના અવશેષો ખોદતાં ખોદતાં છેક નીચે સુમેરી સંસ્કૃતિના અવશેષો મળ્યા. એમાં કોઈ સુમેરી શુબાદ-સુંદરીની કબરનાં ખોદકામ થયાં. એ ખોદકામના અવશેષો તપાસતાં માલૂમ પડ્યું કે એમની ભાષા ખૂબ ચડિયાતી અને વિભક્તિઓ તથા પ્રત્યયોના જોડાણવાળી, સૂક્ષ્મતમ વિચારોની આપલે માટે અનુકૂળ એવી ભાષા હતી. પુરાવિદ્યાનો અભ્યાસ અને ભાષાનો ઇતિહાસ આ વાતને ટેકો આપે છે.

સંસ્કૃતિમાંથી પીછેહઠ કરીને માણસ અનેક વાર ગુફાવાસી બન્યો છે, અને ભાષામાં પણ અનેક વાર પીછેહઠ કરી છે. બાઇબલ તો ઉત્પત્તિના પહેલા અધ્યાયથી જ આ વાતની સાક્ષી પૂરે છે. પ્રભુએ આદમને બનાવ્યો ત્યારે તે ગુફાવાસી માણસની જેમ ગળાના તૂટક તૂટક અવાજો દ્વારા પોતાને વ્યક્ત નહોતો કરતો, પણ એના ઉત્પન્નકર્તા પ્રભુએ આ પરમસંસ્કૃતિવાન આદમને સુંદર ભાષા પણ આપી હતી. એ ભાષા દ્વારા જ આદમે અનેક પ્રાણીઓ અને જીવોની ખાસિયતો પ્રમાણે તેમનાં નામ પાડ્યાં (ઉત્પત્તિ ૨ : ૧૯). એ જ ભાષા દ્વારા, હવાને પ્રથમ જ જોઈને આદમ કાવ્યમય ભાષામાં બોલી ઊઠ્યો : " આ મારાં હાડકાંમાંનું હાડકું ને મારા માંસમાંનું માંસ છે " (ઉત્પત્તિ ૨ : ૨૩).

શરૂઆતની એ ભાષા ખૂબ સમૃદ્ધ હોવી જોઈએ. પ્રભુએ જ આદમના મગજમાં અને મુખમાં એ ભાષા મૂકી હતી. આદમ અને હવાની એકબીજાની સાથેની વાતો પણ એ જ ભાષામાં થતી હશે. આદમે જાતે વિચારી–યોજી કાઢેલી આ ભાષા નહોતી, પણ ખુદ ઇશ્વરે જ એ ભાષા આદમને અને એ પછીનાં માનવીઓને બક્ષી. આદમ અને હવા પરમેશ્વરની સાથે એ જ ભાષામાં વાત કરતાં હશે. એ ભાષા કઈ હશે તે આપણે નક્કી કહી શકીએ તેમ નથી. કેટલાક

એમ માને છે કે એ હિબ્રૂ ભાષા હશે. ખબર નહિ. બાબેલના બુરજ પછી એ ભાષા પલટાઈ, અને અનેક ભાષાઓ અસ્તિત્વમાં આવી.

સ્વર્ગમાં કઈ ભાષા હશે? ખબર નહિ. અંગ્રેજી બોલનારા, ચીની, જાપાની, હિંદી, ગુજરાતી, આફ્રિકી, અરબી, તુર્કી, લિબાની, હિબ્રૂ, ગ્રીક, – અને એવી અનેક ભાષા બોલનારા સ્વર્ગમાં ભેગા થશે ત્યારે પ્રભુની સાથે, દૂતોની સાથે અને એકબીજાની સાથે વાત કરવા – વ્યક્ત કરવા – કેવી ભાષા વાપરશે? પેલા કવિએ ગાયું કે, —

"જ્યારે આ બોબડી જબાન કબરમાં છાની થાય,
ત્યારે આકાશમાં કરીશ ગાન ને નમીશ તારે પાય."

તો શું આ માંસની જીભ ત્યાં બંધ થશે? – અને બીજી જ કોઈ રીતે આપણે આપણને પોતાને વ્યક્ત કરીશું, અને સ્તુતિ કરીશું? ગમે તે હોય, એ વ્યક્ત કરવાનું સાધન સંપૂર્ણ વિકસિત હશે. અને આકાશના અગણિત આવાસો અને દરબાર એ જ અવાજે ગુંજી ઊઠશે.

## ૫. પવિત્ર આત્માનું બાપ્તિસ્મા એટલે શું?

**પ્રશ્ન :** પવિત્ર આત્માનું બાપ્તિસ્મા એટલે શું? પવિત્ર આત્માનું ભરપૂરીપણું શું છે? અન્ય ભાષા એ શું છે? અન્ય ભાષા બોલી શકાય તો જ પવિત્ર આત્મા પામ્યા ગણાય? બીમારો સાજાં થાય એમ કહેવાય છે એ શું? પવિત્ર આત્મા આવે ત્યારે માણસો કણસવાના અવાજો કરે? રડે? માણસોને બીજાઓએ પકડી રાખવા પડે? બાઇબલ આ બધા વિષે શું શીખવે છે?

**જવાબ :** અત્યાર સુધીમાં આ વિષયોને લગતા લગભગ ૪૦–૪૫ જેટલા પત્રો આવ્યા છે. અને બીજાં કેટલાંયે મૌખિક રીતે પૃચ્છા કરી છે. એ બધા પ્રશ્નોનું થોડુંક તારણ કાઢીને ઉપર આપ્યું

છે. અહીં એ બધાંનો સંયુક્ત જવાબ આપવા પ્રયત્ન કરીશ. આટલા બધા પ્રશ્નો અને લંબાણભર્યો ઉત્તર માગી લે તેવો વિષય હોવા છતાં સ્થળસંકોચને કારણે ટૂંકમાં જવાબ આપવા પ્રયત્ન કરીશ.

**આપણી મંડળીઓમાં પવિત્ર આત્મા સંબંધીનું શિક્ષણ નહિવત્ છે.** પુલપીટો પરથી પણ ભાગ્યે જ એ વિષે શિક્ષણ અપાતું હશે. એટલે જ આપણા લોકો કોઈપણ નવતર ઉપદેશક આવે અને પ્રોગ્રામોનો ધમધમાટ થતો હોય ત્યારે પવનથી ઝોલાં ખાતા બરુની જેમ ઝોલાં ખાય છે.

**અન્ય ભાષા શું છે?:** "પચાસમા"ના દિવસે જે પ્રથમ ખ્રિસ્તીઓ એકત્ર મળીને પ્રાર્થના કરતા હતા, તેઓ ઉપર પવિત્ર આત્મા ઊતર્યો, અને તેઓ 'અન્ય ભાષાઓ'માં બોલવા લાગ્યા. માણસ અગાઉ શીખ્યો ન હોય કે જાણતો ન હોય તેવી ભાષામાં ઓચિંતો બોલે 'તે અન્ય ભાષા' બોલ્યો ગણાય. પ્રેરિતોનાં કૃત્યો ૨ : ૬ અને ૧૧ માં આમ આપ્યું છે : "...અને દંગ થઈ ગયા, કેમ કે તેઓમાંના (સાંભળનારાઓમાંના) દરેકે **પોતપોતાની ભાષામાં તેઓને બોલતાં સાંભળ્યા**"..."**આપણી પોતપોતાની ભાષાઓમાં** દેવનાં મોટાં કામો વિષે તેઓને બોલતાં સાંભળીએ છીએ." દુનિયામાં કોઈ માનવીજૂથે કોઈપણ જમાનામાં કદી વાપરી ન હોય અને અસ્તિત્વમાં ન હોય એવી સંજ્ઞાઓ યા અવાજોને 'અન્ય ભાષા' ગણી શકાય નહિ. કોઈ માણસ અસાવધ અવસ્થામાં ગળામાંથી ગમે તેવા અવાજો કાઢે એને 'અન્ય ભાષા' બોલ્યા ન ગણી શકાય.

**અન્ય ભાષામાં બોલવું તે અખ્રિસ્તીઓ માટે ચિહ્ન (નિશાની) તરીકે છે:** "એ માટે ભાષાઓ વિશ્વાસીઓને નહિ, પણ અવિશ્વાસીઓને ચિહ્નરૂપ છે" (૧ કોરીંથી ૧૪ : ૨૨). પચાસમાને

દિવસે ભેગા મળેલા ખ્રિસ્તીઓ જુદી જુદી ભાષાઓમાં બોલવા લાગ્યા, ત્યારે દુનિયાના અનેક દેશોમાંથી યરૂશાલેમમાં એકઠા મળેલા યહૂદીઓ એ સાંભળીને દંગ થઈ ગયા. ઈશ્વરે કંઈક નવતર કર્યું છે, અને કંઈક નવતર કહેવા માગે છે (સુવાર્તા) એનું ચિહ્ન તેઓએ આમાં જોયું. અને પાછળથી તેઓમાંથી ત્રણ હજાર આત્માઓ મંડળીમાં એક-સામટા ઉમેરાયા. આ ખ્રિસ્તીઓ 'પવિત્ર આત્મા' અથવા 'પ્રભુનો આત્મા' પામ્યા છે, એનું 'ચિહ્ન' સાંભળનારા અખ્રિસ્તીઓએ જોયું – અનુભવ્યું, અને ખાતરી પામ્યા.

પ્રેરિતોનાં કૃત્યોમાં પચાસમાના પ્રસંગ સિવાય બીજા બે પ્રસંગે અન્ય ભાષાઓ બોલાતી નોંધવામાં આવી છે: (૧) કાઇસારિયામાં વિધર્મી કરનેલ્યસને ત્યાં (પ્રે. કૃ. ૧૫ : ૮); અને (૨) એફેસસમાં (પ્રે. કૃ. ૧૯ : ૧–૭). એ પ્રસંગોએ પણ અન્ય ભાષા અખ્રિસ્તીઓ માટે ચિહ્નરૂપ બની છે.

ખ્રિસ્તી લોકોની સભામાં 'અન્ય ભાષાઓ' બોલવાનો કોઈ અર્થ નથી. એટલે જ પાઉલ 'ભાષા' પર ભાર મૂકતો નથી (૧ કોરીંથી ૧૪ : ૫–૧૧). પાઉલ કહે છે, "એમ જ તમે પણ જો જીભ વડે સહજ સમજી શકાય એવા શબ્દો ન બોલો, તો બોલેલી વાત કેવી રીતે સમજાય? કેમ કે એમ કરવાથી તમે હવામાં બોલનારા [જેવા] થશો." (કલમ ૯).

**પાઉલે કોરીંથીઓની મંડળીને અન્ય ભાષા બોલવા અંગે આપેલા નિયમો:** (૧) સભા દરમિયાન બે કે ત્રણ જણ (અન્ય ભાષામાં) બોલે, વધુ નહિ. (પેન્ટેકોસ્ટલ જૂથોની સભામાં તો અન્ય ભાષાઓ બોલનારાંનો ઘોંઘાટ હોય છે.) (૨) વારાફરતી બોલે. (પેન્ટેકોસ્ટલ જૂથોની સભાઓમાં અવ્યવસ્થા પ્રવર્તતી હોય છે.) (૩) કોઈ અન્ય ભાષા બોલે તો બીજાએ

તેનો તરજુમો કરવો જોઈએ. જો તરજુમો કરનાર ન હોય તો મંડળીમાં ચૂપ રહેવું ઘટે. (પેન્ટેકોસ્ટલ જૂથ મિટિંગમાં અન્ય ભાષા અનેક જણ બોલે છે, પણ કોઈ જ તરજુમો કરતું હોતું નથી.) (૪) સ્ત્રીઓ મંડળીમાં શાંત રહે. (૫) બધું વ્યવસ્થિત અને શોભતી રીતે કરવું. પેન્ટેકોસ્ટલ સભામાં અવ્યવસ્થા અને ઘોંઘાટ હોય છે. ('પેન્ટેકોસ્ટલ' શબ્દ વાપરું છું, ત્યારે માત્ર બંધારણીય રીતે જે પેન્ટેકોસ્ટલ મંડળીઓ છે તેમની જ વાત કરતો નથી, પણ અન્ય વ્યવસ્થિત મંડળીઓમાં પેન્ટેકોસ્ટલ વિચારસરણીવાળાં જૂથ ઘૂસેલાં છે તેમની પણ વાત કરું છું.)

કોઈપણ માણસ 'અન્ય ભાષા' બોલે તો જ એ પવિત્ર આત્મા પામ્યો છે એમ ગણાય, એવું પેન્ટેકોસ્ટલ લોકો કહે છે. જો કોઈ માણસ 'અન્ય ભાષા' ન બોલે તો તે પવિત્ર આત્મા પામ્યો નથી, એવું પેન્ટેકોસ્ટલ લોકો માને છે. એ માન્યતા બાઇબલ પ્રમાણે નથી. પવિત્ર આત્માનાં અનેક દાનો છે. 'ભાષા' એમાંનું એક દાન છે. તો શા માટે એક જ દાનને પવિત્ર આત્મા મળ્યાની સાબિતી ગણવી, અને અન્ય દાનોને અવગણવાં?

**પવિત્ર આત્મા પામ્યા છતાં કદી અન્ય ભાષા બોલ્યા ન હોય એવા લોકો :** પ્રભુ ઈસુ પવિત્ર આત્માથી ભરપૂર હતા, પણ તેઓ અન્ય ભાષા બોલ્યા એવું ક્યાંયે જણાવ્યું નથી (લૂક ૪ : ૧, ૧૪,૧૮. માથ્થી ૩ : ૧૬,૧૭. યશાયા ૧૧ : ૨. કોલોસી ૧ : ૧૯. ૨ : ૯). યોહાન બાપ્તિસ્ત આત્માથી ભરપૂર છતાં અન્ય ભાષા બોલ્યો નથી (લૂક ૧ : ૧૫). એમ જ પ્રભુ ઈસુની મા મરિયમ, યોહાનના પિતા ઝખાર્યા અને માતા એલિસાબેત, – તેઓ આત્માથી ભરપૂર હતાં, પણ અન્ય ભાષા બોલ્યાં નથી (લૂક ૧ : ૩૪–૩૬. માથ્થી ૧ : ૧૮. લૂક ૧ : ૬૭–૬૯, ૪૧–૪૫). એવું જ સિમયોનનું (લૂક ૨ : ૨૫–૩૩).

નીચે જણાવેલા બધા સંતો અને સેવકો પવિત્ર આત્માથી ભરપૂર હતા, પણ તેમાંથી કોઈ 'અન્ય ભાષા' બોલતું નહોતું. એટલે શું પેન્ટેકોસ્ટલ લોકોના મત પ્રમાણે એમ સમજવું કે આ સંતો અને સેવકો આત્મા પામ્યા નહોતા ? દા. ત. સુવાર્તાપ્રચારનાં પરાક્રમી કામો કરનારા અને ભયંકર સતાવણી વેઠનારા મોરેવિયન ખ્રિસ્તીઓ – અને તેમાંયે જોન હસ (શહીદ) અને ઝીન્ઝેન્ડોર્ફ, માર્ટીન લ્યુથર, જોન કેલ્વિન, જ્યોર્જ ફૉક્સ, જોન વેસ્લી, ચાર્લ્સ વેસ્લી, જોન નૉક્સ, ચાર્લ્સ ફીની, ડી. એલ. મુડી, સી. જે. સ્પર્જન, બિલી સન્ડે, બિલી ગ્રે, જોન બન્યન, જ્યોર્જ મ્યુલર, એફ. બી. મેયર, જી. કેમ્પબેલ મોર્ગન, હેનરી આયર્નસાઇડ, સી. આઈ. સ્કોફિલ્ડ, ઓસ્વાલ્ડ જે. સ્મીથ, ડેવિડ બ્રેઇનર્ડ, એ. ડબ્લ્યુ. ટોઝર, હાન્ના મોર, રૂથ પેકસન, હડસન ટેલર, સી. ટી. સ્ટડ, વિલ્યમ કેરી, આલેકઝાન્ડર ડફ, પંજાબના પ્રાર્થનાપરાયણ હાઇડ, ડેવિડ લિવિંગ્સ્ટન, ફ્રાન્સેસ હેવરગલ, ફેની ક્રોસ્બી, હોરેશ્યસ બોનાર, એ. બી. સિમ્પ્સન, જોન સન્ગ, બ્રધર વોચમેન ની, રીચર્ડ વર્મબ્રાન્ડ, સાધુ સુંદરસિંગ, બિલી ગ્રેહમ, બ્રધર બક્તસિંગ, ચંદ્રલીલા, પંડિતા રમાબાઈ, અને બીજા અનેક સંતોનાં નામ ઉમેરી શકાય. એ બધાં પવિત્ર આત્માથી ભરપૂર હતાં, અને પ્રભુને માટે પરાક્રમી કામો કર્યાં હતાં. પણ તેમાંનું કોઈપણ 'અન્ય ભાષા' બોલનાર નહોતું. બ્રધર બક્તસિંગ તો કહે છે કે, એસેમ્બ્લીઓ (મંડળીઓ) માટે ઈશ્વરની ઇચ્છા નથી કે તેઓ 'અન્ય ભાષા' બોલે. સુવાર્તિક જોર્ડન ખાન (ગુજરાતમાં અનેક વાર આવેલા છે) તેઓ પણ 'અન્ય ભાષાઓ' બોલવાની સખ્ત વિરુદ્ધ છે. 'અન્ય ભાષા' બોલે તો જ પવિત્ર આત્મા આવ્યો ગણાય, એ માન્યતા બાઇબલના શિક્ષણની વિરુદ્ધની અને જૂઠી છે.

**પવિત્ર આત્માનું બાપ્તિસ્મા – અને પવિત્ર આત્માથી ભરપૂર થવું :** પેન્ટેકૉસ્ટલ લોકો બાઇબલની અમુક કલમોને મચરડીને

અવળો અર્થ કાઢે છે. અને કેટલાંક શબ્દજૂથોનું તેઓ પોતાની ઇચ્છા પ્રમાણે અર્થઘટન કરે છે.

તેઓ પવિત્ર આત્માના બાપ્તિસ્માને તથા ભરપૂરીપણાને એક જ ગણે છે. માણસનો નવો જન્મ પ્રથમ થાય એ પછી પવિત્ર આત્માનું બાપ્તિસ્મા બીજા તબક્કે થાય એવું તેઓ શીખવે છે. માણસ પવિત્ર આત્માથી ભરપૂર બને એને તેઓ પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પામ્યા ગણે છે. અને એ પામ્યાની ખાતરી અન્ય ભાષા બોલવી તે ગણે છે. પણ આ તેમની માન્યતા બાઇબલપ્રમાણિત નથી. બાઇબલ તો શીખવે છે કે માણસના 'બદલાણ' યા 'નવા જન્મ' (ઉપરથી જન્મ) સમયે જ તે પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પામે છે, નવા જન્મ સમયે જ પવિત્ર આત્મા અથવા ખ્રિસ્તનો આત્મા માણસના હૃદયમાં વાસ કરે છે, તેને દોરે છે, ચલાવે છે, અને ખ્રિસ્ત સંબંધી શીખવે છે. (એ માટે જુઓ યોહાન ૩ : ૩,૫,૭ **આત્માથી** જનમવું. વળી ૩ : ૧૬ અનંતજીવન દ્વારા એની ખાતરી આપે છે.) એ માણસ **આત્માથી** જન્મેલું અને આત્માથી દોરવાતું છે. વળી ૧ કોરીંથી ૧૨ : ૧૩ શીખવે છે : "કેમ કે યહૂદી કે ગ્રીક, દાસ કે સ્વતંત્ર, આપણે સર્વે **એક આત્માથી બાપ્તિસ્મા પામીને** એક શરીરરૂપ બન્યા; અને આપણ સર્વને એક આત્માનું પાન કરાવવામાં આવ્યું છે." 'નવો જન્મ' અથવા 'ઉપરથી જન્મ' એ જ પવિત્ર આત્માથી થયેલો જન્મ છે. અને પ્રત્યેક નવો જન્મ પામેલામાં 'દેવનો આત્મા' યા પવિત્ર આત્મા વસેલો હોય છે (જુઓ રોમન ૮ : ૯). પેન્ટેકૉસ્ટલો આ બધી કલમોને મચરડીને તેમને મનગમતો અર્થ તારવતા હોય છે.

પવિત્ર આત્માથી ભરપૂર બનવું એ નવા જન્મ પ્રસંગે પણ અનુભવી શકાય, અને પાછળથી પણ અનુભવી શકાય. વળી એ

માત્ર એક જ વખતનો અનુભવ નથી, પરંતુ વારંવાર ભરપૂર બની શકાય. પણ 'ભાષા' બોલ્યાથી એની ખાતરી મનાતી નથી, પણ આ પ્રસંગે જે સામર્થ્ય મળે છે, અને જે પરાક્રમી કામો એ દ્વારા થાય છે તેથી જ એનો અનુભવ થાય છે. ધ્રુજારી આવવી, અમુક શબ્દોનું રટણ કર્યા કરવું, મૂર્છા અનુભવવી – એ બધાં પવિત્ર આત્મા મળ્યાનાં ચિહ્નો બાઇબલ આધારે નથી. (પવિત્ર આત્મા પામ્યાની ખાતરી અંગે જુઓ ગલાતી ૪ : ૬. રોમન ૮ : ૬. ૧ કોરીંથી ૨ : ૧૨. રોમન ૫:૫. ૨ કોરીંથી ૧ : ૨૧,૨૨. ગલાતી ૫ : ૨૨,૨૩. ૧ યોહાન ૪ : ૧૨,૧૩).

નવો જન્મ પામેલી વ્યક્તિ પવિત્ર આત્માથી મુદ્રાંકિત બને છે, અને એ આપણને આપવામાં આવેલો આત્મા "આપણું બાનું છે" (એફેસી ૧ : ૧૩). પ્રે. કૃ. ૧ : ૫ માં "પણ થોડા દિવસ પછી તમે પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામશો," એનો અર્થ એ જ છે કે, હજી સુધી પ્રભુ ઈસુ સ્વર્ગે ચડયા નહોતા, અને પવિત્ર આત્મા ઉપરથી મોકલી દેવામાં આવ્યો નહોતો. પચાસમાને દિવસે જ મંડળીનો જન્મ થયો, વિશ્વાસ કરનારા ખ્રિસ્તી મંડળીનાં અંગ બન્યા, અને તેઓ પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પામ્યા. એ પછી જે જે વ્યક્તિ પ્રભુ ઈસુ પાસે આવે છે, તેનો સ્વીકાર કરે છે, તે તે વ્યક્તિના હૃદયમાં પવિત્ર આત્મા વાસો કરે છે, અને તે પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પામે છે. "બાપ્તિસ્મા એક, પણ ભરપૂરીપણાના અનુભવ અનેક" એ બરાબર કહેવાયું છે.

**પવિત્ર આત્મા ઊતરે માટે "વાટ જોતા રહેવું" અને "થોભવું"** એવું પેન્ટેકોસ્ટલો શીખવે છે. તેઓ પ્રે. કૃ. ૧ : ૪ ને આગળ ધરે છે. પણ એવું શિક્ષણ બાઇબલ પ્રમાણેનું નથી. પ્રભુ ઈસુએ પોતાના શિષ્યોને રાહ જોવા તથા થોભવા કહેલું એ ખરું, પણ સનાતન પ્રભુ પરમેશ્વરની સનાતન યોજનામાં આ એક જ

પચાસમો દિવસ અગાઉથી (જુઓ લેવીય ૨૩ : ૧૫-૧૭) મુકરર કરવામાં આવ્યો હતો. એ દિવસે પવિત્ર આત્મા આવવાનો હતો, અને મંડળીનો જન્મ થવાનો હતો. એ દિવસની રાહ જોવાની હતી. એ જ દિવસે મંડળી સ્થપાઈ, અને મંડળીને બાંધનાર પવિત્ર આત્મા પણ ઊતર્યો.

હવે પછી પવિત્ર આત્મા પામવા કોઈએ **"રાહ જોવાની,"** કે **"થોભવાનું,"** કે એને માટે **"માગણી કરવાની" નથી.** પવિત્ર આત્મા મંડળી મધ્યે મોકલી દેવામાં આવ્યો છે. પ્રભુ ઈસુએ કહ્યું હતું : "હું બાપને વિનંતી કરીશ, ને તે તમને બીજો સંબોધક તમારી પાસે **સદા રહેવા માટે** આપશે...... કેમ કે તે તમારી સાથે રહે છે, અને **તમારામાં વાસો કરશે**" (યોહાન ૧૪ : ૧૬, ૧૭). આમ, પવિત્ર આત્મા પ્રભુના પુનરાગમન સુધી મંડળીમાં જ રહેનાર છે; ઉપરથી હવે ઊતરવાનો નથી. પ્રભુ ઈસુનો અંગીકાર કરનારને પવિત્ર આત્મા આપોઆપ મળે છે, અને એ પછી ઊણપ વરતાતાં સમયે સમયે "ભરપૂરીપણું" પણ પ્રાપ્ત થાય છે. પચાસમા દિવસ પછી 'રાહ જોવાની,' 'થોભવાનું,' કે 'વિનંતીઓ કરવાનું' ક્યાંયે કહેવાયું નથી.

**પેન્ટેકોસ્ટલ માન્યતાનો ઇતિહાસ, ખાસિયતો અને પ્રવૃત્તિ :** નવા કરારમાં 'અન્ય ભાષાઓ' બોલાયાના ત્રણ પ્રસંગ નોંધ્યા છે : પ્રે. કૃ. ૨ : ૧-૧૩. ૧૦ : ૪૪-૪૬ અને ૧૯ : ૧-૭. વળી કોરીંથની મંડળીમાં અન્ય ભાષા બોલાતી દર્શાવવામાં આવી છે. કોરીંથની મંડળી મોટે ભાગે ગ્રીકોની બનેલી હતી. ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યા પહેલાંના એમના ધર્મ 'મિથ્રા' તેમ જ એવા ગૂઢાર્થ મર્મવાદી ધર્મોમાં પણ સમાધિસ્વરૂપમાં ઈશ્વરમાં વિલીન બની જતાં ગળાના કોઈ અવનવા અવાજો દ્વારા ઈશ્વર સાથેની ગૂઢ તાદાત્મ્ય

સ્થિતિ દર્શાવાતી હતી. કોરીંથીઓ ખ્રિસ્તી બન્યા પછી પણ એ ચાલુ રહેલું. ભારતમાં અનેક ધર્મોમાં આ સ્થિતિ અનુભવાય છે, જે વિષે આપણે પાછળથી જોઈશું. એટલે જ પાઉલ 'અન્ય ભાષા'ના વપરાશ પર કાબૂ મૂકતાં લખે છે: ...મંડળીમાં 'અન્ય ભાષા'માં દશ હજાર શબ્દો બોલવા કરતાં બીજાઓને પણ શીખવવાને પાંચ શબ્દ પોતાની સમજશક્તિથી બોલવાનું હું વધારે પસંદ કરું છું" (૧ કોરીંથી ૧૪:૧૯).

એ પહેલી સદીની મંડળી પછીનાં ૧૯ સૈકાંમાં મંડળીના ઇતિહાસમાં ક્યાંયે 'અન્ય ભાષા' બોલાયાનો કે વપરાયાનો કોઈ ઉલ્લેખ યા નોંધ નથી. ધર્મપિતૃઓનાં લખાણોમાં પણ અન્ય ભાષા બોલાયાનો અણસાર નથી. આ આપણી વીસમી સદીની શરૂઆતમાં અમેરિકાના કેલિફોર્નિયા સ્ટેટમાં આ 'અન્ય ભાષાઓ'ની ચળવળ શરૂ થઈ, અને પછી આખા અમેરિકામાં ફેલાઈ ગઈ. અને હવે તો દુનિયાભરમાં ફેલાવા લાગી છે. એ બધાં મંડળો 'પેન્ટેકોસ્ટલ' ગણાય છે. એમનામાં પણ મતમતાંતરો હોઈને લગભગ ૫૦ થી ૬૦ જેટલા પેન્ટેકોસ્ટલ સંપ્રદાયો છે. હજી પણ અમેરિકનોનાં ટોળાં જગતના બીજા ભાગોમાં પેન્ટેકોસ્ટલ માન્યતાઓ ફેલાવવા માટે નીકળી પડે છે. આકર્ષક ગીતો, વાજિંત્રો, ઢોલ, પડઘમ, ભવ્ય જાહેરાતો, માંદાંઓને સાજાપણાનાં આકર્ષણ અને નવતર આકર્ષક પ્રયોગો જેવા કે ઈસુને ક્રૂસે જડવાનું નાટક, અને એવાં અનેક આકર્ષણો સાથે તેઓ નીકળી પડે છે. હવે એ જૂથોએ બીજી મંડળીઓમાં પણ આ કે બીજા પ્રકારે પગપેસારો કરવા માંડયો છે.

એ લોકો આકર્ષક જાહેરાતો, વક્તાઓના અને સંસ્થાઓના ફોટા, આકર્ષક વાજિંત્રો અને સંગીત, સાજાપણા પર વધુ પડતો ભાર, મોટી રકમો ગમે તે આહ્વાનો દ્વારા ઊભી કરવી, પ્રમાણપત્રો,

માનવમહિમા (માનપાન) ની અરસપરસ લહાણી, અને એવી એવી બાબતો ઉપર ભાર મૂકે છે. અમુક શબ્દોનું (દક્ષિણ ભારતમાં "સ્તોત્રમ," ઉત્તર તરફ "હાલેલૂયા," "સ્તુતિનું") સતત રટણ એ જાતની માનસિક સ્થિતિ ઊભી કરવા કરે છે. ઘેરું વાતાવરણ ઊભું કરવા અમુક અમુક વ્યક્તિઓને અગાઉથી તૈયાર કરી રાખે છે. અને તેઓ અમુક ચોક્કસ સમયે અમુક રીતે ટોળામાં માનસિક વાતાવરણ ઊભું કરે છે. જેમ તાજિયાના સમયે 'દુલ્લાહ, દુલ્લાહ' પોકારતાં તેઓ ભાનભૂલ્યા બની જાય છે, અને સમાધિસ્વરૂપમાં ઊતરી પડે છે તેમ, અથવા 'માતા ચઢે' ત્યારે ધૂણતાં ઝનૂન અને આવેશમાં અમુક માનસિક વાતાવરણમાં પ્રવેશે તેવું જ.

એ પછી લોકો રડવા લાગે, ધ્રૂજવા માંડે, ચીસો પાડે, અને અસાવધપણામાં ગળામાંથી અમુક વિચિત્ર અવાજો કાઢે, પડી જાય, મૂર્છા પામે, આ બધાંને પવિત્ર આત્મા ઊતર્યો ગણવામાં આવે છે. કેટલાકને તો એવી ધ્રુજારી આવે છે કે તેમને બીજાઓએ પકડી રાખવા પડે છે. આ બધાં ખરેખર પવિત્ર આત્મા ઊતર્યાનાં ચિહ્નો નથી, પણ માનસિક તંગ પરિસ્થિતિ, ઘેલછા અને માનસિક ઝનૂનને કારણે એવું થાય છે, અથવા માનસિક નબળાઈને કારણે, માનસશાસ્ત્ર જેને સૂચનો અને સ્વસૂચનો (suggestions and autosuggestions) કહે છે તેનાં પરિણામો હોય છે. અમુક માનસિક વાતાવરણમાં ગળાની સ્વરપેટી પરનો કાબૂ ઊઠી જાય છે, અને ગળું તથા જીભ અભાનપણે અવનવા પ્રકારના અવાજો કરે છે. એને 'અન્ય ભાષા' બોલ્યા માનવામાં આવે છે. કોઈ હિંદુને 'માતા આવે' એવું જ.

હું અંગ્રેજી ત્રીજું ધોરણ વડોદરામાં ભણતો હતો, ત્યારે (૧૯૨૯ માં) હોસ્ટેલમાં, હાઈસ્કૂલમાં તેમ જ વડોદરાના ખ્રિસ્તી સમાજમાં "આત્મા આવ્યો હતો." ત્યારે પણ બધે આ જાતનું માનસિક

વાતાવરણ હતું. લગભગ ચાર મહિના સુધી આવું વાતાવરણ રહેલું. લોકોને 'દૂતો' દેખાતા હતા, કેટલાકને દેવળની ટોચ પર ૧૦૦ દૂતો બેઠેલા દેખાતા હતા. કોઈ કોઈ નમેલા નમેલા ચાલતા હતા. એક મુરબ્બી શિક્ષકે તો આંખો બંધ કરી દીધી હતી, અને કહેતા હતા કે, પ્રભુએ મને ગાંધીજીને મળવા જવા કહ્યું છે. કોઈ તેમને અમદાવાદ ગાંધીજી પાસે લઈ ગયા. ગાંધીજીએ કહ્યું કે, "કોઈ ગાંડો માણસ આવ્યો છે." આ બધા વિષે તે સમયે મેં એક હસ્ત-લિખિત પુસ્તિકા લખી હતી. આવા કેટલાક આત્મા પામેલાઓમાં એ જ સમયે પાપ રાજ કરતું હતું, જે પાછળથી છતું થયું.

જબલપુરમાં સેમિનરીકાળના મારા બીજા વર્ષમાં (૧૯૩૪ માં) સાધુ જીવરત્નમ્ આવ્યા હતા. તેઓ માંદાંને સાજા કરતા હતા, ભૂતો કાઢતા હતા. એ બધાંનો અભ્યાસ કરવા એ આઠેય દિવસની સભાઓમાં સવાર–સાંજ ત્રણ ત્રણ કલાકો હું જતો હતો. અમેરિકાના પ્રથમ ત્રણ વર્ષના વસવાટ વખતે પણ (૧૯૫૧–૫૪ સુધી) ઘણાં-બધાં પેન્ટેકૉસ્ટલ જૂથોની સભાઓમાં જોવા માટે વારંવાર ગયો હતો. ત્યાં પણ ઉપર જણાવ્યું તેવું જ જોવા મળ્યું હતું. શિકાગોની એક પેન્ટેકૉસ્ટલ મંડળીની રાત્રી–સભાઓમાં હું દશ–બાર રવિવારોએ ગયો હતો. સભા વખતે ડઝન જેટલી નર્સો મંદિરમાં તૈયાર રાખવામાં આવતી. કારણ, લગભગ દર રવિવારે ચાર–પાંચ માણસો ગબડી પડતાં.

નડિયાદમાં (૧૯૪૩–૪૪ ના અરસામાં) પેન્ટેકૉસ્ટલ સભાઓ ચાલતી હતી, એમાં પણ હું નિયમિત જતો હતો. મોટાં પડઘમ દ્વારા સભા–સરઘસ થતાં હતાં. ગીતો, વાજિંત્રો, તાલીઓ અને ભાષણોથી માનસિક વાતાવરણ ખૂબ સૂરીલું બનતું. ઘણાને "પવિત્ર આત્મા આવતો, અને ભાષાઓ બોલતા." "પવિત્ર આત્મા આવતો" તેઓ

ધ્રૂજતા, ચિચિયારીઓ પાડતા, મ્લાન બનતા, પરસેવો પરસેવો થઈ જતા, અને મૂર્છાવશ થઈને ઢળી પડતા. પવિત્ર આત્મા આવે ત્યારે તો માણસ પ્રફુલ્લ, આનંદિત અને તેજસ્વી બનવો જોઈએ; મ્લાન અને મૂર્છિત ન બનવો જોઈએ. "તેઓ અન્ય ભાષા બોલતા" એમાં કોઈ ભાષા જેવું લાગતું નહિ, પણ ગળાનો કંટ્રોલ ખોઈ બેસેલા અસંબંધિત લવારા અને ચિચિયારીઓ સંભળાતી. મને તો એમાં પવિત્ર આત્માની કામગીરી જેવું કંઈ જ લાગતું નહોતું. હું દિવસોના દિવસ સુધી ઉપવાસ કરતો, રાત્રે તાટ ઓઢી, રાખ ચોળી, આખી રાત પ્રાર્થના કરતો. એવું અનેક રાતોએ કરેલું, પણ પેલા લોકોને થતો 'આત્મા'નો અને 'ભાષા'નો અનુભવ મને થતો નહિ. આખરે મને માલૂમ પડયું કે એ બધાંમાં શેતાન ખૂબ ખૂબ ભાગ ભજવતો હતો. કેટલાક "અન્ય ભાષા બોલનારા અને પવિત્ર આત્મા પામેલા" તો તે સમયે ખાનગીમાં પાપમાં ચાલતા હતા, એ મને જાણવા મળ્યું. પવિત્ર આત્માનું કામ તો નહિવત્ જ થતું મેં જોયું. ફરીથી ત્રણેક વર્ષ ઉપર નડિયાદમાં આવી જ રીતે 'અન્ય ભાષા' બોલવાનો વાવડ આવ્યો હતો.

**શેતાન ફાવી જતો હોય છે:** પેન્ટેકોસ્ટલ જૂથોની 'આત્મા પામવાની' અને 'અન્ય ભાષા બોલવાની' સભાઓમાં શેતાન ઠીક ઠીક ભાગ ભજવી જાય છે. આગળ ઉપર જોઈ ગયા તેમ 'આત્મા પામવાની માગણી' અને 'અન્ય ભાષા બોલવાનો તલસાટ,' બાઇબલોચિત ન હોવાથી એવા સમયમાં શેતાન માનવી મગજોનો કબજો લઈ લે છે, અને પોતાની ધારણાઓ પૂરી કરે છે.

શેતાન અને તેના અપદૂતો અજવાળાના દીકરાનો પૂરેપૂરો સ્વાંગ ધરે છે, અને નકલ કરે છે. ઈશ્વરનાં કામોની શેતાન નકલ (બનાવટ) કરે છે. ઈશ્વરના ત્રૈકપણાની, તેના ચમત્કારોની, તેની કામગીરીની,

આત્મા પામ્યાની શેતાન આબેહૂબ નકલ કરે છે. (મૂસાના ચમત્કારોની નકલ શેતાનના શાગિર્દો – જાદુગરોએ કરી તેમ જ.) એટલે પાઉલ ૨ કોરીંથી ૧૧ : ૪ માં ચેતવણીનો સૂર કાઢે છે. તેમ જ સંત યોહાન ૧ યોહાન ૪ : ૧ માં ચેતવે છે : "વહાલાંઓ, **દરેક આત્મા** પર વિશ્વાસ ન રાખો, **પણ આત્માઓ દેવ પાસેથી છે કે નહિ એ વિષે તેઓને પારખી જુઓ."** ધ્રુજારી લાવે, ચિચિયારીઓ પડાવે, અમુક શબ્દોની જ રટણા કરાવે, મ્લાન બનાવે, મૂર્છા લાવે, ઇત્યાદિ ચિહ્નો એ પવિત્ર આત્માનાં એંધાણ નહિ, પણ શેતાનના ભુલામણમાં નાખનારા આત્માઓનાં એંધાણ છે. જાણે ઇશ્વરનાં જ કામો હોય એવી ભ્રમણા લોકોનાં મનોમાં ઉત્પન્ન કરીને શેતાન ઘણાંને ભમાવશે. ઘણીબધી વખત અન્ય ભાષાઓ બોલવાની હિલચાલ શેતાનિક બળોની માયાજાળ હોય છે. શેતાન તેઓનાં મનો અને મોંનો કબજો લે છે. પ્રભુના એક ભારતીય મોટા સેવક જેમણે ભાઈ બક્તસિંગ સાથે મળીને ખૂબ સેવા આપી હતી, એ બ્રધર જોર્ડન સી. ખાને ૧૯૭૭ માં પ્રગટ કરેલી પોતાની પુસ્તિકા – "Filled with the Holy Spirit" – (કી. રૂા. ૨. મારી પાસેથી મેળવી શકશો. ગોસ્પલ લિટરેચર સર્વિસનું પ્રકાશન છે, અને મિસિસ ડર્હામે એનું આમુખ લખ્યું છે.) એમાં શેતાન દ્વારા અન્ય ભાષાઓ બોલતી અનેક વ્યક્તિઓના વિસ્તારથી દાખલા આપ્યા છે. ખાસ કરીને છેલ્લા પ્રકરણ – The Danger of Getting Another Spirit – માં, આ લેખના વિષયની એમાં ઘણી સામગ્રી આપવામાં આવી છે. એ પુસ્તક વાંચી જવાની મારી સૌને ખાસ ભલામણ છે. વળી પ્રભુના જાણીતા સેવક અને પ્રખ્યાત લેખક હોમર ડન્કનના પુસ્તક – "Fire from Heaven" – માં પણ "અન્ય ભાષા" બોલવા સામે અને "આત્મા પામવા" અંગે ખૂબ ચેતવણીઓ આપવામાં આવી છે. આજથી સાતેક વર્ષ પર ૧૯૭૪ માં સરસપુર (અમદાવાદ) વાળા ભાઈશ્રી

ઈમેન્યુઅલ આઈ. ક્રિસ્ટીએ એની એક નકલ મને આપી હતી, અને તેમાં લખ્યું હતું કે, તેમણે એનું ગુજરાતી કર્યું છે. મેં ગુજરાતી નકલ જોઈ નથી. એ પુસ્તિકા વાંચી જવા મારી ખાસ ભલામણ છે. પાછલા થોડાક સમયમાં પવિત્ર આત્મા અને અન્ય ભાષાઓ અંગે **૧૬** જેટલાં પુસ્તકો, અને વિશ્વાસથી સાજાપણા વિષે **દસેક** પુસ્તકો જોઈ ગયા પછી, અને પ્રાર્થનામાં સમય ગાળ્યા પછી, આ લેખ લખું છું, એ માટે કે મારી સમજ અને મારો બાઇબલ-અભ્યાસ વિવાદાસ્પદ ન હોય, પણ સત્ય શિક્ષણ દેનાર અને માર્ગચલિતોને સત્ય શિક્ષણ આપનાર નીવડે.

**આ છેલ્લા દિવસોમાં શેતાન જોરથી કામ કરે છે:** શેતાનની સર્વ પ્રવૃત્તિઓ આ છેલ્લા સમયોમાં વધુ જોરશોરથી ચાલે છે. શું પ્રભુ ઈસુએ પોતે જ નથી કહ્યું કે, "ને એવા મોટા ચમત્કારો તથા અદ્‌ભુત કૃત્યો કરી દેખાડશે કે જો બની શકે તો પસંદ કરેલાઓને પણ તેઓ ભુલાવશે" (માથ્થી ૨૪ : ૨૪). વળી પ્રકટીકરણ ૧૩ : ૧૩-૧૫ પણ જણાવે છે: "અને તે ( જૂઠો પ્રબોધક ) મોટા ચમત્કારો કરે છે, એટલે સુધી કે તે માણસોની નજર આગળ આકાશમાંથી પૃથ્વી પર અગ્નિ પણ વરસાવે છે. શ્વાપદની સમક્ષ જે ચમત્કારો કરવાનો [અધિકાર] તેને આપવામાં આવ્યો, તેઓ વડે પૃથ્વી ઉપર રહેનારાંઓને તે ભમાવે છે,...અને એને એવું [સામર્થ્ય] આપવામાં આવ્યું કે તે શ્વાપદની મૂર્તિમાં પ્રાણ મૂકે, જેથી તે શ્વાપદની મૂર્તિ બોલે..."

એટલે જ આ છેલ્લા સમયમાં બાઇબલનાં વચનો પ્રમાણે આપણે સૌએ ખૂબ સાવધ બની ચાલવાનું છે, જેથી શેતાનના આત્માઓ આપણને ભુલાવામાં ન નાખે, અને પ્રભુ આપણને દુર્મતોથી દૂર રાખે.

આજે શેતાન અનેક દેશોમાં અને અનેક ઘરોમાં ભમાવી નાખે તેવા ચમત્કારો કરે છે. ભૌતિક વસ્તુઓને આપમેળે ફરતી – ઘૂમતી કરે છે; હજારો માઇલ દૂરની વસ્તુઓને અડકી શકે છે; અને દૂરની વ્યક્તિઓ સાથે વાતચીત કરાવે છે કે પ્રત્યક્ષ હાજર કરે છે; માનવ–શરીરોને છોડીને આત્માઓને દૂર દૂર ઘુમાવે છે; માગેલી-ધારેલી વસ્તુઓને તુરત હાજર કરે છે; અગ્નિની અસરોથી બચાવે છે (ભારતમાં અગ્નિ કે દેવતા ઉપર ચાલનારા કેટલા બધા છે !); માણસ વગર આપોઆપ લખાણ લખાય, – અવાજો સંભળાય; વાજિંત્રો આપોઆપ વાગવા માંડે; પ્રકાશિત વાદળો દેખાય (મદ્રાસ પાસે ભાઈ લૉરી); પ્રકાશિત પદાર્થો દેખાય; બીમારો આપોઆપ સાજા થાય. (ખેરાળાના બાપુનું ફૂંક મારેલું પાણી, લુર્દના સરોવરમાં સાજાપણું, મેસમેરિક અને હિપ્નોટિક સાજાપણું, સાંઈબાવાના ચમત્કારો,) અને એવું છક કરી નાખનારું ઘણું ઘણું શેતાન અત્યારે કરાવી રહ્યો છે. કહેવાતો "આત્મા પામવાનું અને અન્ય ભાષાઓ બોલવાનું" પણ શેતાન અનેક મનુષ્યોમાં આ છેલ્લા સમયોમાં કરાવી રહ્યો છે.

**માંદાંને સાજાપણું :** આ વિષે અત્યારે નથી લખતો, પણ સમય મળ્યે એ સંબંધી પણ બાઇબલ–શિક્ષણ અને શેતાનના પરચા વિષે જોઈશું. માનસિક સાજાપણું, શ્રદ્ધા દ્વારા સાજાપણું, શેતાન તથા અશુદ્ધ આત્માઓ દ્વારા સાજાપણું, અને દૈવી સાજાપણું એ નોખી નોખી બાબતો છે. એક હિંદુ બહેનને ચાર પ્રકારની બીમારી હતી. ગયા એપ્રિલમાં એ હિંદુ બહેન કહેતી હતી કે, "મને માતાજી આવ્યાં, અને મારાં બધાં દર્દ જતાં રહ્યાં." પણ આ બધા વિષે કોઈક વાર જોઈશું. પ્રભુ સહુને સત્ય બાઇબલ–શિક્ષણનું ભાન કરાવો અને સંભાળી રાખો, એ જ પ્રાર્થના.

## ૬ બે રણશિંગડાંનો અર્થ શો છે?

**પ્રશ્ન :** ચારેક મહિના પૂર્વે આપે આપના બોધવચનમાં રણશિંગડાં અને ખ્રિસ્તના પુનરાગમન વચ્ચેના સંબંધ વિષે અછડતો ઉલ્લેખ કરેલો. મહેરબાની કરીને એ વિષે વધુ સમજાવશો તો આભાર.

**જવાબ :** ગણના ૧૦:૧–૮ માં યહોવાએ મૂસાને બે રણશિંગડાં બનાવવાની આજ્ઞા આપી હતી : "યહોવાએ મૂસાને કહ્યું કે, તું પોતાને સારુ રૂપાનાં બે રણશિંગડાં બનાવ. તે ઘડતર કામનાં બનાવ. અને તું તેઓને જમાતને બોલાવવાના તથા છાવણીઓને ચાલી નીકળવાના કામમાં લે...."

લેવીયના ૨૩ મા અધ્યાયમાં ૨૩–૨૫ કલમોમાં આ રણશિંગડાં વિષે ઉલ્લેખ છે. આ અધ્યાયમાં યહોવાએ મૂસા મારફતે ઇઝરાયલ લોકોને સાત પર્વ પાળવાનો વિધિ આપ્યો હતો. સામાન્ય વાચકને આ સાત પર્વો માત્ર ખેતીપ્રધાન યહૂદી લોકોને માટેનાં વર્ષ દરમિયાન પાળવાનાં ખેતજીવન સાથે બંધબેસતાં પર્વો હતાં. હા, જેમ ભારતનાં પર્વો ખેતજીવન સાથે સંકળાયેલાં છે, એમ યહૂદીઓનાં પર્વો ત્યાંની મોસમોને અનુકૂળ એવાં પર્વો હતાં. પણ આ પર્વો એથી વિશેષ હતાં. એમાં યહૂદીઓના મિસરમાંથી નીકળવાથી માંડીને પ્રભુના પુનરાગમન સમયે યહૂદીઓનું શું થનાર છે તેનો ઇતિહાસ ભવિષ્ય-કથનના રૂપમાં આપવામાં આવેલો છે. એથીયે વિશેષ, ખ્રિસ્તની મંડળીના જુદા જુદા તબક્કા એટલે કે ક્રૂસ પરના બલિદાનથી માંડીને મંડળી ગગનમાં ઊંચકાઈ જશે, અને સદાને માટે નવા આકાશી યરૂશાલેમમાં વસવાટ કરશે એ વિષેનાં ભવિષ્યકથનો એમાં સમાયેલાં છે. મારી આગામી પુસ્તિકામાં આ બધાં ભવિષ્યકથનો વિષે વિસ્તારથી ખુલાસો આપવામાં આવ્યો છે.

ગણના ૧૦ : ૧,૨ માં યહોવાએ મૂસાને બે ચાંદીનાં રણશિંગડાં બનાવવા ફરમાન કર્યું હતું. આ ચાંદીનાં રણશિંગડાં બનાવવા માટેની ચાંદી ક્યાંથી લાવવામાં આવી? એ વિષે સુંદર વર્ણન નિર્ગમન ૩૦ : ૧૧–૧૬ અને ૩૮ : ૨૫–૨૮ માં આપવામાં આવ્યું છે. જ્યારે જ્યારે માણસોની વસતીગણતરી કરવામાં આવે, ત્યારે ત્યારે ગણતરી કરાયેલો પ્રત્યેક પુરુષ "પવિત્રસ્થાનના શેકેલ પ્રમાણે અર્ધો શેકેલ આપે. યહોવાને અર્પણ તરીકે અડધો શેકેલ આપે." એ અર્ધો શેકેલ પ્રત્યેક માણસના જીવને સારુ પ્રાયશ્ચિત્ત તરીકે હતો. "એને છુટકારાનું કે પ્રાયશ્ચિત્તનું નાણું ગણવામાં આવતું." એ બધા અર્ધા શેકેલોની એકઠી થયેલી ચાંદીમાંથી મુલાકાતમંડપની બધી ચાંદીની ચીજો, આ બે રણશિંગડાં સુધ્ધાં, બનાવવામાં આવી.

મિસરમાંથી ચાલી નીકળેલા ઇઝરાયલના સંઘને આગેકૂચ કરવા, યુદ્ધ માટે નીકળી પડવા, જમાત કે આગેવાનોને એકત્ર કરવા આ બંને રણશિંગડાં વપરાતાં હતાં. રણશિંગડાં વગાડવાનું અગત્યનું કામ હારુન અને તેના પુત્રોને વંશપરંપરા માટે સોંપવામાં આવ્યું હતું. પ્રતિ વર્ષે પાંચમું પર્વ આવતું ત્યારે આ રણશિંગડાં ખાસ વગાડવામાં આવતાં. પ્રત્યેક પર્વની જેમ આ **રણશિંગડાંનું પર્વ** ભવિષ્યમાં થનાર બનાવની પૂર્વછાયારૂપ યા સંજ્ઞારૂપ હતું.

અગાઉનાં ચાર પર્વોમાંનું પ્રત્યેક પર્વ ભવિષ્યના એક ચોક્કસ બનાવની પૂર્વછાયા હતું. પરંતુ હવેથી આવતાં ત્રણે પર્વોમાંનું પ્રત્યેક પર્વ બબ્બે બનાવોની પૂર્વછાયા છે. એ પ્રત્યેક પર્વની પૂર્ણતા બબ્બે બનાવોમાં સંકળાયેલી છે. એક તરફ ખ્રિસ્તની મંડળીની સાથે, અને બીજી તરફ ઇઝરાયલ પ્રજા માટે. આમ એ પર્વોની દ્વિઅર્થી પૂર્ણતા થવાની છે. મંડળીના સંદર્ભમાં અમુક અર્થ, અને ઇઝરાયલ પ્રજાના સંદર્ભમાં અમુક અર્થ, – પણ એ બંને અર્થ એકબીજાને મળતા

ચા અનુરૂપ છે. બીજી બાબત : અગાઉનાં ચાર પર્વોની પૂર્ણતા થઈ ચૂકી છે, જ્યારે આ ત્રણ પર્વોની પૂર્ણતા ભવિષ્યમાં આવવાની છે.

ચાંદીનાં બે રણશિંગડાં બનાવવા યહોવાએ ફરમાવ્યું હતું. એ તો એમના પૂર્વછાયાના રૂપમાં પોતાના બે પ્રકારના લોકો માટે બે અલગ અલગ રણશિંગડાં હતાં : (૧) ઈશ્વરના સ્વર્ગીય લોકો (ખ્રિસ્તની મંડળી) માટે; અને (૨) ઈશ્વરના પૃથ્વી પરના લોકો (ઇઝરાયલ પ્રજા) માટે. પહેલામાં મંડળીને ગગનમાં પ્રભુ ઈસુના સાન્નિધ્યમાં સામૂહિક પ્રવેશ માટે અધ્ધર ઊંચકી લેવા, અને બીજામાં પ્રભુ ઈસુ ગગનમાંથી પૃથ્વી ઉપર ઊતરશે ત્યારે ઇઝરાયલ પ્રજાને પૃથ્વીના ચારે ખૂણેથી એકત્રિત કરીને "ખ્રિસ્તવિરોધી"એ યોજેલા મહાયુદ્ધ સામે આગેકૂચ માટે. એ બંને ભવિષ્યકથનો કેવી રીતે પૂર્ણ થવાનાં છે તે જોઈએ.

૧. **ખ્રિસ્તની મંડળીના સંદર્ભમાં :** પ્રભુ ઈસુના પુનરાગમન સમયે પ્રથમ પગથિયા તરીકે પ્રભુ ઈસુ સ્વર્ગેથી ઊતરી ગગનમાં આવશે. અને એ જ સમયે પ્રભુનું રણશિંગડું વાગશે, અને 'મંડળી' પ્રભુને મળવા સારુ ઉપર ગગનમાં ઊંચકાઈ જશે. ખ્રિસ્તના મૃત્યુ પામેલા લોકો મહિમાવંતાં શરીરો ધારણ કરીને ઊઠશે; અને ખ્રિસ્તના જે લોકો તે સમયે જીવંત હશે તેઓ પણ મર્ત્ય શરીરો તજી મહિમાવંતાં શરીરો ધારણ કરશે. અને એમ બંને પ્રકારના આ લોકો ગગનમાં પ્રભુ ઈસુને મળવા સારુ ઉપર ગગનમાં ઊંચકાઈ જશે.

લોખંડની મોટી મોટી ફેક્ટરીઓમાં રાક્ષસી કદનાં વીજળિક લોહચુંબકો હોય છે. નીચેના ખાડામાં અનેક પ્રકારના માલમાં લોખંડનો ભંગાર, અન્ય ધાતુઓનો ભંગાર, લાકડાંના કકડા, તેમ જ માટીનાં ઢગડાં, ઇત્યાદિ ઉપર પેલા તોતિંગ લોહચુંબકને ઉતારવામાં આવે છે, અને પછી એ લોહચુંબક ઉપર ઊંચકાઈ જાય છે, ત્યારે માત્ર લોખંડનો

ભંગાર જ તેને વળગી જઈને ઉપર ઊંચકાઈ જાય છે. અન્ય ધાતુઓનો ભંગાર, ભલેને ગમે તેટલો કીમતી હોય, છતાં તે અને અન્ય ભંગાર નીચે જ પડયાં રહે છે, – ઉપર ઊંચકાઈ જતાં નથી. એમ જ પ્રભુ ઈસુ ગગનમાં ઊતરી આવશે ત્યારે માત્ર ખ્રિસ્તના જ લોકો ગગનમાં તણાઈ જશે. બાકીનાં 'મૂએલાં' ઊઠશે નહિ, અને બાકીના જીવંત લોકો પણ પૃથ્વી પર જ રહી જશે.

કોરીંથીઓના પહેલા પત્રમાં ૧૫:૫૨ ની કલમના પાછલા ભાગમાં આ જ ભવિષ્યકથન છે: "કેમ કે **રણશિંગડું વાગશે**, અને મૃત્યુ પામેલાં અવિનાશી [થઈને] ઊઠશે, અને આપણું રૂપાંતર થશે." એ જ બનનાર બનાવ અંગે ૧ થેસ્સાલોનિકી ૪:૧૬, ૧૭ માં એવું જ ભવિષ્યકથન આપ્યું છે: "કેમ કે પ્રભુ પોતે ગર્જનાસહિત, પ્રમુખ-દૂતની વાણીસહિત તથા **દેવના રણશિંગડાસહિત** આકાશમાંથી ઊતરશે; અને ખ્રિસ્તમાં જેઓ મૃત્યુ પામેલાં છે તેઓ પ્રથમ ઊઠશે; પછી આપણામાંનાં જેઓ જીવંત રહેનારાં છીએ, તેઓ ગગનમાં પ્રભુને મળવા સારુ તેઓની સાથે વાદળાંમાં તણાઈ જઈશું; અને એમ સદા પ્રભુની સાથે રહીશું."

પ્રભુ ઈસુએ પોતે એ વાત કહી હતી: "કેમ કે હું તમારે માટે જગા તૈયાર કરવાને જાઉં છું. અને જો હું જઈને તમારે માટે જગા તૈયાર કરીશ, **તો હું પાછો આવીશ, અને તમને મારી પાસે લઈ જઈશ; જેથી જ્યાં હું છું ત્યાં તમે પણ [રહો]**" (યોહાન ૧૪:૨, ૩). એમ, પ્રભુ ઈસુ આ યુગને અંતે આકાશથી ગગનમાં ઊતરશે, અને પોતાના રણશિંગડાના સાદ દ્વારા આપણને હાકલ કરીને ઉપર ગગનમાં ખેંચી લેશે.

સંત પાઉલ ૧ કોરીંથી ૧૫:૫૧,૫૨ માં એ રણશિંગડા વિષે ઉલ્લેખ કરે છે: "જુઓ, **હું તમને એક રહસ્ય કહું છું:**

આપણે સર્વ ઊંઘીશું નહિ, **પણ છેલ્લું રણશિંગડું વાગતાં જ,** એક ક્ષણમાં, આંખના પલકારામાં, આપણ સર્વનું રૂપાંતર થઈ જશે; કેમ કે **રણશિંગડું વાગશે**, અને મૃત્યુ પામેલાં અવિનાશી [થઈ ને] ઊઠશે, અને આપણું રૂપાંતર થશે." ખ્રિસ્તની મંડળીને ગગનમાં એકત્ર કરીને લઈ જવા માટે આ રણશિંગડું વાગશે.

એને "**છેલ્લું રણશિંગડું**" શા માટે કહેવામાં આવ્યું છે? એટલા માટે કે હવે પછી ફરી કદી પોતાના લોકોને એકત્ર કરવાનું રહેશે નહિ, કારણ, હવે પછી મંડળી અનંતકાળ માટે પ્રભુ ઈસુની સાથે જ રહેશે. ઑફિસરે, કે સંસ્થાએ, કે મિલિટરીએ, દૂર દૂરનાં બધાંની સાથે વાત કરી, હુકમ આપવા એ ફાવે નહિ, તેથી જૂના જમાનામાં બ્યૂગલ યા રણશિંગડાના અવાજ દ્વારા સંદેશા પહોંચાડાતા. એ બતાવે છે કે બોલનાર અને સાંભળનાર વચ્ચે કંઈક અંતર છે. પણ બંને એકબીજાની પાસે આવી જતાં બ્યૂગલ યા રણશિંગડું વાપરવાની જરૂર રહેતી નથી. એમ જ પ્રભુ ઈસુની મંડળી તેમની પાસે જ હવે રહેશે, એટલે રણશિંગડાના સાદની જરૂર રહેશે નહિ. માટે આ છેલ્લું રણશિંગડું. વળી, હવે આગેકૂચની જરૂર રહેશે નહિ. પ્રભુ ઈસુની મંડળી હવે પ્રભુના સાર્વકાલિક વિશ્રામમાં પ્રવેશી ચૂકી છે, તેથી આગેકૂચની કે રણશિંગડાના સાદની હવે જરૂર રહેશે નહિ. માટે આ છેલ્લું રણશિંગડું. મંડળી તરીકે આપણે હવે સાર્વકાલિક વિશ્રામમાં તથા સાર્વકાલિક આનંદમાં પ્રવેશી ચૂક્યાં છીએ, અને તેની ગાદીના ભાગીદાર બનીને સદાકાળ પ્રભુ ઈસુની સાથે જ રહીશું! માટે જ આ છેલ્લું રણશિંગડું! કેવો પરમ આનંદ! કેવી સુખદ–સ્વર્ગીય સ્થિતિ!

કેટલાક લોકો પ્રકટીકરણના પુસ્તકમાં આપેલાં સાત રણશિંગડાંમાંનું આ સાતમું એટલે કે "**છેલ્લું**" રણશિંગડું છે, એમ

માને છે. પણ એ માન્યતા સાચી નથી. અનર્થો માટેનાં આ સાત રણશિંગડાં સાથે આ પરમ આનંદના રણશિંગડાને કોઈ સંબંધ નથી. એ જ વિચારી લો ને કે ૧ કોરીંથીનો પત્ર પ્રકટીકરણના પુસ્તક અગાઉ ૩૬ વર્ષ પૂર્વે લખાયો હતો; તો પ્રકટીકરણનાં સાત રણશિંગડાંનો વિચાર હજી થયો ન હોય ત્યાર પહેલાં ૩૬ વર્ષ અગાઉ એનો ઉલ્લેખ કોરીંથીઓને લખાયેલા આ પત્રમાં ક્યાંથી હોઈ શકે? બીજું, પ્રકટીકરણમાં સાત રણશિંગડાં તો દૂતો વગાડશે. કોરીંથીઓના પત્રમાં અને થેસ્સાલોનિકીઓના પત્રમાં જણાવેલું રણશિંગડું તો "દેવનું રણશિંગડું" છે: "કે કેમ પ્રભુ પોતે ગર્જનાસહિત, પ્રમુખ-દૂતની વાણીસહિત તથા દેવના રણશિંગડાસહિત આકાશમાંથી ઊતરશે" (૧ થેસ્સા. ૪ : ૧૬).

કેટલાક પ્રભુના સેવકો અને બાઇબલના અભ્યાસીઓ '**છેલ્લા**' રણશિંગડાનો અર્થ કંઈક આવો કરે છે: ઇઝરાયલીઓ પાસે બે રણશિંગડાં હતાં, જેમાંનું એક ઇઝરાયલી લોકોને એકત્ર કરવા માટે, અને બીજું યા છેલ્લું તેઓને કૂચ કરવા માટે વગાડવામાં આવતું. એમ પ્રભુના ગગનમાં ઊતરવાના સમયે પહેલું યા જમાતને ભેગા કરવા માટેનું રણશિંગડું મૃત્યુ પામેલાંમાંથી પ્રભુના લોકોને બહાર નીકળી આવવા માટે, અને પ્રભુના જીવતા લોકોની સાથે જોડાવા માટે વાગશે. અને તે પછી બીજું યા '**છેલ્લુ**' રણશિંગડું – આગેકૂચ કરવાનું રણશિંગડું – વાગશે, એટલે મહિમાવંત શરીરો પામેલાં આ બંને જૂથો ગગનમાં પ્રભુ ઈસુને મળવા માટે ઉપર ગગનમાં તણાઈ જશે.

"**એક રહસ્ય કહું છું.**" – આ વાતને '**રહસ્ય**' એટલા માટે કહેવામાં આવ્યું છે કે આ બાબત વિષે અગાઉ કદી કહેવામાં આવ્યું નહોતું, કે એ વિષે કોઈ જ જાણતું નહોતું, અને આ પ્રથમ જ વાર એ જાહેર કરાયું છે. યહૂદી લોકો જૂના કરારના સમયમાં પણ

માણસોના પુનરુત્થાનમાં માનતા હતા – જાણતા હતા. પણ મૃત્યુ પામેલાંમાંથી થોડાંક માણસો પ્રથમ ઊઠશે, અને બાકીનાં મૃત્યુ પામેલાં એક હજાર વર્ષ સુધી ઊઠશે નહિ, એ **"પ્રથમ પુનરુત્થાન"** વિષે આ પહેલી જ વાર જાહેરાત કરવામાં આવે છે, માટે એ અગાઉ રહસ્ય હતું, અને અહીં પ્રથમ જ વાર જાહેર યા ખુલ્લું કરવામાં આવ્યું. વળી કેટલાક 'વિશ્વાસીજનો' તો મરણ કદી ચાખશે જ નહિ, પણ જીવતાજીવંત મહિમાવંત શરીર પામીને ઉપર ગગનમાં ઊંચકાઈ જશે, એ સત્ય પણ આ પહેલી જ વાર ખુલ્લેખુલ્લું જાહેર કરવામાં આવ્યું; અને તે પહેલાં એ જાહેર નહિ કરાયેલું રહસ્ય હતું.

અગાઉનાં ચાર પર્વો પછી આ પર્વનો ક્રમ પાંચમો આવે છે તે ક્રમ બરાબર છે. **પહેલું** પર્વ **પાસ્ખાપર્વ** (પ્રભુ ઈસુનું ક્રૂસ પર બલિદાન, પાસ્ખાનો હલવાન યા દેવનો હલવાન વધેરાયો, મુક્તિનું લોહી છંટાયું); **બીજું** પર્વ સાત દિવસ ચાલતું **બેખમીર રોટલીનું પર્વ** (ખ્રિસ્ત સાથે એના લોકોની સંગત સૂચવે છે); **ત્રીજું** પર્વ **'પ્રથમફળનું પર્વ'** (પ્રભુ ઈસુ મૃત્યુ પામેલાંઓમાંથી 'પ્રથમફળ' થઈને ઊઠ્યા (૧ કોરીંથી ૧૫ : ૨૩); **ચોથું** પર્વ **પચાસમાના દિવસનું પર્વ** (મંડળીની સ્થાપના સૂચવે છે); અને **પાંચમું** પર્વ **'રણશિંગડાંનું પર્વ'** (ખ્રિસ્તના લોકોનું પુનરુત્થાન સૂચવે છે).

ચોથું પર્વ, મંડળીની સ્થાપના અંગેનું પર્વ, યહૂદી ત્રીજા માસમાં આવતું. એ પછી છેક સાતમા માસના પહેલા દિવસ સુધીનો લાંબો ગાળો ખાલી રહેતો. એ ગાળો મંડળીની વૃદ્ધિ અને ફેલાવાનાં આ બે હજાર વર્ષ સૂચવે છે. અને હવે તો થોડા જ સમયમાં પાંચમું પર્વ આવી લાગશે. એ પાંચમું પર્વ બેસું બેસું થઈ રહ્યું છે; "છેલ્લું રણશિંગડું" વાગું વાગું થઈ રહ્યું છે. પ્રભુ ઈસુની ગગનમાં

ઊતરવાની તૈયારી લગભગ થઈ ચૂકી છે. તે બારણા લગોલગ આવી પહોંચ્યા છે. " જુઓ, તે બારણા આગળ જ છે." (માથ્થી ૨૪ : ૩૨, ૩૩). મંડળી હવે ગમે ત્યારે ઉપર ગગનમાં ઊંચકાઈ જાય એવી ચોક્કસ વકી છે.

ટૂંક મુદત પછી બનનાર આ બનાવ માટે કોઈ ચિહ્નની રાહ જોવાની નથી. પ્રભુની યોજના પ્રમાણે ખ્રિસ્તના શરીરરૂપી મંડળીમાં ઉમેરાનાર છેલ્લામાં છેલ્લી વ્યક્તિ જ્યારે મંડળીમાં ઉમેરાઈ જશે કે તરત મંડળી ગગનમાં ઊંચકાઈ જશે.

**હવે યહૂદીઓ માટે પેલું રણશિંગડું ક્યારે વાગશે તે જોઈએ:** પ્રભુ ઈસુ ગગનમાં ઊતરે અને મંડળી ગગનમાં ઊંચકાઈ જાય, એ પછી પૃથ્વી ઉપર બાકી રહેલાં લોકો ઉપર મહા વિપત્તિનો સાત વર્ષનો ગાળો આવવાનો છે. એમાં છેલ્લા તબક્કામાં વિખેરાઈ ગયેલા યહૂદીઓને ફરી એકત્ર કરવામાં આવશે. તે સમયે યહૂદીઓને એકત્ર કરવા માટેનું આ રણશિંગડું વાગશે. યહૂદીઓના આ પાંચમા પર્વ વખતે ચાંદીનાં બંને રણશિંગડાં વગાડવામાં આવતાં. એ જ પ્રમાણે ખ્રિસ્તીઓના પુનરુત્થાન સમયે એક વાગશે, અને બીજું યહૂદીઓને દુનિયાભરમાંથી એકત્ર કરવા માટે વાગશે. યહૂદીઓને એકત્ર કરવા માટે વગાડવામાં આવનાર રણશિંગડા વિષે પ્રભુ ઈસુએ પોતે માથ્થી ૨૪ : ૩૦, ૩૧ માં કહ્યું છે : " અને ત્યારે માણસના દીકરાની નિશાની આકાશમાં દેખાશે, ને ત્યારે પૃથ્વી પરનાં સઘળાં કુળો શોક કરશે; અને માણસના દીકરાને પરાક્રમ તથા મોટા મહિમાસહિત તેઓ આકાશના મેઘ પર આવતો દેખશે. અને **રણશિંગડાના મોટા અવાજસહિત** તે પોતાના દૂતોને મોકલશે, ને **તેઓ ચારે દિશામાંથી** આકાશના એક છેડાથી તે બીજા છેડા સુધી, તેના પસંદ કરેલાઓને એકઠા કરશે."

ઉપરની કલમમાં "**પસંદ કરેલાઓ**" તે ખ્રિસ્તીઓ નહિ, પણ યહૂદીઓ છે, કારણ, એ સમયે મંડળી તો ગગનમાં પ્રભુની સાથે હશે, અને આ રણશિંગડું વાગશે તે સમયે મંડળી (સંતો) પ્રભુની સાથે ગગનમાંથી પૃથ્વી ઉપર ઉતરણ કરતી હશે. ખરેખર, તો યહૂદીઓ ઈશ્વરના પસંદ કરેલા લોકો છે. તેઓને પૃથ્વીના ચારે ખૂણાથી યરૂશાલેમ (ઇઝરાયલ)માં એકત્ર કરવામાં આવશે. "**ખ્રિસ્તવિરોધી**" પૃથ્વીની પ્રજાઓનાં સૈન્યોને ચઢાવી લાવીને પ્રભુના પસંદિત લોકો (યહૂદીઓ) ની સામે ભારે યુદ્ધ કરશે. પણ પ્રભુ ઈસુ ગગનમાંથી ઊતરીને **ખ્રિસ્તવિરોધી**નો સંહાર કરશે.

યશાયા ૨૭ : ૧૩ માં પણ એ જ રણશિંગડા વિષેનું ભવિષ્યકથન છે : "વળી તે દિવસે **મોટું રણશિંગડું** વગાડવામાં આવશે; અને આસ્શૂર દેશમાં જેઓ ખોવાયેલા હતા તેઓ, તથા મિસર દેશમાં જેઓને કાઢી મૂકવામાં આવ્યા હતા તેઓ આવશે; અને તેઓ યરૂશાલેમમાં પવિત્ર પર્વત પર યહોવાનું ભજન કરશે." આ અગમવાણી પણ યહૂદી પ્રજા માટે જ છે.

બાઇબલમાં જ્યાં જ્યાં '**તે દિવસે**' શબ્દ આપવામાં આવ્યો છે, ત્યાં ત્યાં બધે ઠેકાણે પ્રભુના પુનરાગમનના સમય માટે જ એ શબ્દ ('**તે દિવસે**') વપરાયો છે, એ હંમેશાં યાદ રાખવું. એ ચાવીરૂપ શબ્દ છે. તો પ્રભુના પુનરાગમન સમયે, એટલે કે પ્રભુ ઈસુ ગગનમાં ઊતરે એ પછી સાત વર્ષ બાદ તે પૃથ્વી ઉપર ઊતરવાના હશે તે સમયે "**મોટું રણશિંગડું** વગાડવામાં આવશે." અને બાકી રહેલા સર્વ યહૂદીઓને પૃથ્વીના સર્વ ખૂણામાંથી યરૂશાલેમમાં એકત્ર કરવામાં આવશે.

પણ આ રણશિંગડું યહૂદીઓને મહા દુઃખ માટે, યુદ્ધને માટે, પ્રથમ તો એકત્ર કરશે. પ્રભુ ઈસુએ યહૂદી લોકોને પોતાની પાંખો

તળે રક્ષણને માટે અને તેમની આજ્ઞા પ્રમાણે ચાલવા માટે એકત્ર કરવા ઇચ્છ્યું (માથ્થી ૨૩ : ૩૭), પણ યહૂદીઓએ તો પ્રભુની વાણી તુચ્છકારી કાઢી. હવે પ્રભુના પુનરાગમનના સમયમાં **ખ્રિસ્તવિરોધી** દુનિયાની પ્રજાઓને યરૂશાલેમની સામે એકઠી કરીને ચઢાવી લાવશે તે સમયે યહૂદી પ્રજા મહા આફતમાં અને ભયંકર સંકડામણમાં આવી પડશે.

યોએલ પ્રબોધકે એ રણશિંગડું, યુદ્ધ અને યહૂદી પ્રજા વિષે સ્પષ્ટ લખ્યું છે. યોએલ ૨ : ૧ "સિયોનમાં રણશિંગડું વગાડો, ને મારા પવિત્ર પર્વતમાં ભયસૂચક [નગારું] વગાડો; દેશના સર્વ રહેવાસીઓ, તમે કાંપો; કેમ કે યહોવાનો દિવસ આવે છે, ને તે છેક નજીક [આવી પહોંચ્યો] છે." વળી ૩ : ૨ "ત્યારે હું સર્વ પ્રજાઓને એકઠી કરીને તેમને યહોશાફાટની ખીણમાં દોરી લાવીશ."

હાલમાં આ વર્ષોમાં ઇઝરાયલ દેશમાં એકઠા મળેલા યહૂદીઓને, ઉપર જણાવેલા સાત વર્ષના સમયનાં પાછલાં સાડાત્રણ વર્ષમાં, ખ્રિસ્તવિરોધીની ઘાતકીમાં ઘાતકી સતાવણીને લીધે "અરણ્યમાં" (હોશિયા ૨ : ૧૪. પ્રકટીકરણ ૧૨ : ૬, ૧૪. યશાયા ૨૬ : ૨૦) નાસી જવું પડશે. પણ પછી પ્રભુ પોતાના દૂતોને મોકલીને મોટા રણશિંગડાના અવાજસહિત તેમને પાછા એકત્ર કરશે, અને 'ખ્રિસ્તવિરોધી'ના હલ્લામાંથી તેમને કાયમને માટે ઉગારી લેશે.

આમ, રણશિંગસાદની યાદગીરીના પર્વમાં પ્રભુના પુનરાગમન સમયે થનાર **"મંડળીના ગગનગમન"** સંબંધી, તેમ જ **"ઇઝરાયલ પ્રજાના પુનઃ એકઠા કરાવા"** સંબંધીનાં ભવિષ્યકથન સમાયેલાં છે.

## ૭ ઈશ્વર કદી પશ્ચાત્તાપ કરે?

**પ્રશ્ન :** ઈશ્વરને કદી પસ્તાવો થાય? યૂના ૩ : ૧૦ માં આપ્યું છે કે, "તેઓનાં કામ દેવે જોયાં કે તેઓએ પોતાનાં દુષ્ટ આચરણોને

તજી દીધાં; આથી તેઓ પર જે આપત્તિ આણવાનું દેવે કહ્યું હતું **તે વિષે તેને પશ્ચાત્તાપ થયો;** અને તેણે તે [**આપત્તિનો**] અમલ કર્યો નહિ."

**જવાબ :** ઈશ્વર કદી પશ્ચાત્તાપ કરતો નથી. તેને પસ્તાવો થતો નથી. 'પશ્ચાત્તાપ' એટલે 'પાછળનો તાપ' = કામ કર્યા પછી એ કર્યાને લીધે પાછળથી થતું દુઃખ. 'પસ્તાવો' એ પશ્ચાત્તાપનું પ્રાકૃત [પચ્છાતા (–ય, યા) વ] મારફતે આવેલું રૂપ છે. ('પૂર્વ' એટલે આગળ, અને 'પશ્ચિમ' એટલે પાછળ. પશ્ચાદ્ભૂમિકા એટલે કોઈપણ વસ્તુ યા વાત પાછળની ભૂમિકા, એવું જ 'પચ્છમ બુદ્ધિ' એટલે પાછળની બુદ્ધિ).

માલાખી ૩ : ૬માં પ્રભુ પોતે કહે છે : "કેમ કે હું અવિકારી ઈશ્વર છું," એટલે કે તેનામાં કોઈ ફેરફાર થતો નથી; તેનાં વચન, વર્તન કે વિચારમાં પણ કદી ફેરફાર થતો નથી. વળી, ૧ શમૂએલ ૧૫ : ૨૯ માં પણ શમૂએલ ઈશ્વર વિષે જણાવે છે કે, "જે ઇઝરાયલનું સામર્થ્ય છે તે જૂઠું બોલશે નહિ, કે **અનુતાપ કરશે નહિ; કેમ કે તે માણસ નથી કે તે અનુતાપ કરે."** તેમ જ નવા કરારમાં યાકૂબ ૧:૧૭ માં પણ યાકૂબ લખે છે: "અને **પ્રકાશોનો પિતા જેનામાં વિકાર થતો** નથી, તેમ જ જેનામાં ફરવાથી પડતો પડછાયો પણ નથી."

ઈશ્વરના અનેક ગુણો યા સ્વભાવમાં "અવિકારીપણું" એક છે. જો ઈશ્વરને પોતાના કોઈ વર્તન, વિચાર, કે વચન માટે પશ્ચાત્તાપ થાય અને ફેરફાર કરવો પડે, – પાછું પગલું ભરવું પડે, – તો એ ઈશ્વર ન કહેવાય.

ઈશ્વર 'ત્રીકાળજ્ઞાની' છે, એટલે 'ભૂત, વર્તમાન, અને ભવિષ્ય' તેની આગળ એકાકાર છે. માણસ સમય અને સ્થળના બંધનમાં

હોય છે; ઈશ્વર નહિ. તેની આગળ બધું જ વર્તમાન છે. ભવિષ્યમાં શું શું બનવાનું છે તે ઈશ્વર અગાઉ (હા, યુગો અગાઉ) થી જાણે છે. કોઈપણ કૃત્ય યા બનાવનું પરિણામ શું આવશે તે તે અગાઉથી જાણે છે, એટલે જ ઈશ્વરના ઠરાવો કહો કે આયોજન કહો, એમાં કોઈ સમયે ફેરફાર થતો નથી. તેના ઠરાવો સનાતન છે. પોતે શું કરવાનો છે તે તે સનાતન સમયથી જાણે છે. એટલે પોતાના ઠરાવ યા વર્તનમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાની તેને જરૂર હોતી જ નથી, – જરૂર પડતી જ નથી.

યહોવાએ યૂનાને નિનવે શહેરમાં મોકલ્યો હતો, જેથી તે ત્યાં જઈને નિનવીઓને ઈશ્વરની ચેતવણી સંભળાવે કે, "ચાળીસ દિવસ પછી નિનવેનો નાશ થશે." "નિનવેના લોકોએ દેવના વચન ઉપર વિશ્વાસ કર્યો;" અને તેઓએ પસ્તાવો કર્યો. એટલે પ્રભુએ તેમના પ્રત્યે દયા આણી, અને તેઓનો નાશ કર્યો નહિ.

પણ નિનવીઓના પસ્તાવાથી ઈશ્વરને પોતાના વિચારો કે યોજના કે ઠરાવ બદલવાની કોઈ જરૂર ઊભી થઈ નહિ. ઈશ્વર તો સનાતન સમયથી જાણતો જ હતો કે નિનવેના લોકો પસ્તાવો કરશે જ. એટલે જ્યારે નિનવીઓએ પસ્તાવો કર્યો ત્યારે ઈશ્વરને કંઈ નવાઈ લાગી નહિ, – અચંબો થયો નહિ. એ અગાઉથી જાણતો જ હતો કે એમ જ બનશે. બલકે, પોતાનો સનાતન હેતુ પૂરો કરાવવાની ઈશ્વરની એ એક રીત હતી. ઈશ્વરે એવી યોજના જ કરી હતી કે તેઓ પસ્તાવો કરે, અને ઈશ્વર તેમના ઉપર દયા દર્શાવે.

'જૂના કરાર'માં પશ્ચાત્તાપને માટે અસલ હિબ્રૂ ભાષામાં **"નાખામ"** છે. એનો અર્થ 'પસ્તાવો કરવો,' 'દયાળુ બનવું,' ઇત્યાદિ થાય છે. યંગની વર્ણાનુક્રમ શબ્દસૂચિ એના ત્રણ જુદા જુદા અર્થ આપે છે : 'પસ્તાવો કરવો;' 'દિલાસાવાન બનવું;' 'દયાળુ

બનવું" કે 'હૃદયના હળવા બનવું.' વળી એ શબ્દના મૂળમાં 'ખિન્ન બનવું,' 'નિસાસો નાખવો' એવી ભાવના છે.

બાઇબલમાં જૂના કરારમાં લગભગ ૪૦ જેટલી જગાએ આ 'નાખામ' શબ્દ વપરાયો છે, અને એમાં મોટે ભાગે ઈશ્વર માટે એ શબ્દ વપરાયો છે, અને ઉપર જણાવ્યું એ જ ભાવાર્થમાં એ બધે સ્થળે ઈશ્વર માણસની સ્થિતિને લીધે દુ:ખી થયો, અને તેણે દયાપૂર્વક પોતાનો ઉદ્ધાર/બચાવ/ઇલાજ તેમને બતાવ્યો. નવા કરારમાં એવી રીતે ઈશ્વર માટે કહેવાયું નથી. નવા કરારમાં 'પશ્ચાત્તાપ' શબ્દ માણસ માટે વપરાયો છે. અહીં ગ્રીક ભાષામાં 'મેતાનોઇઆ' એટલે 'મનપલટો,' 'હૃદયપલટો' છે.

નિનવે શહેરનો આ હંગામી પસ્તાવો હતો. કેટલાક સમય પછી એની ભૂંડાઈ બેહદ વધી ગઈ, એટલે ઈ. પૂર્વે ૬૧૨ માં ઈશ્વરે તેનો સંપૂર્ણ નાશ કર્યો. ત્રણ દિવસની મજલ જેટલો એનો ઘેરાવો હતો, પણ તે જમાનાના બહુ મોટા આ શહેરનો જેવો નાશ થયો એવો કોઈનો થયો નથી. નાહૂમમાં એના વિષે આપ્યું છે.

## ૮ સ્વર્ગ કેટલાં છે?

**પ્રશ્ન:** સંત પાઉલ ૨ કોરીંથી ૧૨ : ૨ માં લખે છે: "ખ્રિસ્તમાં એક એવા માણસને હું ઓળખું છું...કે જેને ચૌદ વર્ષ ઉપર ત્રીજા આકાશમાં ઉપાડી લેવામાં આવ્યો." તો "આકાશ" કેટલાં છે?

**જવાબ:** ઉત્પત્તિ ૧ : ૧ માં (અને હિબ્રૂમાં એટલે કે જૂના કરારમાં લગભગ બધે) આકાશ યા સ્વર્ગ માટે 'શમાયીમ' શબ્દ વપરાયો છે. એ બહુવચન છે, જેમ 'કરુબ'નું બહુવચન 'કરુબીમ,' અને 'શરાફ'નું બહુવચન 'શરાફીમ,' તથા 'એલોહ'નું બહુવચન 'એલોહિમ' છે, તેમ 'શમાયીમ' એ બહુવચન છે, જોકે ગુજરાતીમાં 'આકાશ' મૂક્યું છે. જૂના કરારમાં 'આકાશ,' 'આસમાન' કે 'સ્વર્ગ'

માટે એ જ શબ્દ વપરાયો છે, સિવાય કે નીચેનાં બે સ્થળોએ : ગીતશાસ્ત્ર ૮૯ : ૬, ૩૭. આ બે સ્થળે ગુજરાતીમાં 'આકાશ' શબ્દ વાપર્યો છે, પણ હિબ્રૂમાં 'શાખાક' શબ્દ છે.

નવો કરાર ગ્રીક ભાષામાં લખાયો. એ ગ્રીકમાં 'આકાશ' માટે ત્રણ શબ્દ વાપર્યા છે : (૧) 'ઉરાનોસ' એટલે નીચેનું આકાશ, યા વાદળાંવાળો ભાગ, વાયુમંડળ. માથ્થી ૨ : ૨. ૩ : ૧૭. ૪ : ૧૭. ૫ : ૩ વગેરે. ગુજરાતીમાં તો 'આકાશ' શબ્દ જ વાપર્યો છે. (૨) 'મેસુરાનોસ' અથવા 'મધ્ય આકાશ.' પ્રકટી. ૮ : ૧૩. ૧૪ : ૬. ૧૯ : ૧૭. ગુજરાતીમાં અહીં ત્રણે જગાએ 'અંતરિક્ષ' શબ્દ વાપર્યો છે : સૂર્ય, ચંદ્ર, તારાઓનો પ્રદેશ. અને (૩) 'એપુરાનોસ' એટલે કે છેક ઉપરનું આકાશ યા સ્વર્ગ. ફિલિપી ૨ : ૧૦. એફેસી ૧ : ૩. ૨ : ૬. ૩ : ૧૧. ગુજરાતીમાં ફિલિપી ૨ : ૧૦ માં 'આકાશ.' એફેસી ૧ : ૩ માં 'સ્વર્ગ,' ૨ : ૬ માં 'સ્વર્ગીય સ્થાનોમાં,' અને ૩ : ૧૧ માં પણ 'સ્વર્ગીય સ્થાનોમાં' તરજુમો કર્યો છે.

બીજા કોરીંથી ૧૨ : ૨ માં "ત્રીજા આકાશમાં" છે. સંત પાઉલ પોતાના વિષે જ લખતાં એ વાત કહેવા માગે છે કે ચૌદ વર્ષ પૂર્વે તેને ત્રીજા આકાશમાં ઉપાડી લેવામાં આવ્યો હતો. બાઇબલ ત્રણ આકાશો છે એમ જણાવે છે. પહેલું આકાશ તે વાદળોનો વિસ્તાર, અંગ્રેજીમાં એને 'એટમોસ્ફીયરિક (**atmospheric**) હેવન' કહ્યું છે. બીજું 'પ્લાનેટરી (**planetary**) હેવન' કહેવામાં આવ્યું છે. સૂર્ય, ચંદ્ર અને તારાઓ આવેલા છે તે ભાગ, અને ત્રીજું પરમેશ્વરનું ધામ, અથવા આપણે જેને સ્વર્ગ કહીએ છીએ તે. સંત પાઉલને એ ત્રીજા આકાશમાં ઉપાડી લેવામાં આવ્યો હતો.

શેતાન અને તેના અસંખ્ય અપદૂતો (દુષ્ટ આત્માઓ અને અશુદ્ધ આત્માઓ) નો વાસ પણ વાયુમંડળમાં (એફેસી ૬ : ૧૨ 'આકાશી

સ્થાનોમાં) છે. અને એક સમય આવશે જ્યારે એને પૃથ્વી પર નાખી દેવામાં આવશે અને એનાં લશ્કરોને પણ (પ્રકટી. ૧૨ : ૭–૧૨).

## ૯ બાઇબલ પુનર્જન્મ વિષે શીખવે છે?

**પ્રશ્ન :** બાઇબલ અને યહૂદીઓ પુનર્જન્મમાં – એટલે કે આ જન્મની અગાઉ બીજા જન્મમાં માને છે? યોહાન ૯ : ૧–૨ માં આ પ્રમાણે લખ્યું છે: "તે રસ્તે જતો હતો એવામાં તેણે એક જન્મથી આંધળા માણસને દીઠો. તેના શિષ્યોએ તેને પૂછ્યું કે, રાબ્બી, જે પાપને લીધે એ માણસ આંધળો જન્મ્યો, તે [પાપ] કોણે કર્યું? **એણે** કે એનાં માબાપે?" **જન્મથી** આંધળા માણસને આગળનાં પાપ ક્યાંથી હોય?

**જવાબ :** પ્રભુ ઈસુએ તો શિષ્યોના પ્રશ્નનો સ્પષ્ટ જવાબ આપી દીધો હતો કે, "એણે કે એનાં માબાપે પાપ કર્યું તેથી નહિ; પણ દેવનાં કામ તેનામાં પ્રગટ થાય માટે એમ થયું."

પણ શિષ્યોના પ્રશ્નમાં "એનાં પાપે?" એ મતલબનો પ્રશ્ન પુછાયો છે એમાં બાઇબલની વિરુદ્ધની ફિલસૂફી શિષ્યોમાં ઘૂસેલી દેખાય છે. ભારતમાં પુનર્જન્મ એટલે કે ૮૪ લાખ જન્મોજન્મની માન્યતા છે. એમાં એક જ આત્મા અનેક ખોળિયાંમાં પ્રવેશે છે. એમાં જન્મ–મરણની ઘટમાળ ચાલ્યા જ કરે છે. આગલા જન્મ અથવા જન્મોનાં પાપનું ફળ બીજા જન્મમાં કે બીજા અનેક જન્મોમાં થઈને ભોગવવું પડે છે. ગ્રીકોમાં પણ એવી માન્યતા હતી.

એ ફિલસૂફી બાઇબલની અને પ્રભુ ઈસુના શિક્ષણની હાડોહાડ ઊલટી છે. એ ફિલસૂફીનું શિક્ષણ એવું છે કે માણસે પોતાનાં પાપોની શિક્ષા પોતે જ વેઠવી – આ જન્મમાં નહિ, તો આવતા જન્મોમાં. એમાં મુક્તિદાતાની કોઈ જરૂર નથી. માણસે પોતે જ

ભોગવ્યા વગર છૂટકો નથી. એમાં ઈશ્વરનું સ્થાન અને જરૂરિયાત તદ્દન ગૌણ બની જાય છે. એમાં ક્રૂસ નથી, પ્રભુ ઈસુનું બલિદાન, ન્યાયકાળ, ઇત્યાદિ નથી.

યહૂદીઓમાં આસપાસની પ્રજાઓની ચિત્રવિચિત્ર માન્યતાઓ ઘૂસ્યા કરતી હતી, તેમ આ 'પુનર્જન્મ'ની માન્યતા કદાચ ગ્રીકો મારફતે તેમનામાં ઘૂસી હોય.

## ૧૦ મથૂસેલાહના લાંબા આયુષ્યનું મહત્ત્વ

**પ્રશ્ન:** ઉત્પત્તિ ૫:૨૨ માં જણાવવામાં આવ્યું છે કે "મથૂસેલાહનો જન્મ થયા પછી હનોખ ત્રણસેં વર્ષ દેવની સંઘાતે ચાલ્યો." તો મથૂસેલાહના જન્મ સાથે હનોખના આત્મિક જીવનને શો સંબંધ હોઈ શકે?

**જવાબ:** આ બહુ ઊંડો તથા રસિક પ્રશ્ન છે. મથૂસેલાહની અસરો હનોખ પર ઘણી પડી હતી. મથૂસેલાહના જન્મ પ્રસંગે ખાસ ખાસ અસર હનોખના જીવન ઉપર પડી, અને હનોખના આત્મિક જીવનમાં એ પછી ભારે વેગ આવ્યો. એટલે જ બાઇબલમાં આપ્યું છે કે **"મથૂસેલાહનો જન્મ થયા પછી હનોખ ત્રણસેં વર્ષ દેવની સંઘાતે ચાલ્યો."**

**"મથૂસેલાહ"** નામનો મૂળાર્થ કંઈક આવો થાય છે: "એનું જવું જશે (એટલે કે મૃત્યુ થશે) ત્યારે 'એ' આવશે." 'એ' એટલે જળપ્રલય. ઈશ્વરે ખાસ પ્રકટીકરણ આ નામ દ્વારા અને પુત્રજન્મ દ્વારા હનોખને આપ્યું હશે. ઉત્પત્તિના ૬ ઠ્ઠા અધ્યાયમાં બધી હકીકત આપવામાં આવી છે: "યહોવાએ જોયું કે માણસની ભૂંડાઈ પૃથ્વીમાં ઘણી થઈ, ને તેઓનાં હૃદયના વિચારની હરેક કલ્પના નિરંતર ભૂંડી જ છે." ... "અને દેવે નૂહને કહ્યું કે, મારી આગળ સર્વ જીવનો

અંત આવ્યો છે; કેમ કે તેઓને લીધે પૃથ્વી જુલમે ભરેલી છે; અને જુઓ, હું તેઓનો પૃથ્વી સુધ્ધાં સંહાર કરીશ" (ઉત્પત્તિ ૬ : ૫, ૧૩).

ઈશ્વરે પોતાના આ ઠરાવ વિષે જેમ નૂહને કહ્યું, તેમ હનોખને પણ જણાવ્યું હશે. ઈશ્વરે બીજી કેટલાંક ભવિષ્યની યોજનાઓ હનોખને જણાવી હતી, એમાંની એક યહૂદાના પત્રની ૧૪ અને ૧૫ મી કલમમાં આપી છે: "તેઓ વિષે પણ આદમથી સાતમા પુરુષ હનોખે ભવિષ્યવચન કહ્યું છે કે, જુઓ, સઘળાંનો ન્યાય કરવાને, સર્વ અધર્મીઓએ જે સર્વ અધર્મી કામો અધર્મીપણામાં કર્યાં, અને અધર્મી પાપીઓએ તેની વિરુદ્ધ જે સર્વ કઠણ વચનો કહ્યાં, તે વિષે પણ તેઓ સઘળાંને અપરાધી ઠરાવવાને પ્રભુ પોતાના હજારોહજાર સંતો સહિત આવ્યો." જૂના કરારમાં હનોખનું આ ભવિષ્યકથન ક્યાંયે આવતું નથી. છતાં નવા કરારમાં આપેલું છે. ભ્રષ્ટ થઈ ગયેલી પૃથ્વીનો વિનાશ કરવાના પોતાના ઠરાવ વિષે પ્રભુએ હનોખને જરૂરથી જણાવ્યું હશે.

મથૂસેલાહ નામનો મૂળાર્થ પણ એ જ સૂચવે છે. ઉપર જોયું તેમ આ નામનો મૂળાર્થ છે: "એનું જવું થશે ત્યારે એ આવશે," એટલે કે મથૂસેલાહનું મૃત્યુ થશે ત્યારે જળપ્રલય આવશે, અને આખી પૃથ્વીનો નાશ થશે. ઈશ્વરે પોતાના ભક્ત હનોખને પોતાના આ ઠરાવની જાણ કરી એની ભારે અસરો હનોખના આત્મિક જીવન પર પડી, એ પછી તે ઈશ્વરની ખૂબ નજદીક ચાલનારો બન્યો. એટલે બાઇબલ એના વિષે સાક્ષી પૂરે છે કે "અને મથૂસેલાહનો જન્મ થયા પછી હનોખ ત્રણસેં વર્ષ દેવની સંઘાતે ચાલ્યો."

સદોમના નાશ વિષે ઈશ્વરે અગાઉથી આબ્રાહમને જણાવ્યું હતું: "યહોવાએ કહ્યું, 'જે હું કરું છું તે શું આબ્રાહમથી સંતાડું ? ... કેમ કે હું તેને જાણું છું કે તે પોતાના દીકરાઓને

તથા પોતા પછી થનાર પોતાના પરિવારને એવી આજ્ઞા આપશે કે, તેઓ ન્યાય તથા ન્યાયકરણ કરવાને યહોવાનો માર્ગ પાળે; એ માટે કે આબ્રાહમ સંબંધી યહોવાએ જે કહ્યું છે, તે તે તેને આપે" (ઉત્પત્તિ ૧૮ : ૧૭, ૧૯). એ પછી ઈશ્વર સદોમનો નાશ કરવાના પોતાના ઠરાવ વિષે આબ્રાહમને જણાવે છે (જુઓ ઉત્પત્તિ ૧૮ : ૨૨ – ૨૩). આમોસ પ્રબોધકે પણ એ જ વાત જણાવી છે : "ખચીત પ્રભુ યહોવા પોતાનો મર્મ પોતાના સેવક પ્રબોધકોને બતાવ્યા સિવાય કંઈ કરશે નહિ" (આમોસ ૩ : ૭). એમ જળપ્રલયની યોજના વિષે ઈશ્વરે પોતાના ભક્ત હનોખને જણાવ્યું જ હશે.

પ્રભુએ હનોખને કહ્યું હશે કે, આ બાળક (મથૂસેલાહ)ને તું જુએ છે? એ જીવશે ત્યાં સુધી દુનિયા ટકશે. એ જશે એ પછી જળપ્રલય આવશે, અને દુનિયાનો નાશ થશે. એટલે એ બાળકનું નામ મથૂસેલાહ રાખવામાં આવ્યું (એ જશે ત્યારે જળપ્રલય આવશે).

અને એમ જ બન્યું, મથૂસેલાહ ૯૬૯ વર્ષ જીવ્યો. એની જિંદગીના ૯૬૯ મા વર્ષે જળપ્રલય આવ્યો. આપણે એ જોઈએ. ઉત્પત્તિ ૫ : ૨૫ માં આપ્યું છે કે "મથૂસેલાહ ૧૮૭ વર્ષનો થયો, ત્યારે તેને લામેખ જન્મ્યો." વળી ઉત્પત્તિ ૫ : ૨૮ માં આપ્યું છે કે, "લામેખ ૧૮૨ વર્ષનો થયો, ત્યારે તેને નૂહ જન્મ્યો." આ બે ઉંમરોનો સરવાળો કરીએ તો આ પ્રમાણે થાય :

૧૮૭ વર્ષ લામેખના જન્મ સમયે મથૂસેલાહની ઉંમર.
૧૮૨ વર્ષ નૂહના જન્મ સમયે લામેખની ઉંમર.
=૩૬૯ વર્ષ નૂહના જન્મ સમયે મથૂસેલાહની ઉંમર.
+૬૦૦ વર્ષ નૂહના ૬૦૦ મા વર્ષે જળપ્રલય થયો (બીજા માસમાં ૧૭ મા દિવસે).
=૯૬૯ વર્ષ જળપ્રલયના વર્ષે મથૂસેલાહની ઉંમર.

અને મથૂસેલાહનું કુલ આયુષ્ય ૯૬૯ વર્ષનું હતું. "અને મથૂસેલાહના સર્વ દહાડા નવસેં અગણોતેર વર્ષ હતાં; અને તે મરી ગયો" (ઉત્પત્તિ ૫ : ૨૭).

નૂહ ૬૦૦ વર્ષનો થયો ત્યારે મથૂસેલાહ ૯૬૯ વર્ષનો થયો. નૂહના ૬૦૦ મા વર્ષે જળપ્રલય થયો, એટલે કે મથૂસેલાહના ૯૬૯ મા વર્ષે જળપ્રલય થયો. આ સાલે મથૂસેલાહ ૯૬૯ વર્ષનો થઈને મૃત્યુ પામ્યો. એટલે એના નામ પ્રમાણે "આ જશે, ત્યારે તે (જળપ્રલય) આવશે" એ સત્ય ઠર્યું.

બિશપ અશરની કાલમાન ગણતરી પ્રમાણે ઈશ્વરે પૃથ્વીની ઉત્પત્તિ ઈ. પૂર્વે ૪૦૦૪ માં કરી. જળપ્રલય ઈ. પૂર્વે ૨૩૪૮ માં થયો, અને એ જ સમયે ઈ. પૂર્વે ૨૩૪૮ માં મથૂસેલાહ પણ મરણ પામ્યો. એમ ઉત્પત્તિથી જળપ્રલય સુધીનાં વર્ષો ૧૬૫૬ થયાં. ઉત્પત્તિના પાંચમા અધ્યાયમાં આપેલી વંશાવળી ઉપરથી ગણતરી કરીએ તો એટલાં જ વર્ષ થઈ રહેશે. આદમ ૧૩૦ વર્ષનો થયો ત્યારે તેને શેથ જન્મ્યો (ક. ૩); શેથ ૧૦૫ વર્ષનો થયો ત્યારે તેને અનોશ થયો (ક. ૬); અનોશ ૯૦ વર્ષનો થયો ત્યારે તેને કેનાન થયો (ક. ૯); કેનાન ૭૦ વર્ષનો થયો ત્યારે તેને માહલાલએલ થયો (ક. ૧૨); માહલાલએલ ૬૫ વર્ષનો થયો ત્યારે તેને યારેદ થયો (ક. ૧૫); યારેદ ૧૬૨ વર્ષનો થયો ત્યારે તેને હનોખ થયો (ક. ૧૮); હનોખ ૬૫ વર્ષનો થયો ત્યારે તેને મથૂસેલાહ થયો (ક. ૨૧); મથૂસેલાહ ૧૮૭ વર્ષનો થયો ત્યારે તેને લામેખ થયો (ક. ૨૫); અને લામેખ ૧૮૨ વર્ષનો થયો ત્યારે તેને નૂહ થયો (ક. ૨૮, ૨૯); અને નૂહ ૬૦૦ વર્ષનો થયો ત્યારે જળપ્રલય આવ્યો (૭ : ૬). એ બધાનો સરવાળો કરો તો ૧૬૫૬ વર્ષ આવે (૧૩૦ + ૧૦૫ + ૯૦ + ૭૦ + ૬૫ + ૧૬૨ + ૬૫ + ૧૮૭ + ૧૮૨ + ૬૦૦ = ૧૬૫૬).

ઈશ્વરે ૯૬૯ વર્ષ સુધી માણસોની દુષ્ટતા પ્રત્યે ધીરજ રાખી. વળી જળપ્રલય આવે તે પહેલાં ઈશ્વરે ચેતવણીનાં ૧૨૦ વર્ષ માણસોને આપ્યાં. "અને યહોવાએ કહ્યું કે, મારો આત્મા માણસની સાથે સદા વાદ નહિ કરશે, કેમ કે તે માંસનું છે; તથાપિ તેઓના દિવસ એકસો વીસ વર્ષ થશે" (ઉત્પત્તિ ૬ : ૩). આ ૧૨૦ વર્ષ સુધી નૂહે લોકોને દુષ્ટતાથી પાછા ફરવા ફરી અને ફરી ચેતાવણી આપ્યા કરી.

કેટલીક જાણવા જેવી વિગતો પણ અત્રે રજૂ કરું છું : નૂહ મરી ગયો ત્યારે આબ્રાહમ ૫૮ વર્ષનો થયો હતો. આદમ મૃત્યુ પામ્યો ત્યારે મથૂસેલાહ ૨૪૩ વર્ષનો હતો; આદમના મૃત્યુ પછી ૧૨૬ વર્ષે નૂહનો જન્મ થયો હતો, અને આદમના મૃત્યુ પછી ૭૨૬ વર્ષે જળપ્રલય આવ્યો હતો. નૂહનો પિતા લામેખ આદમનાં છેલ્લાં ૫૬ વર્ષ દરમિયાન આદમ સાથે હતો. મથૂસેલાહનો જન્મ ઈ. પૂર્વે ૩૩૧૭ માં અને મૃત્યુ ઈ. પૂર્વે ૨૩૪૮ માં = ૯૬૯ વર્ષ.

## ૧૧ મૂળ બાઇબલમાં કેટલાં પુસ્તકો હતાં?

**પ્રશ્ન :** પ્રોટેસ્ટંટ બાઇબલમાં બધાં મળી ૬૬ પુસ્તકો હોય છે : જૂના કરારમાં ૩૯, અને નવા કરારમાં ૨૭; જ્યારે રોમન કૅથલિક બાઇબલમાં બધાં મળી ૭૩ પુસ્તકો છે : જૂના કરારમાં ૪૬, અને નવા કરારમાં ૨૭. તો આમ કેમ હશે? અને ગુજરાતીમાં તેઓએ એને 'સંપૂર્ણ બાઇબલ' નામ આપ્યું છે. તો એ બરાબર છે? પ્રોટેસ્ટંટ બાઇબલ અધૂરું છે?

**જવાબ :** ઉપરોક્ત પ્રશ્નમાં આપેલી માહિતી બરાબર છે. બાઇબલ નામ ગ્રીક ભાષાના 'બિબ્લીઓસ' (= પુસ્તક) પરથી આવ્યું છે. બિબ્લીઓસ (એકવચન) = પુસ્તક; અને બિબ્લીઓન (બહુવચન) = પુસ્તકો. 'બિબ્લીઓન' શબ્દ ઉપરથી 'બાઇબલ' નામ બન્યું.

આખુંયે બાઇબલ (જૂનો તથા નવો કરાર) ૧૬૦૦ વર્ષના લાંબા ગાળામાં લખાયું. પ્રભુ પવિત્ર આત્માએ બાઇબલનાં બધાં પુસ્તકો પોતાના સેવકોને પ્રેરણા આપીને લખાવ્યાં. નવા કરારનાં પુસ્તકો લખવાનું કામ ઈસ્વી સનની પહેલી સદીમાં પૂરું થઈ ગયું. જૂના કરારનાં પુસ્તકો લખવાનું કામ મૂસાના સમયથી માંડીને માલાખીના પુસ્તક લખવાના સમય સુધીમાં કુલ લગભગ ૧૦૦૦ વર્ષ થયાં. હિબ્રૂ બાઇબલ (જૂના કરાર) માં પ્રબોધકોનાં પુસ્તકોમાં છેલ્લું પુસ્તક 'માલાખી'નું નહિ, પણ 'ઝખાર્યા'નું પુસ્તક આવેલું છે; 'માલાખી' અગાઉ આવે છે.

બાઇબલનાં આ બધાં પુસ્તકોને 'નિયમગણ' (અં૦ કેનન = માપદંડ) નાં પુસ્તકો તરીકે ગણવાની કામગીરી લાંબાં વર્ષો સુધી ચાલી હતી. આ બધાં પુસ્તકો ખરેખર ઈશ્વરની પ્રેરણાથી લખાયાં છે કે નહિ, એ ચકાસણીનો 'માપદંડ' (કેનન) હતો. આ માપદંડની ચકાસણીમાં પસાર થયેલાં પુસ્તકો જ 'નિયમગણ'નાં પુસ્તકો તરીકે માન્ય રખાયાં. આ થઈ જૂના તથા નવા કરારની સંયુક્ત વાત.

પ્રોટેસ્ટંટ બાઇબલમાંનાં જૂના કરારનાં ૩૯ પુસ્તકો તો ઈ. સ. પૂર્વે પાંચમી સદીમાં એઝરાના સમયમાં સર્વસ્વીકૃત તથા માન્ય થઈ ચૂક્યાં હતાં. ઈસ્વી સનની પહેલી સદીમાં થઈ ગયેલા યહૂદી ઇતિહાસકાર જોસીફસ એના ઇતિહાસનાં પુસ્તકોમાં એ વિષે ઉલ્લેખ કરે છે, એટલે કે જૂના કરારનાં ૩૯ પુસ્તકો યહૂદી બાઇબલમાં હતાં એમ તે માન્ય રાખે છે. વળી આજની સદીનો મહાન ઇતિહાસવેત્તા એચ. જી. વેલ્સ તેના **'આઉટલાઇન ઑફ હિસ્ટ્રી'** (ઇતિહાસની રૂપરેખા) નામના પુસ્તકમાં લખે છે કે, "જૂના કરારમાં આવેલાં બધાં જ પુસ્તકો લગભગ હાલમાં છે એ જ રૂપમાં ઓછામાં ઓછું ઈ. પૂર્વે ૧૦૦ માં હયાત હતાં."

ઈ. પૂર્વે લગભગ છઠ્ઠી સદીથી મોટા ભાગના યહૂદીઓ વતનની બહાર રહ્યા હતા, અને તેઓ તેમની માતૃભાષા હિબ્રૂથી બહુ પરિચિત રહ્યા નહોતા. વળી યુરોપ, આફ્રિકા અને એશિયા ખંડના કેટલાક દેશોમાં યહૂદીઓ જઈને વસ્યા હતા. તેઓ પણ હિબ્રૂ ભાષાના પરિચિત રહ્યા નહોતા. તે વખતની દુનિયામાં ગ્રીક ભાષા અને સંસ્કૃતિ બહુ પ્રચલિત હતાં. યહૂદી બાઇબલ (જૂનો કરાર) હિબ્રૂ ભાષામાં લખાયો હતો. એટલે હિબ્રૂ ભાષામાં લખાયેલા યહૂદીઓના ધર્મશાસ્ત્ર બાઇબલના જૂના કરારનો આ સમયે ગ્રીક ભાષામાં તરજુમો કરવામાં આવ્યો. ઈ. પૂર્વે આશરે ૨૭૦ માં આ તરજુમો થયો. આ તરજુમાને 'સેપ્ટયુઆજિન્ટ' (ગુ૦ સપ્તતિ) તરજુમો કહેવામાં આવે છે. ભારતમાં આ અરસામાં અશોક રાજાની આણ વર્તાતી હતી (ઈ. પૂર્વે ૨૬૪–૨૨૭). પ્રોટેસ્ટંટ બાઇબલમાં જૂના કરારમાં આવતાં ઓગણચાળીસેય પુસ્તકો જ ફક્ત આ 'સપ્તતિ' તરજુમામાં હતાં.

જૂના કરારનાં બધાં જ પુસ્તકો (૩૯ પુસ્તકો) આ અગાઉ ક્યારનાંયે હિબ્રૂમાં લખાઈ ચૂક્યાં હતાં, અને એ ઓગણચાળીસેય પુસ્તકોનો ગ્રીકમાં 'સપ્તતિ' આવૃત્તિમાં તરજુમો થયો હતો. રોમન કૅથલિક બાઇબલમાં જે વધારાનાં ૭ પુસ્તકો છે તે મૂળે કદીયે હિબ્રૂમાં લખાયાં નહોતાં. એમને 'એપોક્રીફા' કહેવામાં આવે છે. પાછલા સમયોમાં અજાણ લેખકોએ એ બધાંને બારોબાર ગ્રીક ભાષામાં જ લખ્યાં હતાં. એમને 'નિયમગણ' માં કદીયે સ્થાન મળ્યું નથી.

જૂના કરારનાં ઓગણચાળીસેય પુસ્તકો હિબ્રૂમાં ઈ. પૂર્વે છઠ્ઠી સદીના અંતભાગ સુધીમાં લખાઈ ચૂક્યાં હતાં તે બાબતની પ્રભુ ઈસુની પોતાની સાક્ષી નવા કરારમાં સ્પષ્ટ છે. એ સમયે જે છેલ્લાં બે પુસ્તક લખાયાં તે 'ઝખાર્યા' અને 'માલાખી' છે. હિબ્રૂ બાઇબલની ગોઠવણીમાં 'માલાખી' પ્રથમ આપેલું છે, અને ત્યાર પછી 'ઝખાર્યા.' એ બંને પુસ્તકો છઠ્ઠી સદીની આખરમાં લખાઈ ચૂક્યાં હતાં.

લૂક ૧૧ : ૫૧ માં આ પ્રમાણે પ્રભુ ઈસુના શબ્દો આપ્યા છે: "હા, હું તમને કહું છું કે હાબેલના લોહીથી તે ઝખાર્યા જે હોમવેદી તથા પવિત્રસ્થાનની વચ્ચે માર્યો ગયો, તેના લોહી સુધી એ સર્વનો બદલો આ પેઢીના લોક પાસેથી લેવામાં આવશે." આમ, હાબેલથી (ઉત્પત્તિ ૪ : ૧-૧૫) માંડીને બધા જ પ્રબોધકોનાં નામ ગણાવીને પ્રભુ ઈસુ કેવી અદલ સાક્ષી આપે છે કે છેલ્લામાં છેલ્લો પ્રબોધક ઝખાર્યા થઈ ગયો. એ પછી કોઈએ જૂના કરારનો કોઈ ભાગ યા પુસ્તક લખ્યું નથી. આમ પ્રભુ ઈસુની સાક્ષીમાં 'એપોક્રીફા' નાં પુસ્તકોનું કોઈ સ્થાન નથી. એપોક્રીફાનાં પુસ્તકો છેક પાછલા સમયમાં, અને તેયે ગ્રીક ભાષામાં લખાયાં, – હિબ્રૂમાં નહિ. જૂના કરારનાં પુસ્તકો લખવાની પવિત્ર આત્માની પ્રેરણા 'ઝખાર્યા' અને 'માલાખી' પછી પૂરી થાય છે.

નવા કરારના સમયમાં પણ (એટલે કે ઈ. સ. પહેલી સદીમાં પણ) કેટલાંક એવાં પુસ્તકો લખાયાં હતાં, જેમને નવા કરારના નિયમગણમાં સ્થાન મળ્યું નથી. એવાં પુસ્તકોમાંથી કેટલાંક આ પ્રમાણે છે : 'પિતરની સુવાર્તા,' 'સંત થોમાની સુવાર્તા,' અને 'સંત પાઉલની સુવાર્તા.' આમાંની છેલ્લી બે ગ્રીકમાં અને અંગ્રેજીમાં મારી પાસે છે. એ પુસ્તકો વાંચતાં જ માલૂમ પડે છે કે તેઓ ઈશ્વરપ્રેરિત નથી. દાખલા તરીકે, 'સંત પાઉલની સુવાર્તા' માં આપ્યું છે કે, એક સમયે સંત પાઉલ જંગલમાં થઈને જતા હતા, તેવામાં રસ્તામાં એક સિંહ તેમની તરફ આવતો હતો. સિંહ તો સંત પાઉલની પાસે આવીને એમના ચરણમાં બેસી ગયો. સંત પાઉલે સિંહને પૂછ્યું કે, "શું જોઈએ છે?" તો સિંહે કહ્યું, "મારે બાપ્તિસ્મા પામવું છે." સંત પાઉલે કહ્યું, "એ માટે તો પ્રભુ ઈસુને પોતાના તારનાર તરીકે માનવા પડે." તો સિંહે કહ્યું, "હું પ્રભુ ઈસુને મારા

તારનાર તરીકે માનું છું." એટલે સંત પાઉલે સિંહને બાપ્તિસ્મા આપ્યું. આવી વાતોને ઈશ્વરપ્રેરિત કેવી રીતે માની શકાય?

'સંપૂર્ણ બાઇબલ' એવું શીર્ષક ગેરમાર્ગે દોરનારું બને. રોમન કેથલિક બાઇબલમાં ફક્ત સાત વધારાનાં પુસ્તક જૂના કરારમાં છે, એટલું જ નહિ, પણ એસ્તેરના તેમ જ દાનિયેલના પુસ્તકમાં પ્રોટેસ્ટંટ બાઇબલના પાઠ કરતાં વધુ પાઠ ઉમેરેલો છે.

## ૧૨ હાલની પૃથ્વીનો નાશ થશે તો શું તદ્દન નવી પૃથ્વી બનાવવામાં આવશે?

**પ્રશ્ન:** હિબ્રૂ ૧:૧૦-૧૨માં તથા ૨ પિતર ૩:૫-૧૦માં તેમ જ અન્ય સ્થળે હાલનાં આકાશ તથા પૃથ્વી "નાશ પામશે," (એનો 'લય થશે') એમ આપવામાં આવ્યું છે. તો એ પછી નવી પૃથ્વી અને નવું આકાશ બનાવવા (રચવા) માં આવશે?

**જવાબ:** પૃથ્વીનો કોઈ કાળેય જડમૂળથી નાશ નથી થવાનો, એટલે કે પૃથ્વીનો હસ્તીલોપ નથી થવાનો, એનું અસ્તિત્વ મટી જવાનું નથી. પરંતુ પૃથ્વીના ઉપરના પડ (પોપડા) નો અગ્નિથી નાશ કરવામાં આવશે. એમ, પૃથ્વીને શુદ્ધ કરવામાં આવશે.

હિબ્રૂ ૧:૧૦-૧૨માં આ પ્રમાણે આપવામાં આવ્યું છે: "ઓ પ્રભુ, આરંભમાં તેં પૃથ્વીનો પાયો નાખ્યો, અને આકાશો તારા હાથની કૃતિ છે: તેઓ **નાશ પામશે**, પણ તું કાયમ રહે છે; વસ્ત્રની પેઠે તેઓ સર્વ જીર્ણ થઈ જશે; તું ઝભ્ભાની પેઠે તેઓને વાળી લઈશ, અને વસ્ત્રની પેઠે તેઓને બદલવામાં આવશે; પણ તું એવો ને એવો જ છે,..." વળી ૨ પિતર ૩:૬, ૭, ૧૦, ૧૧, ૧૨, ૧૩ માં આ પ્રમાણે આપવામાં આવ્યું છે: "તેથી તે વેળાનું જગત પાણીમાં ડૂબીને **નાશ** પામ્યું; પણ હમણાંનાં આકાશ તથા

પૃથ્વી તે જ **શબ્દથી** ન્યાયકાળ તથા અધર્મી માણસોના **નાશના** દિવસ સુધી રાખી મૂકેલાં છતાં બાળવાને સારુ તૈયાર રાખેલાં છે... પણ જેમ ચોર આવે છે, તેમ પ્રભુનો દિવસ આવશે; તે વેળાએ આકાશો મોટી ગર્જનાસહિત જતાં રહેશે, ને તત્ત્વો અગ્નિથી પીગળી જશે, અને પૃથ્વીને તથા તે પરનાં કામોને બાળી નાખવામાં આવશે. તો એ સર્વ લય પામનાર છે,...દેવના જે દિવસે આકાશો સળગીને લય પામશે તથા તત્ત્વો બળીને પીગળી જશે,...તોપણ આપણે તેના વચન પ્રમાણે નવાં આકાશ તથા નવી પૃથ્વી જેમાં ન્યાયીપણું વસે છે, તેની વાટ જોઈએ છીએ."

ઉપરના શબ્દોથી એવો ભાસ થાય છે કે પૃથ્વી તથા આકાશનો **નાશ** કરી નાખવામાં આવશે, અને તદ્દન નવી જ પૃથ્વી અને નવું જ આકાશ રચવામાં યા ઉત્પન્ન કરવામાં આવશે. ના, એવું નથી.

ઉપરનાં વાક્યોમાં અને બીજાં અનેક વાક્યોમાં **'નાશ,'** 'લય,' વગેરે શબ્દો વપરાયા છે, તે ગુજરાતી શબ્દો એવો ભાસ આપે છે. પણ એ બધા શબ્દોમાં 'હસ્તીલોપ' અથવા 'અસ્તિત્વ મટાડી દેવાની' કોઈ વાત છે જ નહિ. મૂળ ગ્રીક ભાષામાં આવાં બધાં વાક્યોમાં જુદા જુદા લગભગ વીસેક શબ્દો વાપર્યા છે. જેનો અર્થ **'નાશ,'** **'વિનાશ,'** **'લય,'** ઇત્યાદિ થાય છે. પણ એમાંના એકેયનો અર્થ હસ્તીલોપ થતો નથી. સૌથી વિશેષ વપરાયેલો અને તરી આવતો શબ્દ 'એપોલ્યુમી' છે જેનો અંગ્રેજી તરજુમો 'પેરીશ' (perish), અને ગુજરાતીમાં 'નાશ' કરવામાં આવ્યો છે (યોહાન ૩ : ૧૬. ૨ પિતર ૩ : ૬, ૭).

એ 'એપોલ્યુમી' શબ્દ અન્ય સ્થળે પણ વપરાયો છે, અને એનો ગુજરાતી તરજુમો આ પ્રમાણે થયો છે : **વસ્તુઓ માટે** માથ્થી ૫ : ૧૯, ૨૦ 'નાશ;' લૂક ૫ : ૩૭ 'મશકોનો **નાશ** થશે;'

પ્રે. કૃ. ૨૭ : ૩૪ 'માથાનો એક વાળ પણ **ખરવાનો નથી;'** હિબ્રૂ ૧ : ૧૧ 'તેઓ (આકાશ તથા પૃથ્વી) **નાશ પામશે;'** ૨ પિતર ૩ : ૬ 'તે વેળાનું જગત પાણીમાં ડૂબીને **નાશ પામ્યું;'** પ્રકટી. ૧૮ : ૧૪ 'તારા જીવનાં વાંછિત ફળ...અને સર્વ સુંદર તથા કીમતી પદાર્થો... **નાશ પામ્યા છે;'** તેમ જ **વ્યક્તિઓ માટે** માથ્થી ૮ : ૨૫ 'અમે **નાશ** પામીએ **છીએ;'** યોહાન ૩ : ૧૬ 'તેનો **નાશ ન થાય;'** ૧૦ : ૨૮ 'કદી તેઓનો **નાશ થશે નહિ;'** ૧૭ : ૧૨ 'વિનાશના દીકરા સિવાય તેઓમાંના કોઈનો **નાશ થયો નથી;'** રોમન ૨ : ૧૨ 'તેઓ નિયમશાસ્ત્ર વગરના છતાં **નાશ પામશે;'** ૧ કોરીંથી ૧ : ૧૮ '**કેમ કે નાશ પામનારાઓને** તો વધસ્તંભની વાત મૂર્ખતા જેવી લાગે છે.' એ ઉપરાંત જુઓ ૧ કોરીંથી ૮ : ૧૧. ૧૫ : ૧૮. ૨ પિતર ૩ : ૯. યહૂદા ક. ૧૧.

આ ગ્રીક શબ્દ 'એપોલ્યુમી' એ 'ઓલ્યુમી' નું જોરદાર સ્વરૂપ છે, અને 'સંપૂર્ણ વિનાશ' સૂચવે છે, છતાં એમાં 'હસ્તીલોપ' યા અસ્તિત્વને મટાડી દેવાની વાત નથી, પણ પાયમાલી, ખાનાખરાબી, પતન, અધોગતિ, ઇત્યાદિ અર્થ એના સંપૂર્ણ સ્વરૂપમાં સમાયેલા છે. યોહાન ૩ : ૧૬ માં જે વિશ્વાસ નથી કરતો તેનો નાશ થશે એવી ભાવના છે, તે એ અર્થમાં કે પ્રભુ ઈસુનો સ્વીકાર ન કરનાર નાશ પામશે, એટલે કે અનંતજીવનરહિત રહેશે, અને અનંતકાળ સુધી અનંત અગ્નિમાં પીડા ભોગવશે; એની હસ્તી મટી જશે નહિ, પણ અનંતકાળની અધોગતિ ભોગવશે.

એમ જ, પૃથ્વી અને આકાશનો નાશ થવાનો છે, એનો અર્થ એવો નથી કે એ બંનેની હસ્તી મટી જશે. ગીતશાસ્ત્ર ૧૦૪ : ૫ માં પૃથ્વી વિષે આપ્યું છે : "કદી ખસે નહિ એવો પૃથ્વીનો પાયો તેણે નાખ્યો છે," એ કલમ અને ખુદ હિબ્રૂ ૧ : ૧૦–૧૨ ના શબ્દો એવું

સૂચવે છે કે પૃથ્વી સદા ટકી રહેશે, પણ જેમ જીર્ણ થઈ ગયેલાં વસ્ત્રને ઉતારી મૂકીએ છીએ અને નવાં અથવા બીજાં પહેરીએ છીએ, એવી રીતે પૃથ્વીના પડ (પોપડા) નો અગ્નિથી નાશ કરવામાં આવશે, અને શુદ્ધ બનેલું નવું પડ એની જગા લેશે. બીજો પિતર ૩ : ૬ માં આપ્યું છે: "તે વેળાનું જગત પાણીમાં ડૂબીને **નાશ પામ્યું**," પણ બાઇબલને આધારે આપણે જાણીએ છીએ કે એ પૃથ્વીનું અસ્તિત્વ મટાડી દેવામાં આવ્યું નહોતું, પણ પૃથ્વીના પડ ઉપરથી માણસો, હરેક જીવો, વનસ્પતિ અને આખું પૃષ્ઠ નાશ પામ્યું, પણ પૃથ્વીનો ગોળો તો રહ્યો જ. એમ જ પ્રભુના આવવાના સમયોમાં પૃથ્વીના પડનો અગ્નિથી વિનાશ થશે, પૃથ્વી શુદ્ધ બનશે, પણ પૃથ્વીનો ગોળો તો રહેશે.

નવી પૃથ્વી એટલે એ ગોળા ઉપરથી, શ્રાપને કારણે ઊપજેલાં કાંટા, કંટાળી, ઇત્યાદિ નષ્ટ થશે, અને નવી, સુંદર, મધુરી વનરાજી ઊગી નીકળશે, અને ભરપૂરપણે ફસલ ઉપજાવશે. પશુઓનો હિંસક સ્વભાવ દૂર થશે. અને પૃથ્વી ઉપર કોઈ ઉપદ્રવકારી જીવજંતુઓ કે રોગનાં કીટાણુઓ રહેશે નહિ.

ખ્રિસ્તી મંડળીમાં એક ભૂલભરેલી માન્યતા ખૂબ ઊંડાં મૂળ ઘાલીને વિસ્તરી છે, એટલે કે આપણે ( પ્રભુના લોકો ) કાયમ સ્વર્ગમાં રહીશું. આ માન્યતા બાઇબલના શિક્ષણથી ઊલટી છે. હા, પ્રભુમાં મૃત્યુ પામનારાંઓના આત્મા હાલમાં પ્રભુની પાસે પારાદૈસમાં જાય છે એ વાત ખરી, પણ પ્રભુના પુનરાગમન સમયે શરીરો મહિમાવંતાં બનીને ઊઠશે, અને એમના આત્માઓની સાથે જોડાશે, અને સાત વર્ષ સુધી ગગનમાં પ્રભુની સાથે રહેશે. એ પછી પ્રભુ ઈસુ ગગનમાંથી પૃથ્વી ઉપર ઊતરશે, ત્યારે તેમની સાથે એ બધા પ્રભુના લોકો પૃથ્વી પર ઊતરશે, અને ખ્રિસ્તની સાથે રાજ્યાસનો પર બેસીને એક હજાર વર્ષ સુધી પૃથ્વી ઉપર રાજ્ય કરશે, એ પછી 'નવુ" યરૂશાલેમ જે

આકાશમાંથી પૃથ્વી ઉપર ઉતારવામાં આવશે તેમાં એ સૌ પ્રભુના લોક રહેશે. અને બાકી રહેલા લોકો 'નવી પૃથ્વી' માં વસશે. એ પછી આ બધા જ લોકો સર્વકાળ માટે 'પૃથ્વી પર જ રહેશે.' આ 'નવી પૃથ્વી' પણ સર્વકાળ ટકશે.

આકાશ પણ શુદ્ધ કરાશે. 'ખ્રિસ્તીબંધુ'' ના સપ્ટેમ્બર ૧૯૮૧ ના અંકમાં 'બાઇબલ-અભ્યાસ' વિભાગમાં 'ત્રણ આકાશ' યા 'ત્રણ આસમાન' વિષે આપ્યું છે, એમાંનાં પહેલાં બે આકાશો (ઉરાનોસ-વાદળાંવાળો વિસ્તાર, અને 'મેસુરાનોસ' અથવા મધ્ય આકાશ અથવા અંતરિક્ષ) શુદ્ધ કરવામાં આવશે - નવાં કરવામાં આવશે. હાલમાં અંતરિક્ષમાં શેતાન અને તેના અપદૂતો રહે છે તેમને અંતરિક્ષમાંથી પૃથ્વી ઉપર ફેંકી દેવાયા હશે, અને એક હજાર વર્ષ (સહસ્રાબ્દી) ના રાજ્ય પછી તેમને અગ્નિખાઈમાં નાખી દેવામાં આવશે. એ પછી આ આકાશોનું પણ શુદ્ધિકરણ થશે. એમ, સહસ્રાબ્દી રાજ્ય પછી નવું આકાશ અને નવી પૃથ્વી હશે.

પ્રભુ ઈસુના વધસ્તંભ પરના ઉદ્ધારક કાર્યના પરિણામે આકાશ તથા પૃથ્વી શુદ્ધ કરાશે. પાપ અને શાપની સર્વ અસરો બધેથી દૂર કરાશે. પાપના પિતા શેતાનને, તેના અપદૂતોને, તેમ જ પાપનાં કામો (દેહનાં કામો) નો - (ગલાતી ૫ : ૧૯) - પણ વિનાશ થશે, અને ક્યાંયે પાપશાપની અસરોના પડછાયા પણ નહિ રહે. પછી સર્વકાળ માટે પવિત્રાઈ બધે છાઈ રહેશે.

## ૧૩ "તેનો નાશ ન થાય'' એટલે શું ?

**પ્રશ્ન :** યોહાન ૩ : ૧૬ માં 'અનંતજીવન' ની સામે 'નાશ' શબ્દ આપ્યો છે : "તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે.'' 'જીવન'ની સામે 'નાશ' એટલે એનો અર્થ એવો ન થાય કે હયાતી મટી જાય, અસ્તિત્વ ખલાસ થઈ જાય !

**જવાબ :** આગલા પ્રશ્નની છણાવટમાં 'નાશ' માટે જે ગ્રીક શબ્દ વર્ણવ્યો છે, તે જ શબ્દ અહીં પણ વાપર્યો છે (એપોલ્યુમી). આપણા આ પ્રશ્નને ઉપર છણાવટ કરેલા પ્રશ્નની સાથે ખૂબ સંબંધ હોઈને બંને એકસાથે આ અંકમાં લીધા છે. આગલા પ્રશ્નમાં 'એપોલ્યુમી' (= નાશ) વિષે જોઈ ગયા કે, એનો અર્થ 'હસ્તીલોપ' કે 'વિધ્વંસ' નહિ, પણ સાર્વકાલિક શિક્ષા અને સર્વકાળ માટે ઈશ્વરથી વિમુખ રહેવું.

જે કોઈ પ્રભુ ઈસુ પર વિશ્વાસ નહિ કરે તેની હસ્તી કાયમ માટે મટી જશે, એમ નહિ. તેઓ અનંતકાળ માટે હયાત તો હશે, પણ પીડાસ્થાને રહેશે.

આમ છતાં ખ્રિસ્તી મંડળીમાં કેટલાકે એ દુર્મત ફેલાવ્યો છે કે જેઓએ પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર્યો હશે, નવો જન્મ પામ્યાં હશે, તેઓ જ મરણ બાદ અનંતજીવનમાં પ્રવેશશે, અને બાકી રહેલા બીજા બધા લોકોની હસ્તી મરણ પછી બિલકુલ મટી જશે. એટલે કે તેઓનાં શરીરો તો નાશ પામશે જ, પણ તેઓના આત્માઓની હસ્તી પણ મટી જશે. દુષ્ટોની અને દેવને વીસરનાર સર્વના આત્માઓની હસ્તી મરણ પછી બિલકુલ રહેશે નહિ.

આવો દુર્મત માનનારા એમ પણ માને છે કે માણસનો આત્મા અમર નથી, પણ ક્ષણભંગુર છે. ફક્ત પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરનાર, તેને સોંપાનાર અને નવો જન્મ પામનાર વ્યક્તિનો જ આત્મા અમર બને છે. આ મતને 'શરતી અમરપણું' (conditional immortality) કહેવામાં આવે છે. મરણ પછી ભૂંડાઓની હસ્તી તદ્દન નાબૂદ થશે; સદાકાળ માટે ભૂંસાઈ જશે; તેઓનાં શરીરોની તેમ જ આત્માની હયાતી નષ્ટ થઈ જશે. આ મત જૂઠો છે, બાઇબલના શિક્ષણની વિરુદ્ધનો છે.

એ મત પ્રમાણે તો દુષ્ટોનું પુનરુત્થાન જ નહિ થાય, અને ન્યાયકાળ પણ નહિ હોય; કારણ, જો દુષ્ટોની હયાતી જ નહિ હોય તો ન્યાયકાળ ક્યાંથી થવાનો? પણ પ્રભુ ઈસુએ પોતે આમ કહ્યું છે: "જેઓએ સારાં કામ કર્યાં છે, તેઓ જીવનનું ઉત્થાન પામવા સારુ, અને જેઓએ ભૂંડાં કામ કર્યાં છે, તેઓ દંડનું ઉત્થાન પામવા સારુ, નીકળી આવશે" (યોહાન ૫ : ૨૯).

બીજું કે, કુદરતમાં પણ વિધ્વંસ નથી, પણ એક રૂપમાંથી બીજા રૂપમાં ફેરવાય છે, – પદાર્થ શક્તિના રૂપમાં ફેરવાય છે, પદાર્થ બીજા પદાર્થમાં પણ પરિણમે છે.

ત્રીજી વાત કે પતિત થયેલા દૂતોનો વિધ્વંસ (સર્વનાશ) થયો નથી. યહૂદા ક. ૬ માં આપ્યું છે કે, "વળી જે દૂતોએ પોતાની પદવી જાળવી રાખી નહિ, પણ પોતાનું સ્થાન છોડી દીધું, તેઓને મોટા દિવસના ન્યાયકરણ સુધી તેણે અંધકારમાંના સનાતન બંધનમાં રાખ્યા છે." જો આ પતિત દૂતોનો વિધ્વંસ (સર્વનાશ) યા હસ્તીલોપ થયો નથી, તો દુષ્ટ માનવોનો પણ હસ્તીલોપ થશે નહિ. લાજરસ અને ધનવાનની વાતમાં પણ ઈશ્વરને ભૂલેલા ધનવાનની હસ્તીનો મૃત્યુ પછી લોપ થયો નથી, પણ હાડેસમાં પીડા ભોગવે છે.

વળી પ્રભુ ઈસુએ પોતે જ સાર્વકાલિક શિક્ષા વિષે કહ્યું છે: જો મૃત્યુ બાદ દુષ્ટોની હયાતી જ રહેવાની ન હોય, તો સાર્વકાલિક શિક્ષા કોને કરવાની હોય? પ્રભુ ઈસુએ પોતે જ આમ કહ્યું છે: (૧) "અને તેઓ સાર્વકાલિક શાસન (શિક્ષા) માં જશે, પણ ન્યાયીઓ સાર્વકાલિક જીવનમાં [જશે]" (માથ્થી ૨૫ : ૪૬). (૨) "અને જો તારો હાથ તને ઠોકર ખવડાવે, તો તેને કાપી નાખ; તને બે હાથ છતાં નરકમાં ન હોલવાનાર અગ્નિમાં જવું, તેના કરતાં ઠૂંઠો થઈને જીવનમાં પેસવું એ તારે માટે સારું છે ... તને બે આંખ છતાં

નરકાગ્નિમાં નંખાવું, કે જ્યાં તેઓનો કીડો મરતો નથી, ને અગ્નિ હોલવાતો નથી, તેના કરતાં કાણો થઈને દેવના રાજ્યમાં પેસવું એ તારે માટે સારું છે" (માર્ક ૯ : ૪૩ – ૪૮). (૩) "પછી ડાબી તરફનાઓને પણ તે કહેશે કે, ઓ શાપિતો, જે સાર્વકાલિક અગ્નિ શેતાન તથા તેના દૂતોને સારુ તૈયાર કરેલો છે, તેમાં તમે મારી આગળથી જાઓ" (માથ્થી ૨૫ : ૪૧).

ઉપર જણાવેલી કલમો, અને બીજી અનેક કલમો, એ બતાવે છે કે મૃત્યુ પછી પણ "દુષ્ટો અને દેવને વીસરનાર સર્વ"ની હયાતી અનંતકાળ માટે ચાલુ રહેશે, અને અનંકાલિક શિક્ષા ભોગવશે.

## ૧૪ વિશ્વ ઉત્ક્રાંતિનું પરિણામ કે ઈશ્વરના સૃજનકાર્યનું?

**પ્રશ્ન :** "આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં," એવું બાઇબલમાં ઉત્પત્તિ ૧ : ૧ માં લખેલું છે. પણ વિજ્ઞાનનાં પુસ્તકો તો શીખવે છે કે, સૃષ્ટિ આપોઆપ બની, અને ઉત્ક્રાંતિ પામતી ગઈ. વિશ્વવિદ્યાલયોમાં, કૉલેજોમાં અને હાઈસ્કૂલોમાં એવું જ શિક્ષણ આપવામાં આવે છે, તો એમાંથી સાચું શું?

**જવાબ :** આ પ્રશ્નનો જવાબ સંતોષકારક રીતે ટૂંકમાં આપવો અઘરો થઈ પડે. એ વિષે એક પુસ્તક તૈયાર કરી રહ્યો છું. છતાં હાલ અહીં ટૂંકમાં એનો જવાબ આપવા પ્રયત્ન કરીશ.

આપણી સૃષ્ટિ અને એમાંનું સર્વકાંઈ આપોઆપ, પોતાની મેળે બન્યું, અને ધીમે ધીમે ઉત્ક્રાંતિ થતાં જીવસૃષ્ટિમાં ફેરફાર થતા ગયા, એવી માન્યતા ઉત્ક્રાંતિવાદની છે. એ માન્યતા પ્રમાણે જડ-સૃષ્ટિ પ્રથમ અસ્તિત્વમાં આવી, અને એ પછી એમાં પ્રથમ એકકોશી જંતુ બન્યું. એમાં વિકાસ થતાં એમાંથી બહુકોશી જીવજંતુ થયાં, અને ઉત્ક્રાંતિ થતાં એમાંથી પંખીસૃષ્ટિ, પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિ-

સૃષ્ટિ અસ્તિત્વમાં આવ્યાં. એ પછી એમાંથી પલટો થઈને વાંદરાં બન્યાં, અને એમાંથી આખરે માણસ બન્યું. ડાર્વિને શરૂ કરેલો આ ઉત્ક્રાંતિવાદ એ પુરવાર થયેલી હકીકત નથી, માત્ર એક ધારણા છે. બાઇબલનું શિક્ષણ એથી ઊલટું છે. ઈશ્વરે જડ–ચેતન સર્વકાંઈ બનાવ્યું, અને દરેક પ્રકારનાં જીવજંતુ, પશુપંખી અને વનસ્પતિ શરૂઆતથી જ ઉત્પન્ન કર્યાં.

(૧) ઉત્ક્રાંતિવાદનો સંપૂર્ણ આધાર આ વાત પર છે કે એક જીવ પલટાઈને એમાંથી બીજો થયો. પણ પ્રાણીઓ કે પંખીઓનું નિરીક્ષણ કરીએ તો વચગાળાની સ્થિતિમાં કે પલટાતા સ્વરૂપમાં કોઈજ પ્રાણી કે પંખી ક્યાંયે જોવા મળતાં નથી. અને પથ્થરોમાં અશ્મિલ (ખડકોમાં પ્રાણીઓના બનેલા જૂના અવશેષો) બની ગયેલાં પ્રાણીઓ કે પંખીઓમાં પણ વચગાળાનું સ્વરૂપ ક્યાંયે જોવા મળતું નથી. વચગાળાનું સ્વરૂપ હોય તો મળે ને! ખુદ ડાર્વિને પોતે પોતાના પુસ્તક "ઓરીજીન ઑફ સ્પીસીસ" માં લખ્યું છે કે એ અજાયબ જેવી વાત કે ક્યાંયે બદલાતું કે વચગાળાનું સ્વરૂપ જોવા મળતું નથી. ડાર્વિને એને "ખોવાયેલી કડી" (મિસિંગ લિંક) કહી છે.

ડાર્વિનના પોતાના શબ્દોનું ગુજરાતીકરણ નીચે પ્રમાણે છે: "જો જુદા જુદા જીવો એક જાતમાંથી પલટાઈને ચડિયાતા ક્રમમાં ઉત્ક્રાંતિ પામતા જતા હોય, તો આપણને આસપાસ સર્વ સ્થળે એનાં પલટાતાં જતાં સ્વરૂપો કેમ ક્યાંયે જોવા મળતાં નથી? આ (ઉત્ક્રાંતિ) માન્યતા પ્રમાણે તો અસંખ્ય બદલાતાં સ્વરૂપો હોવાં જોઈએ, તો પછી એવાં પલટાતાં જતાં સ્વરૂપો કેમ ક્યાંય જોવા મળતાં નથી, યા પૃથ્વીના પડમાં અશ્મિલરૂપે પણ કેમ જોવા મળતાં નથી?"

એવાં પલટાતાં સ્વરૂપો ક્યાંયે જોવા મળતાં નથી, કેમ કે કોઈ પ્રાણી કે પંખી કે જીવજંતુ પલટાઈને બીજા સ્વરૂપમાં કદી પરિણમતાં

નથી; ઈશ્વરે સૃજનકાળથી અલગ અલગ જાતનાં પ્રાણી, પંખી, જીવજંતુ, અને ઘાસ-તરુ બનાવ્યાં છે, અને બરાબર એ જ પ્રમાણે એ જ સ્વરૂપમાં તેમની વંશવૃદ્ધિ થયા કરે છે.

ઉત્પત્તિના પહેલા અધ્યાયમાં ૭ વખત **"પોતપોતાની જાત પ્રમાણે"** એ શબ્દો આપવામાં આવ્યા છે. "અને દેવે મોટાં માછલાંને તથા હરેક પેટે ચાલનારાં જીવજંતુઓને, જે **પોતપોતાની જાત પ્રમાણે** પાણીએ પુષ્કળ ઉપજાવ્યાં, તથા **પોતપોતાની જાત પ્રમાણે** હરેક જાતનાં પક્ષીને, ઉત્પન્ન કર્યાં" (ઉત્પત્તિ ૧ : ૨૧). વળી, "અને દેવે કહ્યું કે, પ્રાણીઓને **પોતપોતાની જાત પ્રમાણે**, એટલે ગ્રામ્યપશુઓ તથા પેટે ચાલનારાં તથા વનપશુઓ **પોતપોતાની જાત પ્રમાણે**, તેઓને પૃથ્વી ઉપજાવો; અને તેવું થયું" (ઉત્પત્તિ ૧ : ૨૪). વળી, "અને **પોતપોતાની જાત પ્રમાણે** વનપશુઓને, તથા **પોતપોતાની જાત પ્રમાણે** ગ્રામ્યપશુઓને, તથા **પોતપોતાની જાત પ્રમાણે** પૃથ્વી પરનાં બધાં પેટે ચાલનારાંને દેવે બનાવ્યાં" (ઉત્પત્તિ ૧ : ૨૫).

આ ઉપરાંત, જળપ્રલય વખતે નૂહના વહાણમાં સાચવી રાખવા માટે પ્રાણીઓ, પંખીઓ તથા જીવજંતુઓમાંથી **"પોતપોતાની જાત પ્રમાણે"** અંદર વહાણમાં લેવામાં આવ્યાં હતાં જેથી બધી જાત જળવાઈ રહે; "અને સર્વ જાતનાં જાનવરોમાંથી બબ્બે તારી સાથે બચાવવાને સારુ તું વહાણમાં લાવ; તેઓ નરનારી હોય. **પોતપોતાની જાત પ્રમાણે** પક્ષીઓ, તથા **પોતપોતાની જાત પ્રમાણે** ... પેટે ચાલનારાં પ્રાણીઓમાંથી સર્વ જાતનાં બબ્બે, જીવ બચાવવા સારુ તારી પાસે આવે" (ઉત્પત્તિ ૬ : ૧૯, ૨૦). અને નૂહે એ જ પ્રમાણે કર્યું. "તેઓ તથા **પોતપોતાની જાત પ્રમાણે** હરેક જનાવર, તથા **પોતપોતાની જાત પ્રમાણે** સર્વ પશુ, તથા

**પોતપોતાની જાત પ્રમાણે** હરેક પેટે ચાલનારું પ્રાણી, જે પૃથ્વી પર ચાલે છે તે, ને **પોતપોતાનાં જાત પ્રમાણે** હરેક જાતનાં મોટાં તથા નાનાં પક્ષીઓ [વહાણમાં ગયાં]" (ઉત્પત્તિ ૭ : ૧૪, ૧૫). વળી જળપ્રલય પછી તેઓ બધાં વહાણમાંથી નીચે ઊતર્યાં ત્યારે પણ લખવામાં આવ્યું છે કે, "સર્વ પ્રાણીઓ, સર્વ પેટે ચાલનારાં, સર્વ પક્ષીઓ, તથા જે જે પૃથ્વી પર ચાલે છે, તે સર્વ **પોતપોતાની જાત પ્રમાણે** વહાણમાંથી **નીકળ્યાં**" (ઉત્પત્તિ ૮ : ૧૯).

આમ, બાઈબલમાં ઈશ્વરે આ શબ્દો **પોતપોતાની જાત પ્રમાણે** વારંવાર લખાવ્યા છે, કેમ કે એ બહુ જ અગત્યના શબ્દો છે. ઈશ્વરે દરેકને, એટલે કે વનસ્પતિ, પંખીઓ, તથા પ્રાણીઓને **પોતપોતાની જાત પ્રમાણે** બનાવ્યાં છે. અને કોઈ પ્રાણી કે પંખી પોતાની જાત બદલીને અન્ય જાતમાં પરિણમતું નથી. ઉત્ક્રાંતિવાદને આ શબ્દો ગજબનો ફટકો મારે છે, અને ઉત્ક્રાંતિવાદ જૂઠો છે એ બતાવી આપે છે. સારીયે સૃષ્ટિમાં ક્યાંયે પલટાઈ રહેલી યા પરિવર્તન પામતી "ખોવાયેલી કડી" જોવા મળતી નથી, કારણ કે, **ઈશ્વરે સર્વને પોતપોતાની જાત પ્રમાણે બનાવ્યાં છે; અને કોઈ જાત પલટાઈને બીજી જાતમાં પરિણમતી નથી.**

એના પુરાવા તરીકે આપણે કેટલાક દાખલા જોઈએ : માણસોએ ઘોડા અને ગધેડાના સંમિશ્રણથી 'સંકર' (વર્ણસંકર) ઓલાદ પેદા કરી, જેના ફરજંદને ખચ્ચર કહેવામાં આવે છે. પણ કોઈ ખચ્ચર બીજા ખચ્ચરને જન્માવી શકે જ નહિ, કારણ, ત્યાં ઈશ્વરનાં વચનની **"પોતપોતાની જાત પ્રમાણે"** ની દીવાલ વચ્ચે આવી ઊભી. એ દીવાલને ઓળંગીને તેઓ બીજી જાત નિપજાવી શકે જ નહિ. ખચ્ચર નપુંસક છે. અમદાવાદના ઝૂ–ગાર્ડન (પ્રાણીબાગ) માં સંચાલકે સિંહ (લાયન) અને વાઘ (ટાયગર) નું સંમિશ્રિત સંકર ફરજંદ બનાવ્યું

જેને 'લાયગર' કહેવામાં આવ્યું; 'લાયન' નો 'લાય' અને 'ટાઇગર' નો 'ગર' જોડીને એને 'લાયગર' કહ્યું. પણ એવી રીતે ઉત્પન્ન કરેલાં લાયગર બીજા લાયગરને જન્માવી શકે જ નહિ. સરકાર તરફથી ખેડૂતોને સંકર કપાસ કે સંકર બાજરીનું બી આપવામાં આવે છે. પણ એમાંથી નીપજેલા કપાસ કે બાજરીના બીને ફરી વાવવાથી સંકર કપાસ કે સંકર બાજરી નહિ નીપજે, પણ અસલ ઝીણી જાત જ પાછી થશે. **પોતપોતાની જાત**ની દીવાલ ઈશ્વરે સૃજનકાળથી બનાવી છે, અને એ દીવાલને કોઈપણ જીવ ઓળંગી શકતો નથી. ઉત્ક્રાંતિવાદની માન્યતા બિનપાયાદાર છે.

(૨) ઉત્ક્રાંતિવાદ પ્રમાણે તો વનસ્પતિ, જીવજંતુઓ, પંખીઓ, પ્રાણીઓ અને માનવીઓ એક જ આદિરૂપમાંથી ઉત્ક્રાંતિના ક્રમ પ્રમાણે બન્યાં. તો પછી આ તદ્દન જુદાં જુદાં રૂપ કેવી રીતે થયાં? એનો ખુલાસો વિજ્ઞાન પાસે નથી. ક્યારે વનસ્પતિરૂપમાંથી પ્રાણીરૂપ પલટાયું – અને કેવી રીતે – એનો કોઈ ખુલાસો વિજ્ઞાન પાસે નથી. વળી એ પલટો ત્યારે જૂના સમયમાં થયો હોય, તો આજે કેમ થતો દેખાતો નથી? – એનો પણ કોઈ જવાબ ઉત્ક્રાંતિવાદ પાસે નથી.

(૩) ઉત્ક્રાંતિ પ્રમાણે તો સર્વ સજીવોની અંદર થતી વૃદ્ધિ એક જ ધોરણે અને સરખી રીતે થવી જોઈએ. પણ તેવું જોવા મળતું નથી. સર્વને માટે એક જ નિયમ કે ધોરણ નથી દેખાતું. દાખલા તરીકે માનવી બાળક જન્મે છે ત્યારે તેનાં હાડકાં નાનાં હોય છે, અને બાળક મોટું થાય તેમ એનાં હાડકાં વૃદ્ધિ પામતાં જાય છે. પણ માણસના શરીરમાં એક જ હાડકું એવું છે કે જે જન્મ સમયે હોય છે તે ૭૦ કે ૧૦૦ વર્ષની વયે પણ તેટલું ને તેટલું જ રહે છે. જો એ હાડકાની જરાયે વૃદ્ધિ થાય તો એ માણસ બહેરો બની જાય. એ છે કાનના મધ્ય ભાગનું હાડકું. ઉત્ક્રાંતિવાદનો માનનારો કોઈ એનો ખુલાસો

આપશે કે કોણે એ હાડકાને હુકમ કર્યો કે ભલે બીજાં હાડકાં વૃદ્ધિ પામે, તારે તો તેટલા ને તેટલા જ રહેવાનું છે? ઈશ્વરે જ સૃજન સમયે એ વ્યવસ્થા કરી કે એ હાડકું વૃદ્ધિ ન પામે.

(૪) આખી સૃષ્ટિ અને એની બધી ચીજો અને જીવોને જોઈએ તો બધે જ ખાસ વ્યવસ્થા, વિકાસનિયમો, અને ભાત (ડિઝાઇન) અને યોજનાપૂર્વકનું આયોજન જોવા મળે છે. કહેવાતી ઉત્ક્રાંતિ તો આંધળી અરાજકતા અને અગાઉથી કરેલા આયોજનની ગેરહાજરી જ છે. જ્યાં અપારજ્ઞાની ડિઝાઇનર જ સૃષ્ટા હોય, ત્યાં જ ભાત યા ડિઝાઇન હોય; જ્યાં મહાબુદ્ધિશાળી વ્યવસ્થાપક સૃજનહાર હોય, ત્યાં જ સૃષ્ટિમાં નિયમ અને વ્યવસ્થા હોય. સૃષ્ટિમાં બધે આ વ્યવસ્થા, આયોજન અને ભાત (ડિઝાઇન) છે, એટલે જ એ આપોઆપ (per chance) બની ગયેલી સૃષ્ટિ નથી, પણ અપાર ડહાપણથી ભરેલા ત્રીકાળજ્ઞાની ઈશ્વરે જ આ સૃષ્ટિનું આયોજન કરેલું છે. કાનનું હાડકું વધતું નથી એ ઈશ્વરનું જ આયોજન છે.

(૫) સૃષ્ટિમાં પ્રાણીઓ પ્રાણવાયુ (ઑક્સિજન) શ્વાસમાં લે છે, અને અંગારવાયુ (કાર્બન ડાયોકસાઇડ) ને ઉચ્છ્વાસમાં બહાર કાઢી નાખે છે. જ્યારે વનસ્પતિ એથી ઊલટું કરે છે: અંગારવાયુને પોતાના પોષણ માટે શોષી લે છે, અને પ્રાણવાયુને બહાર કાઢે છે. આમ તેઓ અરસપરસ એકબીજાને સહાયરૂપ બને છે, અને સૃષ્ટિમાં પ્રાણવાયુ અને અંગારવાયુનું પ્રમાણ યા જથ્થો જળવાઈ રહે છે. જો ઝાડ પણ માણસની જેમ પ્રાણવાયુ જ લેતાં હોત, તો પૃથ્વી પરથી ઑક્સિજન (પ્રાણવાયુ) નો જથ્થો થોડા સમયમાં જ ખલાસ થઈ જાત, અને માણસો, અન્ય જીવસૃષ્ટિ તેમ જ વૃક્ષો પણ નાશ પામી જાત. પણ પરમબુદ્ધિશાળી ઈશ્વરે કેવું અરસપરસને મદદરૂપ થઈ પડાય તેવું આયોજન કર્યું છે!

(૬) પદાર્થવિજ્ઞાનમાં એક અટલ નિયમ યા વ્યવસ્થા છે — ગરમીથી સર્વ પદાર્થો ફૂલે, એટલે કે એમનું કદ મોટું થાય; અને ઠંડીથી સર્વ પદાર્થો સંકોચાય જેથી એમનું કદ નાનું થાય. સારીયે સૃષ્ટિમાં બધા પદાર્થો માટે એ જ નિયમ યા વ્યવસ્થા છે. પણ એમાં એક અપવાદ ઈશ્વરે બનાવ્યો છે : પાણી. પૃથ્વીના બધા જ પદાર્થ ઠંડીથી સંકોચાય છે, જ્યારે પાણી એકલું જ ઠંડીથી ફૂલે છે. પાણીથી છલાછલ ભરેલો બાટલો બૂચ મારીને જો રેફ્રિજરેટરના 'ફ્રીજ' વિભાગમાં મૂકવામાં આવે, તો અમુક સમય પછી અતિશય ઠંડીને લીધે બાટલાનું પાણી ફૂલવા (એટલે કે બરફ બનવા)થી બાટલો ફાટી જાય.

તો આ એક જ અપવાદ ઈશ્વરે કેમ રાખ્યો હશે ? જો પાણી ઠંડીથી સંકોચાતું હોત, તો ઠંડા પ્રદેશોમાં શિયાળામાં સરોવરો, નદીઓ અને સમુદ્રોનાં પાણી સંકોચાઈને ભારે થાત, અને એ બરફ નદી, સરોવર અને સાગરોને તળિયે બેસત, અને પરિણામે નદી, સરોવર અને સાગરની તળેના જીવો એટલે કે માછલાં, મગરમચ્છો, વહેલો અને એવી અસંખ્ય જીવસૃષ્ટિ નાશ પામત. પરંતુ પરમકૃપાળુ પરમેશ્વરે સૃષ્ટિના સૃજનકાળે કેવી અજાયબ વ્યવસ્થા કરી કે, માત્ર પાણી જ ઠંડીથી ફૂલે. એમ, પાણીનો બરફ બનતાં તે ફૂલે છે, અને તેનું કદ મોટું થાય છે, અને નદી, સરોવરો કે સાગરોના તળિયે નહિ બેસતાં માત્ર સપાટી ઉપર જ બરફ તરતો રહે છે. એમાં એ લાભ થાય છે : પાણીની અંદરના જીવો બચી જાય છે. વળી જેમ એસ્કિમોનાં બરફનાં 'ઇગ્લુ' નામનાં ઘરોમાં બરફના પડને લીધે ગરમાવો અને હૂંફ રહે છે, તેમ બરફના પડને લઈને નદી, સરોવરો અને સાગરોમાં હૂંફાળો ગરમાવો રહે છે, જે દ્વારા અંદરના જીવોને હૂંફ મળે છે. ઈશ્વરની આ કેવી પરમબુદ્ધિમય યોજના ! તે પાણીના જીવોની પણ ચિંતા રાખે છે. આંધળો ઉત્ક્રાંતિવાદ આવું ન કરી શકે.

(૭) પૃથ્વીની ધરી ૨૩.૫ અંશ વાંકી છે. એ વાંકી કેમ હશે? ઈશ્વરે જ એ પ્રમાણે આયોજન કર્યું છે, અને પૃથ્વીની ધરીને ૨૩.૫ અંશ વાંકી બનાવી છે. જો આ ધરી બરાબર સીધી હોત, તો પૃથ્વીના અમુક પ્રદેશો અતિશય ગરમીથી બળીને કોલસો થઈ જાત, અને બાકીનો ભાગ અતિશય ઠંડીને કારણે ઠરીને ઠીકરું થઈ જાત. પણ ધરી ૨૩.૫ અંશ વાંકી હોવાથી ઋતુઓ બદલાયા કરે છે, અને બધા પ્રદેશોને વારાફરતી ગરમી અને ઠંડી મળ્યા કરે છે. એટલું જ નહિ પણ જો આ ધરી જરાયે વધારે કે જરાયે ઓછી વાંકી હોત, તોપણ ઓછાંવત્તાં વિપરીત પરિણામ આવત. આંધળો ઉત્ક્રાંતિવાદ આવું આયોજન કરી શકે જ નહિ, પણ પરમબુદ્ધિશાળી ઈશ્વરે જ સૃજનસમયે આ વ્યવસ્થા કરી છે.

(૮) પૃથ્વી સૂર્યથી અમુક ચોક્કસ અંતરે આવેલી હોવાથી અને સૂર્ય અને પૃથ્વીનાં અરસપરસનાં ખેંચાણ (ગુરુત્વાકર્ષણ) એટલાં ચોક્કસ યોજેલાં હોવાથી જ પૃથ્વી ચોક્કસ અંતરે અવકાશમાં અધ્ધર લટકી રહી છે, અને નીચે પડી જતી નથી, કે સૂર્ય તરફ વધુ ખેંચાઈને ખાખ બની જતી નથી. એવું જ પૃથ્વી અને ચંદ્રનું પણ. અવકાશના બધા જ અગણિત ગગનગોળાઓનું પણ એવું જ છે. આવું આયોજન સૃષ્ટિના સરજનહાર ઈશ્વર જ કરી શકે. હા, સૃષ્ટિ અને તેનાં સર્વ વાનાં ઈશ્વરે યોજનાસર અને બુદ્ધિપૂર્વક ચોક્કસ ગણી ગણીને બનાવ્યાં છે, નહિ કે આપોઆપ બધું બન્યું.

ગણિત, બીજગણિત, યા ત્રિકોણમિતિ (ટ્રીગોમેટ્રી)નો કોઈ કૂટ દાખલો ગણેલું કાગળ પડ્યું હોય, એને લઈને તમે તમારા મિત્રને કહો કે, "આ તો મારો પાંચ વર્ષનો દીકરો પેન્સિલ લઈને કાગળ પર લીટા કરતો હતો તેમાંથી આવું એનાથી લખાઈ જવાયું!" એવો તમારો જવાબ સાંભળીને પેલો મિત્ર તમારા મગજની સ્થિતિ

વિષે શંકા ધરાવતો થાય. અથવા રેલવે સ્ટેશને તમે તમારા મિત્ર સાથે ઊભા હો, અને રેલવે એન્જિન આવે, ત્યારે તમે મિત્રને કહો કે, "ખાણોમાંથી લોખંડ, તાંબું, વગેરે આપોઆપ નીકળી આવીને આ એન્જિન આપોઆપ પોતાની મેળે બની ગયું !" તો તમારો મિત્ર તમારા મગજ વિષે શું ધારે? એવું જ આ અપાર ડહાપણથી અને ઝીણી ગણતરીપૂર્વક અને અપૂર્વ આયોજનથી ઈશ્વરે સૃજેલી પૃથ્વી આપોઆપ પોતાની મેળે બની ગઈ, એવું માનનારની બુદ્ધિ વિષે સમજવું – ભલેને તેઓ મહાવિજ્ઞાનીઓ હોય.

## ૧૫ 'ઇમ્માનૂએલ' કે 'ઈસુ'?

**પ્રશ્ન :** યશાયામાં લખ્યું છે : "તે માટે પ્રભુ પોતે તમને ચિહ્ન આપશે; જુઓ, કુમારી ગર્ભવતી થઈને પુત્ર જણશે, અને તેનું નામ તે ઇમ્માનૂએલ પાડશે" (યશાયા ૭ : ૧૪). પણ માથ્થી ૧ : ૨૧ માં તો લખ્યું છે : "ને તું તેનું નામ ઈસુ પાડશે; કેમ કે જે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે તે એ જ છે." તો કેમ પ્રભુ ઈસુનું નામ 'ઇમ્માનૂએલ' ન રાખતાં 'ઈસુ' રાખ્યું?

**જવાબ :** જૂના કરારની મોટા ભાગની ભવિષ્યવાણીઓને બે મુદતો હોય છે : એક તદ્દન નજદીકના સમયની, અને બીજી બહુ લાંબા કાળ પછીની. ભવિષ્યવાણીના સામાન્ય અર્થમાં અને સંકુચિત મર્યાદામાં એ ભવિષ્યવાણી તદ્દન નજદીકના પ્રસંગે પૂર્ણ થાય છે, પણ એનું શરસંધાન તો દૂરના ભાવિ માટે હોય છે. પહેલો પ્રસંગ યા વ્યક્તિ તે પૂર્વછાયા (પ્રતિછાયા) યા "થનાર વસ્તુનો પડછાયો" છે, અને ખરી વસ્તુ, ખરો બનાવ, યા ખરી વ્યક્તિ, એ લાંબા ગાળે આવનાર કે બનનાર છે – અને એ જ 'ખરી પ્રતિમા' (હિબ્રૂ ૧૦ : ૧) છે. આ આજના ભવિષ્યકથનના પણ બે તબક્કા છે : એક યશાયાના સમયનો તબક્કો, અને બીજો પ્રભુ ઈસુના જન્મ સમયનો તબક્કો.

ઘણા બાઇબલ-અભ્યાસીઓ જણાવે છે તેમ, યશાયાએ આ ભવિષ્યકથન આહાઝ રાજાને જણાવ્યું તે સમયે કુંવારી હશે એવી કોઈ એક કન્યાને યશાયાએ પોતાની પત્ની તરીકે લીધી, અને એ પછી (યશાયા ૮ : ૩, ૪ માં જણાવ્યું છે તેમ) એને ત્યાં 'માહેર-શાલાલ-હાશ-બાઝ' નામનો પુત્ર જન્મ્યો. એ પુત્ર સમજણો થયો (યશાયા ૮ : ૪) તેટલામાં અરામ અને ઇઝરાયલનાં રાજ્યો પાયમાલ થઈ ગયાં.

હવે આપણે યશાયામાં આપેલા આ ભવિષ્યકથનનું ઐતિહાસિક પડખું પણ વિચારી લઈએ. ઈ. પૂર્વે ૭૩૪માં આ ભવિષ્યકથન યશાયાએ કર્યું. તે વખતે યહૂદિયા (યહૂદાહ)ની ગાદી પર આહાઝ રાજા હતો. આ ભવિષ્યકથનનો સંદેશો પ્રાથમિક રીતે આહાઝ માટે હતો. યહૂદિયા રાજ્યના બે શત્રુઓ (ઇઝરાયલ અને અરામ યા દમસ્ક) વિરુદ્ધ આખું ભવિષ્યકથન છે (યશાયા ૭ : ૧૬).

તે સમયે અરામનો રાજા રસીન હતો, અને ઇઝરાયલનો રાજા પેકાહ હતો. તે બંને રાજાઓનો નાશ થશે એવું આ ભવિષ્યકથન કહે છે. એમનો નાશ કરનાર રાજા આસ્શૂર દેશનો તિગ્લાથ પિલેસેર હતો (યશાયા ૭ : ૧૮, ૨૦. ૮ : ૭). આ તિગ્લાથ પિલેસેર, ભવિષ્યકથન પ્રમાણે, બાર વરસ પછી (ઈ. પૂર્વે ૭૨૨માં) ઇઝરાયલ દેશ પર ચઢી આવ્યો, અને પેકાહ રાજાના કેટલાય બધા લોકોને ગુલામીમાં લઈ ગયો. પેકાહનું ખૂન થયું (૨ રાજા ૧૫ : ૨૯, ૩૦). વળી આ તિગ્લાથ પિલેસેરે રસીન રાજાના અરામ દેશ પર પણ ચઢાઈ કરી, પાટનગર દમસ્ક જીતી લીધું, અને રાજા રસીનને મારી નાખ્યો (૨ રાજા ૧૬ : ૯). એમ, યશાયા ૭ : ૧૫, ૧૬. ૮ : ૪, ભવિષ્યકથન પૂરું થયું. ભવિષ્યકથન ઉચ્ચારાયું તેવામાં જન્મેલો છોકરો બારેક વર્ષનો ઈ. પૂર્વે ૭૨૨માં થાય, અને યશાયા ૭ : ૧૫, ૧૬ માં લખ્યું

છે તેમ એ અરસા (ઈ. પૂર્વે ૭૨૨) માં તે ભલુંભૂંડું સમજનારો અને. અંદર ૧૫ મી કલમ આ પ્રમાણે છે: "તે ભૂંડું નકારવાને તથા ભલું પસંદ કરવાને સમજણો થશે, ત્યારે તે દહીં તથા મધ ખાશે." (ક. ૧૬) "એ છોકરો ભૂંડું નકારવાને તથા ભલું પસંદ કરવાને સમજણો થશે, તે પહેલાં જે એ રાજાથી તું ભયભીત થાય છે, તેમનો દેશ ઉજ્જડ થશે."

આમ, આ ભવિષ્યકથન એના નજદીકના તબક્કામાં પણ પૂર્ણ થયું, અને પ્રભુ ઈસુના જન્મ સમયે 'ખરી પ્રતિમા' પ્રમાણે સંપૂર્ણ રીતે પૂરું થયું. હવે આપણે 'ઇમ્માનૂએલ' અને 'ઈસુ' એ નામો વિષે જોઈએ.

'ઇમ્માનૂએલ' એટલે 'ઈશ્વર આપણી સાથે'! એ નામ આહાઝ માટે દિલાસારૂપ અને હિંમતરૂપ હતું, કારણ, જે એ શત્રુ–રાજ્યોથી તે બીતો હતો, તેમની સામે અને તેને પડખે ઇમ્માનૂએલ એટલે ઈશ્વર હતો. એ જ ઈશ્વર પ્રભુ ઈસુ દ્વારા આપણી સાથે રહ્યો, ઈશ્વર આપણી સાથે થયો.

'ઇમ્માનૂએલ' એ ગુણદર્શક નામ છે. યશાયાને પ્રબોધિકાથી જે પુત્ર થયો તેનું નામ ઇમ્માનૂએલ રાખવામાં આવ્યું નહોતું, પણ 'માહેર–શાલાલ–હાશ–બાઝ' રાખવામાં આવ્યું હતું. એમ જ મરિયમ કુંવારીથી જન્મેલા પુત્રનું નામ પણ 'ઇમ્માનૂએલ' રાખવામાં આવ્યું નહિ, પણ 'ઈસુ' રાખવામાં આવ્યું. જોકે માથ્થી ૧:૨૩માં યશાયાનું ભવિષ્યકથન ટાંકતાં લખ્યું છે કે, "તેનું નામ તેઓ ઇમ્માનૂએલ પાડશે," છતાં યૂસફને સ્વપ્નમાં પ્રભુના દૂતે જણાવ્યું કે, "તે (મરિયમ)ને દીકરો થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે; કેમ કે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે તે એ જ છે." એમ, 'ઇમ્માનૂએલ તો ગુણદર્શક નામ છે, એટલે કે 'ઈશ્વર આપણી સાથે.'

વળી, એજ આવનાર કુંવારીપુત્ર (પ્રભુ ઈસુ) વિષે યશાયા ૯:૬માં આ પ્રમાણે એનાં નામ (ગુણદર્શક નામ) આપ્યાં છે: "કેમ કે આપણે સારુ છોકરો અવતર્યો છે, **આપણને પુત્ર આપવામાં આવ્યો છે;**...તેને અદ્‌ભુત, મંત્રી, પરાક્રમી દેવ, **સનાતન પિતા,** ને શાંતિનો સરદાર, **એ નામ આપવામાં આવશે.**" આ પ્રભુ ઈસુનાં ગુણદર્શક નામો છે.

માણસોને કુટુંબોમાં અને સમાજમાં જે નામો આપવામાં આવે છે, તે નામો એ વ્યક્તિઓના ગુણધર્મ યા ખાસિયતો દર્શાવનાર નામો નથી હોતાં, પણ અલેલટપ્પે આપવામાં આવ્યાં હોય છે, જેમ કે, નામ હોય લક્ષ્મી, પણ ભીખ માગતી હોય; નામ હોય શાંતિલાલ, પણ નરદમ ઝઘડાખોર હોય. આમાં નામને અને નામ ધારણ કરનારને કોઈ સંબંધ ન હોય. જૂના કરારમાં અને કવચિત્ નવા કરારમાં પણ પવિત્ર આત્માએ માણસોનાં નામ બદલીને તેમને તેમના ગુણધર્મ કે કામગીરી પ્રમાણે નવાં નામો આપેલાં જોવા મળે છે.

એમ, 'ઈસુ' નામ પ્રભુ ઈસુ માટે તો ખરેખર ગુણદર્શક બની રહે છે. 'ઈસુ' એ હિબ્રૂ 'યેશુઆ'નું ગ્રીકરૂપ છે, અને 'યેશુઆ' એ અસલ 'યહોશુઆ' યા 'યોશુઆ'નું પાછલા સમયમાં થયેલું ટૂંકું રૂપ છે. પણ એ બધાંનો અર્થ 'યહોવા આપણું તારણ' અથવા 'તારણ' થાય છે. આ પ્રભુ ઈસુમાં જ આપણું તારણ (મુક્તિ, ઉદ્ધાર) છે એનું એમાં સૂચન છે, અને એ જ વાત દૂતે યૂસફને કહી: "કેમ કે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે તે એ જ છે."

બીજાં યહૂદી બાળકોને માબાપ 'ઈસુ' નામ આપે, ત્યારે એમાં તો માત્ર એટલો જ અર્થ ઘટાવી શકાય કે ઈશ્વર પોતાના લોકોનાં પાપમાંથી તારશે એવો એમનો વિશ્વાસ છે. પણ પ્રભુ ઈસુને એ 'ઈસુ' નામ આપવામાં આવ્યું ત્યારે એ તો એમનું કાર્યક્ષેત્ર દર્શાવતું ગુણવાચક નામ બન્યું.

## ૧૬ ઈસુના નામનો ઉલ્લેખ બીજે છે?

**પ્રશ્ન :** પહેલી સદીમાં ઈસુના નામનો ઉલ્લેખ બાઇબલ સિવાય અન્ય કોઈ સ્થળે કરવામાં આવ્યો હતો ખરો?

**જવાબ :** આજે આપણા જમાનામાં કોઈના વિષે નોંધ રાખવાની જેવી અને જેટલી બધી સુવિધાઓ છે તેવી પ્રભુ ઈસુના જમાનામાં નહોતી. આજે તો છાપાંઓમાં, મેગેઝીનોમાં, ટેપરેકર્ડ પર, કેસેટમાં, વિડિયોકેસેટમાં, કેમેરાના કચકડામાં, અને ઇલેકટ્રોનિક કોમ્પ્યુટરોથી લેવાતી છબીઓમાં આપણે નોંધણી કરી શકીએ છીએ. તે જમાનામાં એ બધાં સાધનો સુલભ નહોતાં. વળી આજે તો અમથાં અમથાં મામૂલી માણસોનાં જીવનચરિત્રો છપાય છે. તે જમાનામાં એ પણ નહોતું. ત્રીજી બાબત, રોમન સત્તાધારીઓ તથા યહૂદી આગેવાનો ઈસુને બિનમહત્ત્વની વ્યક્તિ ગણતા હતા, એટલે તેઓએ ઈસુ વિષે કોઈ નોંધ લીધી – રાખી નથી. પ્રભુ ઈસુને ચાહનારાં સેંકડો સામાન્ય માનવીઓને પ્રભુ ઈસુ વિષેની નોંધ લખવાનું સૂઝે નહિ, અને સુલભ્ય પણ બને નહિ. અને ચોથી બાબત, પ્રભુ ઈસુની હયાતી વિષે પછીના જમાનાના લોકો શંકાઓ ધરાવશે એવો પહેલી સદીમાં કોને, ક્યાંથી ખ્યાલ આવે?

બાઇબલમાં પ્રભુ ઈસુ વિષે ચારે સુવાર્તામાં જીવનચરિત્ર તરીકે બહુ ઝીણવટભરી અને આકસ્મિક રીતે વિગતો આપવામાં આવી છે. કાયદાની કચેરીમાં ઊલટ તપાસમાંથી પણ ઝળકતી રીતે પસાર થાય એવી એ બધી વિગતો છે. આ ઉપરાંત નવા કરારના પત્રોમાં પણ એવા જ ઉલ્લેખ છે. વળી, જૂના કરારની પૂર્વછાયાઓ અને પ્રભુ ઈસુના જીવનની ઝીણામાં ઝીણી વિગતો દર્શાવતાં ભરપૂર ભવિષ્યકથનો પ્રભુ ઈસુની હયાતીના સચોટ પુરાવા છે.

બાઇબલની બહાર પણ પ્રભુ ઈસુના જીવન વિષે કેટલાક ઉલ્લેખો છે. આપણે એ બધા જોઈએ ત્યાર પહેલાં એક બાબત જોઈ લઈએ. પહેલી સદીનાં ઘણાં લખાણો દટાઈ ગયેલાં હશે. સુવાર્તાઓ અને પત્રોની અસલ (મૂળ) નકલો ક્યાંયે નથી મળતી. આમ, પહેલી–બીજી સદીનાં ઘણાં લખાણ દટાઈ રહેલાં હશે. 'ડેડ સી સ્ક્રોલ'ની પેઠે ક્યારેક અનાયાસે મળે ત્યારે ખરાં.

૧. રોમન બાદશાહ કલોડિયસના અમલ દરમિયાન (ઈ. સ. ૪૧–૫૪) યહૂદીઓને રોમમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. એમના પર દોષ આ પ્રકારનો મૂકવામાં આવ્યો હતો કે, "ખ્રિસ્તની ચઢવણીથી તેઓ બળવો કરે છે." કદાચ એવું બનતું હશે કે યહૂદીઓ વસતા હતા એ વિભાગમાં ખ્રિસ્તની સુવાર્તા પ્રગટ કરવામાં આવતી હશે ત્યારે, તેને લીધે તોફાનો થતાં હશે. રોમન તવારીખોમાં આનો ઉલ્લેખ છે.

સતોનિયસ નામનો રોમન ઇતિહાસકાર (ઈ. સ. ૭૫–૧૬૦) થઈ ગયો. યહૂદીઓને ઈ. સ. ૫૨ માં રોમમાંથી ખ્રિસ્તીઓને હાંકી કાઢવામાં આવ્યા એ વિષે, તેણે લખેલા કલોડિયસ બાદશાહના જીવન-ચરિત્ર (૨૫ : ૪) માં (સરખાવો પ્રે. કૃ. ૧૮ : ૨) આ પ્રમાણે લખ્યું છે : "ખ્રિસ્તની ઉશ્કેરણીથી યહૂદીઓ સતત તોફાનો કરતા હતા તેથી તેણે (કલોડિયસ બાદશાહે) તેમને રોમમાંથી હાંકી કાઢ્યા."

૨. આ કલોડિયસ બાદશાહના રાજ્યકાળ દરમિયાન જ મૃત્યુ પામેલા કેટલાક ખ્રિસ્તીઓની કબરો ઉપર જે લેખ કોતરવામાં આવતા તેમાં ઈસુનું નામ મુકાતું હતું. એવી બે કબરો ઈ. સ. ૧૯૪૫ માં શોધી કાઢવામાં આવી હતી, જેમની ઉપર આવા લેખ કોતરેલા હતા : 'ઈસુ સહાય કરો,' અને 'ઈસુ, એને પાછો ઉઠાડો (કે ઊઠવા દો).'

૩. વળી એ જ બાદશાહના સમયમાં નાઝરેથમાં પથ્થરમાં કોતરેલું એક સરકારી ફરમાન જાહેર જાણ માટે મૂકવામાં આવેલું આજે જોવા

મળે છે. એ આરસમાં કોતરેલા ફરમાનમાં જણાવવામાં આવેલું કે, કબરમાંથી મુડદું કાઢવું એ સરકારી ગુનો છે, અને એને માટે દેહાંતદંડની શિક્ષા થશે. પ્રભુ ઈસુની કબર પર ચોકી-પહેરો રાખતા સિપાઈઓએ એવું ફેલાવેલું કે, તેઓ ઊંઘતા હતા ત્યારે કોઈ આવીને કબરમાંથી શબ ચોરી ગયું (માથ્થી ૨૮ : ૧૧-૧૫). એ વાત છેક રોમ સુધી પહોંચી હોવી જોઈએ. અને એટલે ક્લોડિયસ બાદશાહે પાલેસ્તાઇનના વિસ્તારમાં આવાં ફરમાન પથ્થરમાં કોતરાવી ચોઢાવ્યાં હશે. આમાં ઈસુના મૃત્યુ તથા કબરનો આછો ઉલ્લેખ દેખાય છે.

૪. ઇટાલીનું પોમ્પી શહેર વિસુવિયસ જ્વાળામુખી ફાટવાથી ઈ. સ. ૭૯ માં ધગધગતા લાવામાં દટાઈ ગયું. એનાં ખંડિયેરો ખોદી કાઢવામાં આવ્યાં છે. એ શહેરમાં પહેલી સદીના ખ્રિસ્તીઓએ જે લખાણો કંડારેલાં છે તે આ ખંડિયેરોમાં આજેય જોવા મળે છે. હું ૧૯૫૧માં પોમ્પી શહેર જોવા ગયો હતો ત્યારે એમાંનાં કેટલાંક લખાણ જોવા મળ્યાં હતાં. એ લખાણોમાં ઈસુ ખ્રિસ્ત વિષેના ઉલ્લેખો જોવા મળે છે.

૫. યહૂદીઓનાં તાલ્મુદમાં ઈસુના નામનો વારંવાર ઉલ્લેખ આવે છે. ખ્રિસ્તીઓ પ્રભુ ઈસુ માટે "કુંવારીપુત્ર" એવું ઓળખ-નામ વાપરતા. ગ્રીકમાં એને માટે 'એન-પાર્થેનોસ' છે. 'એન' એટલે 'દીકરો' અને 'પાર્થેનોસ' એટલે 'કુંવારી.' પણ યહૂદીઓ આ ઓળખ-નામની ઠઠ્ઠામશ્કરી કરતાં એને 'એન-પાન્દેરા' કહેતા. અને એવું જ યહૂદી તાલ્મુદમાં લખેલું છે. 'એન' એટલે 'દીકરો', અને 'પાન્દેરા' એટલે 'દીપડો,' 'ચિત્તો' કે 'રાની બિલાડો'. એ ઠઠ્ઠા-નામનો એવો અર્થ થયો કે 'જંગલી બિલાડાનો પુત્ર'. આ ઠઠ્ઠાની વાત યહૂદી તાલ્મુદમાં છે. એ બતાવે છે કે પ્રભુ ઈસુ એક ઐતિહાસિક વ્યક્તિ પહેલી સદીમાં થઈ ગઈ.

૬. રોમન ઇતિહાસકાર તાસીતસ (ઈ. સ. ૫૫-૧૧૮) પોતાના ઇતિહાસ (તવારીખ ૧૫ · ૪૪)માં પ્રભુ ઈસુનો ઉલ્લેખ કરે છે, અને

લખે છે કે, રોમન હાકેમ પોંતિયસ પિલાતના અમલ દરમિયાન જે ખ્રિસ્તને મૃત્યુસજા આપવામાં આવી તેના નામ ઉપરથી ખ્રિસ્તીઓને (ખ્રિસ્તી) નામ આપવામાં આવ્યું છે. આમ, આ રોમન ઇતિહાસકાર પ્રભુ ઈસુ જીવંત વ્યક્તિ થઈ ગયા, અને રોમન હાકેમના સમયમાં એમને દેહાંતદંડ ફરમાવ્યો એ વાતને માન્ય રાખે છે.

એ લખાણના મૂળ પાઠનું ગુજરાતી આ પ્રમાણે થાય : (રોમ શહેરને લાગેલી આગ નીરો બાદશાહે ફરમાવી હતી એવી ફેલાયલી માન્યતાને કોઈ રીતે ટાળી શકાતી નહોતી, તેથી નીરો બાદશાહે આગ લગાડવાનો દોષ ખ્રિસ્તીઓ પર મૂક્યો અને ખ્રિસ્તીઓની ભારે સતાવણી કરી). "આ અફવાને ડામવા નીરોએ અમુક વર્ગ એટલે ખ્રિસ્તીઓ પર એ દોષ ઢોળ્યો, અને તેમને ક્રૂરમાં ક્રૂર અને ભયંકર સજા ફરમાવી. આ લોકોને તેમનાં અમંગળ કૃત્યોને લીધે ધિક્કારવામાં આવે છે, અને સામાન્ય રીતે લોકો તેમને ખ્રિસ્તીઓ તરીકે ઓળખે છે. ખ્રિસ્ત, જેના પરથી તેમને નામ આપવામાં આવ્યું છે, તેને તિબેરિયસ (બાદશાહ)ના સમયમાં હાકેમ પોંતિયસ પિલાતે મૃત્યુદંડ ફરમાવ્યો હતો." (તાસીતસ એનલ્સ ૧૫.૪૪) 'નીરોની સતાવણી' ઈ. સ. ૬૪.

૭. પણ સૌથી વધુ સચોટ ઉલ્લેખ તો યહૂદી ઇતિહાસકાર જોસીફસે કર્યો છે. આ યહૂદી ઇતિહાસકાર જોસીફસ ઈ. સ. ની પહેલી સદી (૩૭–૯૫)માં થઈ ગયો. એ ખ્રિસ્તી નહોતો, પણ યહૂદી ધર્મ પાળતો હતો. રોમન બાદશાહ–પુત્ર તિતસ જે એક લાખનું લશ્કર લઈને ઈ. સ. ૭૦માં યરૂશાલેમ સામે ચઢી આવ્યો હતો, અને યરૂશાલેમનો તથા મંદિરનો વિનાશ કર્યો હતો, તે લડાઈમાં આ જોસીફસે ભાગ લીધો હતો. એણે પોતાનાં પુસ્તકોમાં (જે બધાં અંગ્રેજીમાં 'એન્ટીક્વીટીઝ' તરીકે ઓળખાય છે તેમાં) પ્રભુ ઈસુ વિષે અને મંડળી વિષે, વગેરે બાબતો સંબંધી પુષ્કળ ઉલ્લેખ કર્યા છે.

ઍન્ટીક્વીટીઝ ૧૮ : ૩, ૩ માં પ્રભુ ઈસુના ચમત્કારો અને એના પુનરુત્થાન વિષે ઉલ્લેખ કરવામાં આવ્યા છે.

૮. આ ઉપરાંત પ્લીની (નાનો) (ઈ. સ. ૬૨ – આ. ૧૧૩) બિથુનિયાના ખ્રિસ્તીઓ (ઈ. સ. ૧૧૨) વિષે ટ્રાજન બાદશાહની સલાહ પૂછતા કાગળમાં ત્રણ વાર ઈસુ નામનો ઉલ્લેખ કરે છે. સ્થળ-સંકોચને લીધે એ લખાણ અહીં વિગતવાર ઉતારી શકાય તેમ નથી. (પ્લીનીના પત્ર ૧૦ [એડ ટ્રાજ.] ૯૬.) પહેલી સદીના બીજા કેટલાયે રોમનોનાં લખાણમાં ઈસુ નામનો ઉલ્લેખ છે.

કેટલાંક પ્રચલિત લખાણો ઈસુ વિષે લખાયેલાં છે, પણ એ બધાં બનાવટી છે, જેવાં કે 'ઈસુ ખ્રિસ્તનું અજ્ઞાત જીવન' (ધી અનનોન લાઇફ ઑફ ક્રાઇસ્ટ); 'ઈસુના ક્રૂસારોહણનો આંખેદેખ્યો હેવાલ' (ધી ક્રૂસિફિકશન ઑફ જીજસ, બાય એન આઇ-વિટનેસ); 'ધી રીપોર્ટ ઑફ પિલાત'; 'પોંતિયસ પિલાતની કબૂલાત' (ધી કન્ફેશન ઑફ પોંતિયસ પિલાત); 'સ્વર્ગથી પત્ર' (ધી લેટર ફ્રોમ હેવન); 'ખ્રિસ્તનું વર્ણન' (ધી ડિસ્ક્રિપ્શન ઑફ ક્રાઇસ્ટ); અને એવાં અનેક લખાણો એ કલ્પનામાંથી યોજેલાં અને બનાવટી લખાણો છે, તે પર ભરોસો કરવો નહિ.

## ૧૭ પ્રભુ ઈસુને રૂ. ૩૦ માં જ કેમ વેચ્યા ?

**પ્રશ્ન :** માથ્થી ૨૬ : ૧૪, ૧૫ માં લખવામાં આવ્યું છે કે, મુખ્ય યાજકોએ યહૂદાને રૂપિયા ત્રીસ તોળી આપ્યા. પ્રભુ ઈસુને પરસ્વાધીન કરવાના બદલામાં મુખ્ય યાજકોએ ત્રીસ રૂપિયા યહૂદાને આપ્યા. તો કેમ વધારે કે ઓછા નહિ ? માત્ર રૂ. ૩૦ માં જ કેમ પરસ્વાધીન કર્યા ?

**જવાબ :** યહૂદીઓમાં ગુલામની કીમત રૂપિયા ત્રીસ ગણાતી. એટલે એટલી કીમતે પ્રભુ ઈસુને વેચવામાં આવ્યા. નિર્ગમન ૨૧ :

૩૨ માં આ પ્રમાણે આપ્યું છે: "જો તે બળદ કોઈના ચાકરને કે કોઈની ચાકરડીને શિંગડું મારે, તો [તેનો ધણી] તેમના શેઠને ત્રીસ શેકેલ રૂપું ભરી આપે, ને તે બળદ પથ્થરે મરાય."

વળી યિર્મેયા પ્રબોધકે એ વિષે જે ભવિષ્યકથન કર્યું હતું તેને માથ્થીએ પોતાની સુવાર્તામાં આ પ્રમાણે નોંધ્યું છે: "ત્યારે મુખ્ય યાજકોએ તે રૂપિયા લઈને કહ્યું કે, એ લોહીનું મૂલ્ય છે માટે ભંડારમાં એ નાખવા ઉચિત નથી. પછી તેઓએ મનસૂબો કરીને પરદેશીઓને દાટવા સારુ તેનું કુંભારનું ખેતર વેચાતું લીધું. તે માટે આજ સુધી તે ખેતર 'લોહીનું ખેતર' કહેવાય છે. ત્યારે યિર્મેયા પ્રબોધકે જે કહ્યું હતું તે પૂરું થયું કે, 'જેનું મૂલ્ય ઠરાવવામાં આવ્યું, એટલે જેનું મૂલ્ય ઇઝરાયલપુત્રોએ ઠરાવ્યું તેના મૂલ્યના ત્રીસ રૂપિયા તેઓએ લીધા, અને જેમ પ્રભુએ મને હુકમ કર્યો, તેમ કુંભારના ખેતરને સારુ મેં તે આપ્યા" (માથ્થી ૨૭: ૬–૧૦).

આ ત્રીસ રૂપિયા તે આપણા ભારતના કે એવા કોઈ ચલણી નાણાના રૂપિયા નહોતા. એ તો યહૂદીઓમાં વજનથી જોખાતા રૂપાના શેકેલના ચાંદીના ત્રીસ કટકા હતા. ચાંદીનો એક શેકેલ એટલે લગભગ ૧૧ ગ્રામ ચાંદી થાય. એ પ્રમાણે ૩૦ શેકેલ એટલે ૩૩૦ ગ્રામ ચાંદી થઈ. આજના ચાંદીના ભાવ પ્રમાણે ૩૩૦ ગ્રામ ચાંદીનો ભાવ ગણી કાઢી શકાય.

યૂસફને રૂપિયા ૨૦ માં વેચવામાં આવ્યો હતો, તે પણ ચાંદીના એક એક શેકેલના એવા ૨૦ કટકા હતા. અગિયાર ગ્રામ લેખે એ ૨૦ શેકેલનું વજન ૨૨૦ ગ્રામ થયું. એ ઉપરથી આજના ભાવ પ્રમાણેની કીમત કાઢી શકાય. યૂસફની ૩૦ રૂપિયા નહિ, પણ ૨૦ જ રૂપિયા કીમત ઊપજી એ આ કારણથી કે યૂસફ કાચી વયનો છોકરો હતો, પુખ્ત ઉંમરનો માણસ નહિ.

## ૧૮ લોહી અને પાણી કેમ નીકળ્યાં?

**પ્રશ્ન :** પ્રભુ ઈસુની કૂખમાં ભાલો મારવામાં આવ્યો ત્યારે લોહી અને પાણી કેમ નીકળ્યાં? મરેલા માણસના શરીરમાંથી લોહી નીકળે?

**જવાબ :** યોહાન ૧૯ : ૩૪ માં લખ્યું છે : "એક સિપાઈએ ભાલાથી તેની કૂખ વીંધી, એટલે તરત તેમાંથી લોહી તથા પાણી નીકળ્યાં." વૈદકીય વિજ્ઞાન પ્રમાણે, મૃત્યુ પામેલા માનવીમાંથી લોહી નીકળે જ નહિ. માણસ મૃત્યુ પામે ત્યારે એનું લોહી અંદરની નળીઓમાં થીજી જાય છે, અને એવા મૃત માણસને ઘા કરવામાં આવે, તો થીજી ગયેલા લોહીમાંથી છૂટું પડેલું પાણી (સીરમ) એકલું નીકળી આવે. આ પાણી યા સીરમ ફિક્કા રતુમડા રંગનું હોય છે.

પ્રભુ ઈસુના શરીરમાંથી, ભાલો વાગતાં, લોહી અને પાણી (સીરમ) નીકળ્યાં. માણસ કોઈ તીવ્ર કે આવેગભર્યા મૃત્યુથી મરણ પામે, અને હૃદય બંધ પડી જાય, ત્યારે એના ડાબા પડખામાં લોહી જમા થાય છે, અને પાણી (સીરમ) લોહીના ઘન પદાર્થો (રાતાકણો, શ્વેતકણો, વગેરે) થી છૂટું પડે છે. એટલે ઈસુને ભાલો મારવામાં આવ્યો ત્યારે આ નીતરેલું પાણી (સીરમ) અને ઘન પદાર્થો (ઘટ્ટ બનેલું લોહી) ધસી આવ્યું. પ્રભુ ઈસુ મૃત્યુ પામ્યા એની આ સચોટ સાબિતી હતી. (આ વિષે વધુ જાણવા જુઓ લેખકકૃત "બાઇબલ–અભ્યાસ" ભાગ ૧ લો, પ્રશ્ન ૧૨ મો, પૃષ્ઠ ૨૬–૨૯).

## ૧૯ કોરડા કેવા હતા?

**પ્રશ્ન :** પ્રભુ ઈસુને મારવામાં આવેલા કોરડા કેવા પ્રકારના હતા?

**જવાબ :** માથ્થી ૨૭ : ૨૬ અને માર્ક ૧૫ : ૧૫ માં જણાવવામાં આવ્યું છે કે, "ઈસુને કોરડા મરાવીને વધસ્તંભે જડાવવા (માર્કમાં :

જડવા) સારુ સોંપ્યો." કોરડાની શિક્ષા અતિશય ઘાતકી શિક્ષા હતી. પુનર્નિયમ ૨૫ : ૨–૩ પ્રમાણે યહૂદી રીત પ્રમાણે ગુનેગારને સુવાડીને એની પીઠ ઉપર ફટકા મારવામાં આવતા. "જો દુષ્ટ માણસ ફટકાયોગ્ય હોય તો એમ થાય કે ન્યાયાધીશ તેને સુવાડીને તેના ગુના પ્રમાણે ગણીને તેને પોતાના દેખતાં ફટકા મરાવે. ચાળીસ ફટકા સુધી તે તેને મારે, પણ તે ઉપરાંત નહિ." રખેને ચાળીસ કરતાં વધારે ફટકા મરાઈ જાય, અને કાયદાનો ભંગ થાય, એમ સમજીને સામાન્ય રીતે ઓગણચાળીસ ફટકા મારવામાં આવતા (જુઓ ૨ કોરીંથી ૧૧ : ૨૪). આ ફટકા ચામડાની વાધરીઓના બનેલા ચાબૂક દ્વારા મારવામાં આવતા. એ વાધરીઓમાં બળદના ચામડાની એક અને ગધેડાના ચામડાની બે વાધરી લેવામાં આવતી. તેર ફટકા જમણા ખભા તરફ પીઠ ઉપર, બીજા તેર ફટકા ડાબા ખભા તરફ પીઠ ઉપર અને પછી બાકીના તેર ફટકા કમરની આસપાસ મારવામાં આવતા.

પણ રોમન ફટકાની શિક્ષા તો યહૂદી ફટકાની શિક્ષા કરતાં ક્યાંયે અધિક ઘાતકી અને ત્રાસજનક હતી. લાકડાનો ગોળ નાનો કકડો લઈ એની આસપાસ ચામડાની સંખ્યાબંધ વાધરીઓ બાંધવામાં આવતી. પ્રત્યેક વાધરીને છેડે તીક્ષ્ણ અણીદાર હાડકાંના કે પછી સીસા, તાંબા કે લોખંડના કકડા ગૂંથી લેવામાં આવતા. ફટકાની સંખ્યા નક્કી નહોતી ન્યાયાધીશ ફરમાવે તેટલા ફટકા મારવામાં આવતા. અને ન ઠરાવ્યા હોય ત્યારે સિપાઈઓના મનમાં આવે તેટલા ફટકા મારવામાં આવતા.

આ રોમન ફટકા પીઠ ઉપર પડતા ત્યારે માત્ર ચામડી ઉપર સોળ ઊઠતા એમ નહિ, પણ હાડકાંના કે ધાતુના કકડા ગુનેગારના માંસને વીંધી નાખતા, અને માંસના નાના નાના ટુકડા લઈને બહાર આવતા. આમ, ગુનેગારની પીઠ રહેંસાઈ જતી. બહાર નીકળેલા માંસ અને લોહીથી તેની પીઠ ખરડાયેલી બની જતી. ગુનેગાર બેસુમાર

યાતના પામતો. સામાન્ય માણસ તો થોડાક ફટકામાં મૂર્છા ખાઈ જતો. આવા રોમન ફટકા **'અર્ધું મોત'** ગણાતા. ગુનો કબૂલ કરાવવા કે સાક્ષી પુરવાર કરાવવા પણ આ શિક્ષા વપરાતી. ઈ. સ. ૧૨૩ માં અને ૨૪૮ માં પોર્શિયન અને સીમ્પ્રોનિયન કાયદાની રૂએ રોમન નાગરિકને આ સજા કરવામાં આવતી નહોતી.

યહૂદી રીતના કોરડાની શિક્ષામાં ગુનેગારને સુવાડીને ફટકા મારવામાં આવતા; જ્યારે રોમન કોરડાની શિક્ષામાં ગુનેગારને નીચો નમાવવામાં આવતો, એના હાથ પીઠ પાછળ રાખીને એને થાંભલે બાંધવામાં આવતો. સામાન્ય રીતે તદ્દન નીચા, ત્રણ ફૂટની ઊંચાઈના થાંભલે ગુનેગારને બાંધવામાં આવતો. પછી ફટકા મારવામાં આવતા. રોમન સૈનિકો પોતે ફટકા મારતા. ફટકાના ઘાથી થતી વેદના અસહ્ય બનતી. શરીર ભયંકર રીતે ચીરાઈ જતું. આવે સમયે ભલભલા ગુનેગારો પણ બૂમાબૂમ કરી મૂકતા, અને પછી બેભાન બની જતા.

પ્રભુ ઈસુની ઉઘાડી પીઠ ઉપર આ ક્રૂર રોમન કોરડાનો માર પડ્યો. પ્રત્યેક કોરડે પ્રભુ ઈસુના પગ અને સઘળાં ગાત્રો ધ્રૂજી ઊઠતાં હશે. ફટકા ફક્ત પીઠ પર જ નહોતા પડતા, પીઠ ઉપર ઝીંકેલી લાંબી વાધરીઓ પેલી બાજુ છાતી ઉપર પણ ફરી વળતી હશે!

પ્રભુ ઈસુને જે સ્થળે બાંધીને ફટકા મારેલા તે આજે પણ યરૂશાલેમમાં, ખોદી કાઢેલું, જોવા મળે છે. પેલો ટૂંકો થાંભલો પણ છે. યહૂદી કાયદામાં એક કલમ હતી કે, જેને મૃત્યુદંડ ફરમાવ્યો હોય તેને અગાઉ ફટકા મારવા નહિ ('આલ્ફ્રેડ અન્ડરશેઇમ,' ધી લાઇફ એન્ડ ટાઇમ્સ ઑફ જીસસ ધ મસાયા, લંડન પીકરીંગ એન્ડ ઇન્જલીસ, ૧૯૫૯, II, પૃ. ૫૬૩). રોમની રીત જુદી હતી. તેઓ વધસ્તંભે જડતાં પહેલાં ગુનેગારને કોરડાનો માર મારતા.

## ૨૦ વધસ્તંભની સજા

**પ્રશ્ન :** વધસ્તંભની સજા શું છે ? અને એ ક્યાંથી આવી ?

**જવાબ :** વધસ્તંભની સજા બહુ ભયંકર, ઘાતકી અને લાંબી વેદનાભરી હતી. ગુલામો અને બંડખોરો માટે રોમન સરકાર આ પ્રકારની સજા ફટકારતી. રોમન નાગરિકને એ સજા કદી દેવાતી નહિ. પથ્થરે મારવાની, આગમાં બાળી નાખવાની, ફાંસો દેવાની કે માથું કાપી નાખવાની સજાઓ વધસ્તંભની સજા આગળ બહુ સૌમ્ય ગણાય. ગુનેગારને લાકડાના થાંભલે ખીલા મારીને લટકાવી દેવામાં આવતો, અને એ થંભ ઉપર ગુનેગાર બેત્રણ દિવસ સુધી જીવતો પીડાયા કરતો. ખીલાની તીવ્ર વેદના ઉઘાડા ઘાઓમાં ઊઠતી, નસો બધી ગરમ ગરમ થઈને તતડી ઊઠતી, તાવથી શરીર ભાંગી જતું, તરસ બેસુમાર લાગતી, અને પાણી તો મળે નહિ! વિશ્રામ મેળવવા શરીરની સ્થિતિ જરીયે ન બદલી શકાય. જરાકેય હલનચલન ભયંકર વેદના ઊપજાવે. ખીલાના ઘાથી હાથોમાં ઊઠતી તીવ્ર વેદનાને શાંત પાડવા ગુનેગાર પોતાના પગ ઊંચા કરી હાથોમાં ઢીલ મૂકવા જતો, તો પગોમાં ખીલાને લીધે પારાવાર વેદના ઊઠતી. પગને રાહત આપવા જતાં હાથમાં કારમી વેદના થતી. એકેય સ્થિતિમાં શાંતિ મળતી નહિ. ઉઘાડા ઘા પર લચકાબંધ માખો અને મચ્છરો બણબણ્યા કરે, ઉડાડી શકાય નહિ.

વધસ્તંભની શિક્ષામાં મોટે ભાગે હાથો અને પગોમાં ખીલા મારી વધના લાકડા સાથે ગુનેગારને જડી દેવામાં આવતો. ઈસુના વધસ્તંભનાં મોટા ભાગનાં ચિત્રોમાં એમની હથેલીઓમાં ખીલા મારેલા દેખાડવામાં આવે છે. પણ ઘણાનું કહેવું છે કે હથેલીઓમાં ખાસ માંસ કે મોટાં હાડકાં હોતાં નથી, અને અધ્ધર લટકેલા શરીરના સાઠ–સિત્તેર કિલો વજનને કારણે કાણાં પડી ગયેલી હથેળીઓ ફાટી

જાય, અને વધસ્તંભેથી હાથ છૂટી જાય, શરીર લબડી પડે, એટલે જ એ ખીલા કાંડામાં માર્યા હશે. કેટલાક કેસોમાં ખીલા નહિ, પણ શણના દોરડાથી કસીને હાથો અને પગો સ્તંભ સાથે જકડી દેવામાં આવતા.

ત્રણ ત્રણ દિવસ સુધી એવી કારમી વેદના ઊભી થતી કે જડાયેલા ગુનેગારો શાપ, ગાળો અને ભયંકર અપશબ્દો ઉચ્ચારતા, બૂમાબૂમ કરતા, જીભ કચડી નાખતા, પોતાના જન્મદિનને શાપ આપતા. વધસ્તંભની આવી ભયંકર વેદનાએ ગ્રીક તેમ જ અંગ્રેજી ભાષાને એક શબ્દ આપ્યો છે. ભયંકરમાં ભયંકર એવી તીવ્ર વેદના માટે ગ્રીક ભાષામાં શબ્દ છે : 'ક્રૂસિયાતસ,' અને એ પરથી અંગ્રેજીમાં છે 'એક્સક્રૂસિયેટિંગ' (excruciating). એ બંને શબ્દો 'ક્રૂસ' ઉપરથી બનેલા છે.

ક્રૂસની સજા ઈરાનમાં શરૂ થઈ. ઈરાનીઓના દેવ અહુરમઝદા માટે બધી જમીન પવિત્ર મનાતી હોવાથી ભયંકર ગુનેગારને અધ્ધર ટાંગવામાં આવતો, જેથી ભૂમિ અપવિત્ર ન થાય. ઈરાનથી આ સજા કાર્થેજ ગઈ. અને ત્યાંથી રોમનોની પાસે આવી. ત્યારથી રોમનો એ સજા વાપરતા થયા.

## ૨૧. સૂર્યથી વેષ્ટિત સ્ત્રી કોણ?

**પ્રશ્ન :** ગયા વર્ષે તમે તમારા એક બાઇબલ–અભ્યાસના ભાષણમાં કહ્યું હતું કે, પ્રકટીકરણ ૧૨ માં 'સૂર્યથી વેષ્ટિત સ્ત્રી' તે ઇઝરાયલ પ્રજા છે. પણ કેટલાક એને 'માતામરિયમ' તરીકે ગણે છે. મેં એવું વાંચ્યું હતું. તો એ સંબંધી ખુલાસો કરશો?

**જવાબ :** પ્રકટીકરણ ૧૨ માં જણાવેલી 'સૂર્યથી વેષ્ટિત સ્ત્રી' તે યહૂદી યા ઇઝરાયલી પ્રજા છે. કેટલાક લોકો, ખાસ કરીને રોમન કૅથલિકો એને 'માતામરિયમ' ગણાવે છે. પણ આ અધ્યાયની

અન્ય વિગતો સાથે આવો ખુલાસો કોઈપણ રીતે સુસંગત થતો નથી. છઠ્ઠી કલમમાં આપેલા ૧૨૬૦ દિવસો તો પ્રભુ ઈસુના પુનરાગમનનો સાત વર્ષનો (દાનિયેલ ૯ : ૨૭ ના ૭૦ મા અઠવાડિયાનો) પાછલો અર્ધો તબક્કો છે. એ વખતે આ સૂર્યથી વેષ્ટિત સ્ત્રી એટલે કે યહૂદીઓ હયાત હશે, પણ માતામરિયમ નહિ હોય; કારણ, તેઓ તો ક્યારનાંયે ગુજરી ગયાં છે.

વળી કેટલાક અભ્યાસીઓ આ 'સૂર્યથી વેષ્ટિત સ્ત્રી' વિષે કહે છે કે, એ તો 'ખ્રિસ્તી મંડળી' છે. પરંતુ એ ખુલાસો પણ ખોટો છે. કારણ, જે મહાવિપત્તિ આવનાર છે (માથ્થી ૨૪ : ૨૧. યિર્મેયા ૩૦ : ૭ દાનિયેલ ૧૨ : ૧) તેમાં થઈને ખ્રિસ્તી મંડળીને પસાર થવું નહિ પડે; એ તો સતાવણી યા વિપત્તિનાં સાત વર્ષ અગાઉ ઉપર ગગનમાં લઈ લેવાઈ હશે, જ્યારે યહૂદી લોકો તો એ મહાવિપત્તિમાં થઈને પસાર થશે. એટલે જ આ મહાવિપત્તિને 'યાકૂબના સંકટનો સમય' કહ્યો છે (યિર્મેયા ૩૦ : ૭).

વળી પ્રભુ ઈસુએ પણ યહૂદીઓને એ સંબંધી ચેતવ્યા છે (માથ્થી ૨૪ : ૧૫–૨૨). વળી, ખ્રિસ્તી મંડળીને "પુત્ર, નરબાળક (પ્રભુ ઈસુ) અવતર્યો" નથી (પ્રકટી. ૧૨ : ૫). પ્રભુ ઈસુ તો યહૂદી પ્રજામાંથી આવ્યા. આ મૂંઝવણ ટાળવા માટે આવો ખુલાસો કરનારા અભ્યાસીઓ સૂચવે છે કે આ 'નરબાળક' તે તો ખ્રિસ્તીઓ છે. પણ એ બેહૂદો ખુલાસો ગણાય; કારણ, 'ખ્રિસ્તીઓ'માં તો સ્ત્રીઓ અને કન્યાઓ પણ હોય છે, જ્યારે કલમ ૫ માં તો 'નરબાળક' અને તેયે એકવચનમાં છે!

એટલે, 'સૂર્યથી વેષ્ટિત સ્ત્રી' તો યહૂદી પ્રજા જ છે. એનો પુત્ર, નરબાળક તે પ્રભુ ઈસુ છે. "તારણ યહૂદીઓમાંથી છે" (યોહાન ૪ : ૨૨). પ્રભુ ઈસુ યહૂદી હતા. કલમ ૩ જીમાં જણાવેલો 'લાલ

અજગર' શેતાન છે. કલમ ૪ થીના પાછલા અર્ધા ભાગમાં જણાવ્યું છે તેમ "જે સ્ત્રીને પ્રસવ થવાનો હતો, તેને જ્યારે પ્રસવ થાય ત્યારે તેના બાળકને ખાઈ જવા માટે તે (અજગર) તે(સ્ત્રી)ની આગળ ઊભો રહ્યો હતો." પૃથ્વીના લોકોનો ઉદ્ધાર ન થાય માટે યહૂદીઓમાંથી આવનાર ઉદ્ધારકનો નાશ કરવા શેતાન હંમેશાં તૈયાર જ ઊભો રહેતો આવ્યો છે. જૂના કરારના ઇતિહાસમાં જોઈએ તો એ વાતની ખાતરી થાય છે. યહૂદીઓમાંથી પ્રભુ ઈસુ આવનાર હતા. તેથી એ યહૂદી પ્રજાનો જ નાશ કરવાને શેતાને કેટલી બધી વાર જુદા જુદા માણસોને વાપરીને યોજનાઓ કરી હતી! આપણે બેએક એવા દાખલા જોઈએ. મિસરના ફારૂને યહૂદી પ્રજામાં જન્મતા નરબાળકોને મારી નાખવા ફરમાન બહાર પાડ્યું હતું (નિર્ગમન ૧ : ૧૬, ૨૨). એસ્તેર રાણીના સમયમાં હામાને આખી દુનિયામાંથી યહૂદીઓને એકસામટા એક જ દિવસે મારી નાખવા કેવી યુક્તિ કરી હતી! (એસ્તેર ૩ : ૬, ૮–૯, ૧૩). નરબાળક, પ્રભુ ઈસુનો સંહાર કરવા હેરોદે હજારો યહૂદી બાળકોનો સંહાર કરાવ્યો હતો (માથ્થી ૨ : ૧૩, ૧૬). પાછલાં બે હજાર વર્ષમાં પણ યહૂદી પ્રજાએ કેવી ભયંકર યાતનાઓ વેઠી છે! એ માટે જુઓ આ લેખકની **"અનોખી ઇઝરાયલ પ્રજા"** પૃ. ૫૪–૬૪.

"સૂર્યથી વેષ્ટિત એક સ્ત્રી [જોવામાં આવી], તેના પગ તળે ચાંદ્ર અને તેના માથા પર બાર તારાનો મુગટ હતો. તે ગર્ભવતી હતી; તેને પ્રસવવેદના થતી હતી, અને તેની પીડાને લીધે તે બૂમ પાડતી હતી" (પ્રકટી. ૧૨ : ૧, ૨). યૂસફને આવેલા સ્વપ્ન સાથે આ વિગતોને સરખાવો (ઉત્પત્તિ ૩૭ : ૯–૧૧). યૂસફરૂપી તારાને સૂર્ય, ચાંદ્ર તથા અગિયાર તારા નમ્યા (એટલે કે યૂસફને પિતા, માતા તથા અગિયાર ભાઈઓ નમ્યા). યહૂદી પ્રજા માટેનું ચિહ્ન એ જ છે. યાકૂબનું નામ બદલીને તેને 'ઇઝરાયલ' નામ ઈશ્વરે આપ્યું. એ ઇઝરાયલ યા યહૂદી પ્રજાનું ચિહ્ન એ જ છે : સૂર્યથી વેષ્ટિત, પગ તળે ચાંદ્ર, અને

માથા પર બાર તારા (બાર કુળો)નો મુગટ. એ યહૂદી પ્રજામાંથી પ્રભુ ઈસુ (નરબાળક), દુનિયાના ઉદ્ધારનાર 'મસીહ' (ગ્રીક : ખ્રિસ્ત) આવનાર હતા. આ વિષે યશાયા ૯ : ૬ માં ભવિષ્યકથન છે કે, "આપણે સારુ છોકરો અવતર્યો છે, આપણને પુત્ર આપવામાં આવ્યો છે."

**'મોટો લાલ અજગર'** (પ્રકટી. ૧૨ : ૩) એ શેતાન છે. ઉત્પત્તિ ૩ : ૧ માં એનો સૌ પ્રથમ ઉલ્લેખ છે. વળી એની ઓળખ પ્રકટી. ૧૨ : ૯ માં આપવામાં આવી છે: "તે મોટા અજગરને બહાર ફેંકી દેવામાં આવ્યો, એટલે તે જૂનો સર્પ, જે દુષ્ટાત્મા તથા શેતાન કહેવાય છે, જે આખા જગતને ભમાવે છે, તેને પૃથ્વી પર નાખી દેવામાં આવ્યો." 'લાલ' એટલા માટે કે અનેક સંતોનું અને પ્રબોધકોનું લોહી તેણે પીધું છે. વળી જગતનાં બધાં જ યુદ્ધોનું મૂળ કારણ શેતાન જ છે ને! **"તેને સાત માથાં તથા દશ શિંગડાં હતાં; અને તેનાં માથાં પર સાત મુગટ હતા"** (પ્રકટી. ૧૨ : ૩). એ બધાં શેતાનની પૃથ્વી ઉપરની સત્તા અને અધિકાર સૂચવે છે. પ્રકટી ૧૩ : ૧ માં એ જ વર્ણન આપવામાં આવ્યું છે. અહીં પ્રકટી. ૧૩ : ૧ માં જે શ્વાપદ આપવામાં આવ્યું છે, તે જ આવનાર **'ખ્રિસ્તવિરોધી'** છે. શેતાન આ **ખ્રિસ્તવિરોધી**ના શરીરનો અને મનનો કબજો લેનાર છે, અને એનામાં પ્રવેશ કરીને આખી દુનિયા પર ભયંકર હકૂમત ચલાવનાર છે. પ્રભુ ઈસુના સમયના રોમન સામ્રાજ્યનો પાછલા કાળમાં પાછો ઉદય થશે, અને એના મૂળ વિસ્તાર (યુરોપ) માં દશ રાજ્યો (દશ શિંગડાં) ના (દાનિયેલ ૭ : ૭, ૨૪) જોડાણમાંથી આ ખ્રિસ્તવિરોધી આવનાર છે, અને આખા જગત પર અધિકાર ચલાવનાર છે. પ્રભુ ઈસુ પુનરાગમન સમયે ગગનમાં ઊતરશે, અને 'મંડળી' પ્રભુ ઈસુને મળવા ગગનમાં ઊંચકાઈ જશે, એ પછી ખ્રિસ્તવિરોધી આખી દુનિયાની સત્તાનો દોર પોતાના હાથમાં લેશે. એ સાત વર્ષનો ગાળો હશે. દાનિયેલ ૯ : ૨૭ માં જે સિત્તેરમું અઠવાડિયું કહ્યું છે તે એ સાત

વર્ષનું અઠવાડિયું છે. એ સાત વર્ષની અધવચમાં, એટલે પાછલાં સાડાત્રણ વર્ષમાં, ખ્રિસ્તવિરોધીની મારફતે શેતાન યહૂદીઓની ભારે સતાવણી કરશે, મંદિરમાંથી અર્પણો તથા બલિદાનો બંધ કરાવશે, અને પોતાની મૂર્તિ યરૂશાલેમના મંદિરમાં પરમપવિત્રસ્થાનમાં ઊભી કરીને યહૂદીઓ પાસે એ મૂર્તિની પૂજા કરાવશે. પ્રભુના ભક્ત એવા યહૂદીઓ ત્રાહે ત્રાહે પોકારશે.

આ "મહાવિપત્તિ"નાં સાડાત્રણ વર્ષમાં પ્રભુના ભક્ત યહૂદીઓને અરણ્યમાં નાસી જવું પડશે. પ્રકટી. ૧૨ : ૬ માં એ વિષે કહ્યું છે : "અને તે સ્ત્રી (ઇઝરાયલ પ્રજા) અરણ્યમાં નાસી ગઈ. ત્યાં દેવે તેને સારુ બારસો સાઠ દિવસ સુધી તેનું પોષણ થાય એવું એક સ્થળ તૈયાર કરી રાખ્યું છે." યહૂદીઓનું વર્ષ ૩૬૦ દિવસનું હતું. એ વિષે બાઇબલમાં અનેક ઉલ્લેખ છે. પેલા 'બારસો સાઠ' દિવસને ૩૬૦ વડે ભાગો તો બરાબર સાડાત્રણ વર્ષ આવે. કલમ ૧૩ અને ૧૪માં એક જ વાત આપવામાં આવી છે, અને ત્યાં આપેલા **"સમય તથા સમયો તથા અર્ધો સમય"** વિષે આપવામાં આવેલું છે તે એ જ સાડાત્રણ વર્ષનો ગાળો છે. (સમય = એક વર્ષ; સમયો = બે વર્ષ; અર્ધો સમય = અર્ધું વર્ષ). વળી પ્રકટી. ૧૩ : ૫ માં આપેલા ૪૨ મહિના તે પણ આ જ સાડાત્રણ વર્ષનો ગાળો છે. વળી દાનિયેલ ૭ : ૨૫ માં આપવામાં આવેલા **"કાળ તથા કાળો તથા અડધો કાળ"** પણ આ સાડાત્રણ વર્ષનો ગાળો જ બતાવે છે.

**"તે સ્ત્રી અરણ્યમાં નાસી ગઈ"** (પ્રકટી. ૧૨ : ૬, ૧૩, ૧૪), જુઓ માથ્થી ૨૪ : ૧૬, ૧૭. **અરણ્યમાં :** મૃત સરોવરની નીચેનો અને ત્યાર પછીનો પ્રદેશ અરણ્યનો પ્રદેશ છે. યહૂદી પ્રજા મિસરમાંથી નીકળીને આ જ માર્ગે કનાનમાં આવી હતી. કનાન કહો, પાલેસ્તાઇન કહો, કે 'ઇઝરાયલ દેશ' કહો, એ એક જ પ્રદેશનાં

જુદાં જુદાં નામ છે. **"ત્યાં હવે તેને સારુ બારસો સાઠ દિવસ સુધી (સાડાત્રણ વર્ષ સુધી) તેનું પોષણ થાય એવું એક સ્થળ તૈયાર કરી રાખ્યું છે"** (પ્રકટી. ૧૨ : ૬). બાઇબલના ઊંડા અભ્યાસકોનું માનવું છે કે, અદોમનું **પેત્રા** શહેર આ તૈયાર કરી રાખેલું સ્થળ છે. **પેત્રા** અદોમની રાજધાની હતું. સેઈર પર્વત પર પહાડો અને ખડકોમાંથી જ સીધું કંડારી કાઢેલું આ નગર છે. એના મહેલો, મકાનો, થિયેટરો વગેરે સીધેસીધાં પહાડમાંથી કોતરી કાઢેલાં છે. શહેરનું મોટું થિયેટર છે જેમાં ૫૦,૦૦૦ માણસો સારી રીતે સમાઈ શકે. આ શહેર ઊંચે પર્વતમાં આવેલું છે, અને ત્યાં પહોંચવાનો માર્ગ નદીનાળાંનો માર્ગ હોઈને દુર્ગમ છે. દુશ્મનો ત્યાં પહોંચી શકે નહિ, એવા આ સ્થળને પ્રભુએ તૈયાર રાખ્યું છે, જેથી સાડાત્રણ વર્ષના સતાવણીકાળ દરમ્યાન ત્યાં એના યહૂદી લોકોનો શેષ ભાગ સંતાઈ શકે. આજે આ સ્થળમાં લગભગ કોઈ રહેતું નથી. અદોમી પ્રજા તો સૈકાંઓ પહેલાં નાશ પામી ગઈ છે. **પેત્રા** એટલે પથ્થર યા ખડક. આ સાડાત્રણ વર્ષના ગાળામાં પ્રભુ ઇઝરાયલ પ્રજાને અરણ્યમાં લાવશે એ વિષેનાં કેટલાંક ભવિષ્યકથન માટે જુઓ : હોશિયા ૨ : ૧૪. હઝકી. ૨૦ : ૩૫–૩૮.

"તે સ્ત્રીને મોટા ગરુડની બે પાંખો આપવામાં આવી કે, જેથી તે સાપની [નજર] આગળથી અરણ્યમાં પોતાને [નીમેલે] ઠેકાણે ઊડી જાય" (પ્રકટી. ૧૨ : ૧૪). પ્રભુ કોઈ અજાયબ રીતે પોતાના યહૂદી લોકોને ઊંચકીને સહીસલામત સ્થળે લઈ જશે. કોઈ બહુ ઝડપી પ્રવાસવાહન દ્વારા તેમને ઊંચકી લઈ જવાશે. કેટલાક અભ્યાસકો માને છે કે અમેરિકા (યુ.એસ.એ.)નું રાષ્ટ્રીય ચિહ્ન 'ગરુડ' છે, અને અમેરિકાનાં વિમાનોમાં યહૂદીઓને આ સહીસલામત સ્થાને ઊંચકી લઈ જવામાં આવશે. ભૂમધ્ય (મેડિટરેનિયન) સમુદ્રમાં આવેલા અમેરિકાના 'સિક્સ્થ ફ્લીટ'(છઠ્ઠા કાફલા)નાં વિમાનોમાં તેઓ લઈ

જવાશે. કોણ જાણે. બાઇબલમાં અન્ય વિગતો આપી નથી એટલે યહૂદીઓને કોણ અને કેવી રીતે લઈ જશે તે વિષે ચોક્કસ કંઈ કહી શકીએ નહિ.

કલમ ૧ થી ૫ સુધીનો વિભાગ ભૂતકાળની વાત છે. યહૂદી ઇતિહાસમાં ખ્રિસ્તી મંડળીના સમય પહેલાં જે બન્યું તે આ પાંચ કલમોમાં આપ્યું છે. યહૂદી પ્રજામાંથી 'નરબાળક' પ્રભુ ઈસુ જન્મ્યા, પૃથ્વી પર સાડાતેત્રીસ વર્ષ રહ્યા, મૃત્યુ પામ્યા, પાછા ઊઠયા, અને સ્વર્ગગમન કર્યું, એટલે સુધીની વાત એમાં છે. "તેના બાળક (પ્રભુ ઈસુ)ને ઊંચકીને દેવ પાસે તથા તેના રાજ્યાસન પાસે લઈ જવામાં આવ્યો" (પ્રકટી. ૧૨ : ૫). એ પ્રભુ ઈસુનું સ્વર્ગારોહણ સૂચવે છે. આ પાંચમી કલમ પછીની વાત ભવિષ્યકાળની છે. પ્રભુ ઈસુ ગગનમાં ઊતરશે, અને 'મંડળી' ગગનમાં ઊંચકાઈ જશે. એ પછીના સાત વર્ષના ગાળાના પાછલા સાડાત્રણ વર્ષના સમયમાં બાકીનું બધું બનશે. એ વિષે આપણે અહીં આ પ્રકરણમાં અગાઉ જોઈ ગયાં. મંડળી ગગનમાં ઊંચકાઈ જશે એટલે કે, ખ્રિસ્તમાં મૃત્યુ પામેલાં સજીવન થઈને ઊઠશે, અને ખ્રિસ્તના જે લોકો તે સમયે જીવંત હશે તેઓનાં શરીરોનું મહિમાવંત શરીરોમાં રૂપાંતર થશે, અને એ પછી એ બંને જૂથ એકસામટાં એક ક્ષણમાં ગગનમાં પ્રભુ ઈસુ પાસે તણાઈ જશે.

"એ સર્વ દેશના લોકો પર લોઢાના દંડથી રાજ કરશે" (પ્રકટી. ૧૨ : ૫). પાંચમી કલમનો એ ભાગ પણ ભવિષ્યકાળ માટે છે. જૂના કરારના પ્રબોધકો (પયગંબરો)એ પ્રભુ ઈસુના પ્રથમ આગમન અને બીજા આગમન (પુનરાગમન)ને ભેગું જ જોયું હતું; એ વચ્ચે આવતો મંડળીનો ગાળો જોયો નહોતો. એટલે પહેલા તથા બીજા આગમનની આગાહીઓ ભેગી જ લખવામાં આવી છે. પ્રભુ ઈસુના

પહેલા આગમન સમયે તેમણે (પ્રભુ ઇસુએ) રાજ્ય કર્યું નથી, પણ પુનરાગમન સમયે તે ૧,૦૦૦ વર્ષ સુધી યરૂશાલેમથી આખી પૃથ્વી પર રાજ્ય કરશે. એ વિષેનો ઉલ્લેખ પાંચમી કલમમાં છે કે, "એ સર્વ દેશના લોકો પર લોઢાના દંડથી રાજ કરશે." એટલે કે આખી પૃથ્વી પર તેનો અધિકાર અબાધિત, એકચક્રી, અને આખરી અધિકાર થશે. 'લોઢાના દંડથી' માટે જુઓ ગીતશાસ્ત્ર ૨ : ૯. તેમ જ પ્રકટી. ૨ : ૨૭ અને પ્રકટી. ૧૯ : ૧૫. વળી દાનિયેલ ૨ : ૪૪.

## ૨૨ ખ્રિસ્ત સૃજનહાર કે સૃજાયેલી વ્યક્તિ?

**પ્રશ્ન :** નીચેની બે કલમો વિરોધાભાસી લાગે છે. પ્રકટી. ૩ : ૧૪ એવું બતાવે છે કે ખ્રિસ્ત **"દેવની સૃષ્ટિનું આદિકરણ છે,"** એટલે કે ઉત્પન્ન કરાયેલી સૃષ્ટિમાં સૌથી પહેલી ઉત્પન્ન કરાયેલી વ્યક્તિ છે; જ્યારે કોલોસી ૧ : ૧૬, ૧૭ માં જણાવવામાં આવ્યું છે કે, **"તેનાથી બધાં ઉત્પન્ન થયાં,"** એટલે કે સારીયે સૃષ્ટિ તેના દ્વારા ઉત્પન્ન થઈ. તો આમાં ખરું શું?

**જવાબ :** (જગાને અભાવે ઉપરની કલમો અહીં આખી ઉતારતો નથી. પણ વાચકોએ બાઇબલમાંથી જોઈ લેવી.) સૌ પ્રથમ એ જણાવી લઉં કે આ પ્રશ્ન પૂછનારે બાઇબલની અંગ્રેજી આવૃત્તિઓમાં જોયું હશે તેથી વધારે ગૂંચવાડો ઊભો થયો લાગે છે. વળી ગુજરાતી બાઇબલનો શબ્દ 'આદિકરણ' ખરો શબ્દ છે, પણ લોકવપરાશનો નહિ, તેમ જ અઘરો એવો શબ્દ છે.

'ઑથોરાઇઝ્ડ આવૃત્તિ (કિંગ જેમ્સ વર્ઝન), અને રિવાઇઝ્ડ સ્ટાન્ડર્ડ આવૃત્તિઓ'માં ખ્રિસ્તને "બીગીનિંગ ઑફ ધ ક્રિએશન" (ઉત્પત્તિની શરૂઆત) કહ્યો છે. એને લઈને સમજફેર થાય છે. 'ન્યૂ ઇંગ્લિશ બાઇબલ' (NEB) માં સ્પષ્ટ અને ખરો તરજુમો છે. ત્યાં

આપ્યું છે : 'ધી પ્રાઇમ સોર્સ ઑફ ઑલ ગૉડ્'સ ક્રિએશન' ( = ઈશ્વરની સારીય સૃષ્ટિનો સૌ પ્રથમ ઉગમ અથવા ઉદ્દ્ગમ). 'યરૂશાલેમ બાઇબલ' આપે છે : "ધી રુલર ઑફ ગૉડ્'સ ક્રિએશન" (ઈશ્વરની ઉત્પત્તિનો શાસનકર્તા), અને 'અમેરિકન રોમન કૅથલિક નવો કરાર' આપે છે : "ધી સોર્સ ઑફ ગૉડ્'સ ક્રિએશન" (ઈશ્વરની ઉત્પત્તિનો ઉગમ યા ઉદ્દ્ગમ). વળી રોમન કૅથલિકમાં "ઈશ્વરની સૃષ્ટિનું જે મૂળ છે," એમ આપ્યું છે એ બરાબર છે.

આપણા ગુજરાતી બાઇબલમાં "જે દેવની સૃષ્ટિનું આદિકરણ છે," એ તરજુમામાં કંઈ જ સમજણ પડતી નથી. કોઈ ડિકશનરી પણ 'આદિકરણ' શબ્દ યા એનો અર્થ આપતી નથી.

મૂળે ગ્રીક શબ્દ પણ દ્વીઅર્થી છે. પણ સમજપૂર્વક એનો અર્થ તારવવા પ્રયત્ન કરીએ, તો એનો અર્થ " ઈશ્વરની સૃષ્ટિનું મૂળ" એવો થાય છે.

વળી સિદ્ધાંતની દૃષ્ટિએ જોઈએ તો પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઈશ્વરના દેવત્વમાં 'બીજી વ્યક્તિ' છે, અને સનાતન છે. પિતા અને પવિત્ર આત્માની સાથે અનાદિકાળથી – સનાતન સમયથી હયાત છે. જો પ્રભુ ઈસુ ખ્રિસ્ત **'ઉત્પન્ન કરાયેલા'** હોત, તો તે આકાશ તથા પૃથ્વીના ઉત્પન્નકર્તા ન ગણાત. યોહાન ૧ : ૧–૩ માં એ સ્પષ્ટ આપેલું છે કે, "આદિએ શબ્દ હતો, અને શબ્દ દેવની સંઘાતે હતો, અને શબ્દ દેવ હતો...તેનાથી સઘળું ઉત્પન્ન થયું; એટલે જે કંઈ થયું છે તે તેના વિના ઉત્પન્ન થયું નહિ." જો પ્રભુ ઈસુ સનાતન સમયથી હયાત ન હોત, તો યશાયા એમને "સનાતન પિતા" ના કહી શકત (યશાયા ૯ : ૬). નીતિવચનમાં જે 'જ્ઞાન' યા 'ડહાપણ' તરીકે ઓળખાવેલું છે તે ઈસુ ખ્રિસ્ત વિષે જ છે, અને એમાં એને 'સદાકાળથી' હયાતી ભોગવતું જણાવ્યું છે (નીતિ. ૮ : ૨૩). અને

પ્રભુ ઈસુ પોતાને 'આલ્ફા તથા ઓમેગા', 'આદિ તથા અંત' તરીકે ઓળખાવે છે (પ્રકટી. ૧ : ૮, ૧૭). એ જ બતાવે છે કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત સનાતન સમયથી છે, અને સદાકાળ રહેશે (નહિ કે સમયના અમુક વહેણમાં એ ઉત્પન્ન કરાયા).

એટલે આપણા પ્રશ્નની કલમોમાં એવું કહેવાનો ભાવાર્થ છે કે સૃષ્ટિનો આરંભ પ્રભુ ઈસુમાં થયો હતો, કારણ, પ્રભુ ઈસુ જ સારીય સૃષ્ટિનું મૂળ યા આદિ કારણ છે.

## ૨૩ ઈશ્વરપિતા અને ઈશ્વરપુત્ર મોટા-નાના કે સરખા?

**પ્રશ્ન :** યોહાન ૧૪ : ૨૮ માં લખ્યું છે : "કેમ કે મારા કરતાં બાપ મોટો છે." શું એનો અર્થ એવો ન થાય કે ઈશ્વરપિતા મોટા અને ઈશ્વરપુત્ર નાના? પણ બીજી કેટલીક જગાએ પ્રભુ ઈસુ પોતાને ઈશ્વરપિતા સાથે સરખા ગણાવે છે : "હું તથા બાપ એક છીએ" (યોહાન ૧૦ : ૩૦), અને "હું બાપમાં છું, અને બાપ મારામાં છે" (યોહાન ૧૪ : ૧૧), તેમ જ "જેણે મને જોયો છે તેણે બાપને જોયો છે" (યોહાન ૧૪ : ૯). યોહાન ૫ : ૧૮ પણ એવું જ દર્શાવે છે. તો આ બે માન્યતાઓમાં ખરું શું?

**જવાબ :** આ પ્રશ્નને બીજી રીતે આપણે અગાઉ જોઈ ગયા છીએ. જુઓ લેખકનું પુસ્તક **'બાઇબલ-અભ્યાસ'**, ભા. ૧ લો, પ્રશ્ન ૭ મો : (એ આખું જોઈ જવા વિનંતી છે.) **'ઈશ્વરપણામાં પિતા અને પુત્ર સરખા કે ઓછાવત્તા?'** પૃષ્ઠ ૧૫.

બાઇબલના શિક્ષણ પ્રમાણે પિતા, પુત્ર અને પવિત્ર આત્મા ત્રણે સરખા છે. તેઓમાં કોઈ તફાવત નથી. પણ પ્રભુ ઈસુ જ્યારે દેહધારણ કરીને પૃથ્વી પર વસે છે ત્યારે તેમણે પોતાના ગૌરવ યા મહિમાને અમુક અંશે ઉતારી મૂક્યો. આ મહિમામાં પ્રભુ ઈસુ

પ્રભુપિતા કરતાં ઓછા ગણાય, નહિ કે ઈશ્વરત્વમાં. કારણ, કોલોસી ૨ : ૯ માં જણાવ્યું છે કે, "ખ્રિસ્તમાં ઈશ્વરત્વની સર્વ પરિપૂર્ણતા મૂર્તિમાન છે."

## ૨૪ એમાંથી કઈ સંખ્યા ખરી ? ૨૩,૦૦૦ કે ૨૪,૦૦૦ ?

**પ્રશ્ન :** જૂના તથા નવા કરારમાં એક જ બનાવનું વર્ણન આપવામાં આવ્યું છે. પણ યહોવા તરફથી શિક્ષાના રૂપમાં આવેલી મરકીમાં માર્યા ગયેલાંની સંખ્યા જૂના કરાર (ગણના ૨૫ : ૯) માં ૨૪,૦૦૦ ની આપવામાં આવી છે, જ્યારે નવા કરાર (૧ કોરીંથી ૧૦ : ૮) માં ૨૩,૦૦૦ ની આપી છે. નવા કરારના લેખકની ભૂલ થઈ હશે કે શું ? આનો ખુલાસો આપશો ?

**જવાબ :** બાઇબલ પવિત્ર આત્માની પ્રેરણા દ્વારા લખાયેલું હોઈને એમાં ભૂલ સંભવે નહિ. આપણે બંને કલમો જોઈ લઈએ : ગણના ૨૫ : ૯ "અને જેઓ મરકીથી મરી ગયા તેઓ ચોવીસ હજાર હતા." પાઉલ ૧ કોરીંથી ૧૦ : ૮ માં એ જ બનાવનું વર્ણન કરતાં કહે છે : "જેમ તેઓમાંના કેટલાએકે વ્યભિચાર કર્યો, અને **એક દિવસમાં** ત્રેવીસ હજાર માર્યા ગયા, તેમ આપણે ન કરીએ."

ઇઝરાયલ લોકો, અરણ્યની મુસાફરી દરમિયાન, મોઆબી પ્રજાના શિટ્ટીમ વિસ્તારમાં રહેતા હતા, ત્યારે ઘણા ઇઝરાયલીઓ બઆલ-પેઓરના પંથમાં ભળ્યા, અને મોઆબી સ્ત્રીઓ સાથે વ્યભિચાર કર્યો. આને કારણે યહોવાનો કોપ તેમની ઉપર સળગી ઊઠયો, અને ઇઝરાયલીઓની છાવણીમાં મરકી શરૂ થઈ. એમાં આ બધા ઇઝરાયલીઓ માર્યા ગયા.

જૂના કરારમાં કુલ માર્યા ગયેલાઓની સંખ્યા (ચોવીસ હજારની) હતી એમ જણાવ્યું છે, જ્યારે ૧ કોરીંથી ૧૦ : ૮ માં પાઉલ આ

મરકીમાં ફક્ત **એક જ દિવસમાં** મરી ગયેલાની સંખ્યા (ત્રીસ હજારની) જણાવે છે. આમ, ખુલાસો એટલો જ છે કે કુલ ૨૪,૦૦૦ મરી ગયા, પણ માત્ર એક જ દિવસમાં મરી ગયેલાની સંખ્યા ૨૩,૦૦૦ ની હતી. બાઇબલના લખાણમાં કોઈ પરસ્પર વિરોધી યા ભૂલભરેલું લખાણ નથી.

## ૨૫ કઈ કીમત ખરી?

**પ્રશ્ન :** એ જ ભાઈનો બીજો પ્રશ્ન છે : દાઉદ રાજાએ ઓર્નાનની ખળી વેચાતી લીધી તેની કીમત ૨ શમૂએલ ૨૪ : ૨૪ માં **"પચાસ શેકેલ રૂપું"** આપી છે. અંદર આ પ્રમાણે શબ્દો છે : "માટે દાઉદે તે ખળી તથા બળદો પચાસ શેકેલ રૂપું આપીને ખરીદ કર્યાં." પણ ૧ કાળવૃત્તાંત ૨૧ : ૨૫ માં એની કીમત **"છસો શેકેલ સોનુ"** આપી છે. અંદર આ પ્રમાણે શબ્દો છે : "તેણે (દાઉદે) ઓર્નાનને તે જમીનની કીમત બદલ છસો શેકેલ સોનું તોળી આપ્યું." તો આ બેમાંથી કઈ કીમત ખરી? કારણ, બંને કીમતમાં આસમાન–જમીનનો તફાવત છે.

**જવાબ :** આ બંને વર્ણનમાં કોઈ ભૂલ નથી. બીજા શમૂએલ ૨૪ : ૨૪ માં આપવામાં આવેલી કીમત (પચાસ શેકેલ રૂપું) એ ફક્ત ખળી અને બળદોની કીમત છે; જ્યારે ૧ કાળવૃત્તાંત ૨૧ : ૨૫ માં મંદિર બાંધવા માટેની આસપાસની જમીનની કીમત છે. એમાં મોરિયા પર્વત ઇત્યાદિ જમીન–વિસ્તાર આવી જતો હતો, અને પાછળથી એ મોરિયા પર્વત પર યરૂશાલેમનું મંદિર બાંધવામાં આવ્યું હતું. એટલે જ એ સમગ્ર જમીન યા વિસ્તારની કીમત છસો શેકેલ સોના જેટલી તોળી આપી હતી.

બીજા શમૂએલ ૨૪ : ૨૪ માં અનાજ ઝૂડવાની ખળીને માટે હિબ્રૂમાં 'ગોરેન' શબ્દ છે, અને ૧ કાળવૃત્તાંત ૨૧ : ૨૫ માં ખરીદવામાં

આવેલી 'જમીન' માટે 'મકોમ' શબ્દ છે. જૂના કરારમાં આ શબ્દ શહેર, દેશ વગેરે માટે પણ વપરાયો છે. આ સ્થળે ગુજરાતી તરજુમામાં 'જગા' શબ્દ વાપર્યો હોત તો વધુ સારું થાત. (એ જ 'મકોમ' શબ્દના અરબી પર્યાય પરથી આપણો 'મુકામ' શબ્દ બનેલો છે.)

## ૨૬ ઈસુનો જન્મ "કુંવારીની કૂખે" થયો?

**પ્રશ્ન :** પ્રભુ ઈસુનો જન્મ મરિયમ કુંવારીને પેટે થયો એવું બાઇબલમાં માથ્થીની તેમ જ લૂકની સુવાર્તામાં આપવામાં આવ્યું છે. પશ્ચિમના દેશોના ઘણાબધા ખ્રિસ્તીઓ 'કુંવારીથી જન્મ' એવા કથનમાં માનતા નથી, અને પૂર્વના દેશોના કેટલા બધા બિન-ખ્રિસ્તીઓ પણ એ વાત સ્વીકારતા નથી. તો એ કથન વિષે પ્રકાશ પાડશો, અગર સમજાવશો તો આભાર.

**જવાબ :** વિચારબુદ્ધિથી કે તાર્કિક રીતે આ પ્રશ્નનો પૂરેપૂરો સંતોષકારક જવાબ આપી શકાય નહિ; કારણ, પવિત્ર આત્માની શક્તિ તેમ જ પવિત્ર આત્માના ચમત્કારિક કાર્યનું રહસ્ય એમાં સમાયેલું છે : માનવી બુદ્ધિથી કે તર્કશક્તિથી એ સમજાવી શકાય નહિ. વળી આ કટારની ટૂંકી જગામાં લાંબા જવાબનો સમાવેશ કરી શકાય નહિ. એએક વર્ષ પછી (ઈશ્વરેચ્છા હોય તો) પ્રભુ ઈસુના જીવનના અનેક પ્રશ્નો અંગેનું એક નાનું પુસ્તક અંગ્રેજી તેમ જ ગુજરાતીમાં તૈયાર થશે એમાં આનો ઉત્તર વિસ્તારપૂર્વક આપવામાં આવશે.

સૌ પ્રથમ આપણે ઐતિહાસિક મુદ્દો લઈશું, અને એ પછી સૈદ્ધાંતિક અને વાસ્તવિક મુદ્દો લઈશું. ઐતિહાસિક મુદ્દામાં પ્રભુ ઈસુના જન્મપૂર્વે સેંકડો વર્ષો અગાઉ લખાયેલાં કેટલાંક ભવિષ્યકથનો જોઈ લઈએ. યશાયા ૭ : ૧૪ માં આ પ્રમાણે "કુંવારી" વિષે ભવિષ્યકથન છે : "તે માટે પ્રભુ પોતે તમને ચિહ્ન આપશે; જુઓ, **કુમારી** ગર્ભવતી

થઈને પુત્ર જણશે, અને તેનું નામ તે ઇમ્માનૂએલ પાડશે." આવનાર ખ્રિસ્ત કુંવારીને ઉદરે જન્મ લેશે એ વિષે અહીં સ્પષ્ટ કરવામાં આવ્યું છે. પ્રભુ ઈસુના જન્મપૂર્વે ૭૦૦ વર્ષ અગાઉ આ ભવિષ્યવચન લખાયું હતું.

એ ભવિષ્યકથનોની હારમાળા છેક ઉત્પત્તિ ૩ : ૧૫ થી શરૂ થઈ. ત્યાં સ્ત્રીના સંતાન અને શેતાનના સંતાનના ભાવિ યુદ્ધની તેમ જ આવનાર મસીહા સંબંધીની ભવિષ્યવાણી છે. એવાં સેંકડો ભવિષ્ય-વચનો જૂના કરારમાં છે. મસીહા ક્યાં જન્મ લેશે (બેથલેહેમમાં) એ પણ મીખાહ ૫ : ૨ માં આપવામાં આવ્યું છે.

એ ભવિષ્યવચનોના અનુસંધાનમાં જ દૂતે મરિયમને સ્વર્ગીય સંદેશો આપ્યો (લૂક ૧ : ૨૬–૩૫) : "છઠ્ઠે મહિને ગાબ્રીએલ દૂતને નાઝારેથ નામે ગાલીલના એક શહેરમાં એક **કુમારિકાની** પાસે દેવ તરફથી મોકલવામાં આવ્યો...તે કુમારિકાનું નામ મરિયમ હતું...દૂતે તેને કહ્યું કે, હે મરિયમ, બી મા; કેમ કે તું દેવથી કૃપા પામી છે. જો, તને ગર્ભ રહેશે, ને દીકરો થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે. તે મોટો થશે, ને પરાત્પરનો દીકરો કહેવાશે,...મરિયમે દૂતને કહ્યું કે, એ કેમ કરીને થશે? કેમ કે મેં કોઈ પુરુષને જાણ્યો નથી. દૂતે તેને ઉત્તર આપ્યો કે, **પવિત્ર આત્મા તારા પર આવશે, ને પરાત્પરનું પરાક્રમ તારા પર આચ્છાદન કરશે;** માટે જે [તારાથી] જનમશે તે પવિત્ર, દેવનો દીકરો, કહેવાશે."

ઉપરનું વૃત્તાંત કેવી સાદી, સુંદર, સવિનયી તેમ જ નીતિસભર ભાષામાં રજૂ કરવામાં આવ્યું છે! રુચિભંગનો એમાં તલમાત્ર આભાસ સરખોયે નથી! કોઈ માનવી સમાગમથી નહિ, પણ પવિત્ર આત્માના આચ્છાદન દ્વારા આ ગર્ભાધાન થયું.

ઈસુનો જન્મ થયો ત્યાં સુધી મરિયમ કુંવારી જ રહી હતી, એ વિષે માથ્થી પોતાની સુવાર્તામાં કેવું સ્પષ્ટ કરે છે? "અને તે (ઈસુ)ની મા મરિયમનું વેવિશાળ યૂસફ જોડે થયા પછી, **તેઓનો મિલાપ થયા અગાઉ** પવિત્ર આત્માથી તે ગર્ભવતી થયેલી જણાઈ...(દૂતના કહ્યા પ્રમાણે) તે (યૂસફ) પોતાની વહુને તેડી લાવ્યો. અને તેને દીકરો થયો ત્યાં સુધી તેણે તેને જાણી નહિ" (માથ્થી ૧ : ૧૮, ૨૪, ૨૫). તેમણે બંનેએ શરીર-સંબંધ કેમ કર્યો નહિ, એ વિષે બાઇબલમાં કોઈ સ્પષ્ટીકરણ આપ્યું નથી. અવતરનાર બાળક પ્રત્યેના અતિ પૂજ્ય-ભાવને લઈને શરીર-સંબંધ કર્યો નહિ ? – કે પછી પાછળથી કોઈ એવો આરોપ મૂકે કે એ બાળક તો યૂસફથી થયેલું છે એવો આરોપ ટાળવા માટે તેઓએ ઈસુના જન્મ સુધી શરીર-સંબંધ કર્યો નહિ ? ખબર નહિ. બાઇબલે જે ખુલાસો આપ્યો નથી તેની અટકળ કરવી તે પણ બિનજરૂરી છે.

(૧) કેટલાક જણ પ્રશ્ન કરે છે કે, આવું તો કુદરતમાં બની શકે જ નહિ. તદ્દન સત્ય. કુદરતમાં એવું બની શકે જ નહિ. પણ અહીં કુદરતની વાત જ ક્યાં છે? સમસ્ત કુદરતનો બનાવનાર ઈશ્વર પોતે એક વધુ ચમત્કાર કરે છે, અને મરિયમના ઉદરમાં આ પવિત્ર ગર્ભને મૂકે છે. એ પછી કુદરતી વિકાસક્રમ પ્રમાણે એ ગર્ભ વૃદ્ધિ પામીને બાળક તરીકે અવતરે છે.

(૨) જો ઈશ્વર સામાન્ય માટીમાંથી એક જીવંત પુરુષને બનાવી શકે છે, અને એ સજીવ આદમમાંથી એક પાંસળી લઈને એક નારી સર્જી શકે છે, તો એ જ ઈશ્વર દેવત્વના ત્રેકપણાની બીજી વ્યક્તિ (શબ્દ યા પુત્ર) ને મરિયમના ઉદરમાં ગર્ભરૂપે મૂકી શકે છે. બાઇબલમાં એમ જ આપ્યું છે: "શબ્દ સદેહ થઈને આપણામાં વસ્યો (અને પિતાના એકાકીજનિત દીકરાના મહિમા જેવો તેનો મહિમા અમે

દીઠો)" યોહાન ૧ : ૧૪. સંત પાઉલ ફિલિપીઓને લખેલા પત્રમાં આ ગૂઢ વાતને કેવા સરળ શબ્દોમાં રજૂ કરે છે! "પોતે (પ્રભુ ઈસુ યા ઈશ્વરનો શબ્દ) ઈશ્વરના રૂપમાં છતાં, તેણે ઈશ્વર સમાન હોવાનું પકડી રાખવાને ઇચ્છયું નહિ, પણ તેણે દાસનું રૂપ ધારણ કરીને, એટલે માણસોના રૂપમાં આવીને પોતાને ખાલી કર્યો; અને માણસના આકારમાં પ્રગટ થઈને, મરણને, હા, વધસ્તંભના મરણને, આધીન થઇને પોતાને નમ્ર કર્યો" (ફિલિપી ૨ : ૬–૮).

(૩) જીવજંતુ જીવજંતુને જ પેદા કરી શકે, પશુ પશુને જ જન્મ આપી શકે, માણસ માણસને જ જન્માવી શકે, માણસ કોઈ દિવસ ઈશ્વરને જન્માવી શકે જ નહિ. એટલે ઈશ્વરે જેમ પહેલા આદમી (આદમ)ને ચમત્કારિક રીતે ઉત્પન્ન કર્યો, એમ અહીં પણ ઈશ્વરે જ કુંવારી મરિયમના ઉદરે ચમત્કાર કરીને માનવગર્ભ રચ્યો, અને એમાં પ્રભુપુત્ર યા ઈશ્વરનો જીવંત શબ્દ આ ગર્ભનો દેહ ધારણ કરે છે. ઈશ્વર આવું માત્ર કુંવારી ઉદરે જ શકય બનાવી શકે. અને ઈશ્વરે એ કર્યું, એટલે જ ગીતકર્તા કહે છે :

"દેવથી દેવ જ, જોતથી જોત જ,
કુંવારી ઉદરે તે અવતર્યો;"

(ભજનસંગ્રહ : ગીત ૭૦ મું)

એમ ઈશ્વર અને માનવની એક અભૂતપૂર્વ વ્યક્તિ બની.

(૪) ઈશ્વરે જેમ ચમત્કારિક રીતે આદમને બનાવ્યો, એમ ખ્રિસ્તને પણ કેમ ન બનાવ્યો! – અને શા માટે મરિયમ કુંવારી દ્વારા જન્મ લેવડાવ્યો? એવું કેટલાક માણસોનું કહેવું છે. એક વિદ્વાન હિંદુ સાધુએ મારી આગળ આ જ પ્રશ્ન ધર્યો હતો. જોઈએ. આદમને પૂર્વહયાતી નહોતી, એટલે એને ચમત્કારિક રીતે માટીમાંથી બનાવ્યો.

પ્રભુ ઈસુ તો, ઈશ્વરના શબ્દ તરીકે, અનાદિ કાળથી હતા. તેમની હયાતી સનાતન કાળથી હતી. જે હયાત છે એને ઉત્પન્ન કરી કે બનાવી શકાય નહિ.

યોહાન પ્રભુ ઈસુની પૂર્વહયાતીનું કેવું અદ્ભુત વર્ણન કરે છે? "આદિએ શબ્દ હતો, અને શબ્દ ઈશ્વરની સંઘાતે હતો, અને શબ્દ ઈશ્વર હતો. તે જ આદિએ ઈશ્વરની સંઘાતે હતો. તેનાથી સઘળું ઉત્પન્ન થયું; એટલે જે કંઈ થયું છે તે તેના વિના ઉત્પન્ન થયું નહિ" (યોહાન ૧ : ૧-૩). વળી યશાયા ૯ : ૬ માં પ્રભુ ઈસુનું સનાતનપણું દર્શાવવાને માટે એને આપવામાં આવેલાં નામોમાં એક નામ "**સનાતન પિતા**" પણ આપવામાં આવ્યું છે.

એટલે જ પ્રભુ ઈસુ પૃથ્વી પરના પોતાના પ્રથમ આગમન માટે "આવ્યો" એવો શબ્દપ્રયોગ વાપરે છે; નહિ કે "જન્મ્યો," જેમ કે "નિયમશાસ્ત્ર અથવા પ્રબોધકોની વાતોનો નાશ કરવાને હું આવ્યો છું, એમ ન ધારો; હું નાશ કરવા તો નહિ, પણ પૂર્ણ કરવા **આવ્યો છું**" (માથ્થી ૫ : ૧૭). વળી જુઓ માથ્થી ૯ : ૧૩. ૧૦ : ૩૪. ૧૦ : ૩૫. ૧૧ : ૯. ૧૮ : ૧૧. ૨૦ : ૨૮. માર્ક ૨ : ૧૭. ૧૦ : ૪૫. લૂક ૫ : ૩૨. ૭ : ૩૪. ૯ : ૫૬. ૧૨ : ૪૯. યોહાન ૫ : ૪૩. ૭ : ૨૮. ૧૨ : ૪૬. ૧૨ : ૪૭. ૧૬ : ૨૮. એ બધે જ "હું જન્મ્યો છું" એમ કહેવાને બદલે "**હું આવ્યો છું,**" એમ કહે છે. કારણ, "જન્મ્યો છું" એમ કહેવામાં જાણે પહેલવહેલી જ હયાતી ભોગવતો હોય એવું સૂચન મળે છે. પણ "આવ્યો છું" એમ કહેવામાં અગાઉ પ્રભુ ઈસુની પૂર્વહયાતી હતી, અને એ પૂર્વહયાતીમાંથી તે અહીં આવ્યા છે, એવું દર્શાવાય છે. એમાં ઈસુની અનાદિ કાળની હયાતી સૂચવાય છે. ફક્ત એક જ જગાએ તે પોતાને માટે "જન્મ્યો છું" એવા શબ્દ વાપરે છે, પણ એ જ કલમમાં "આવ્યો છું" એમ પણ જણાવે છે :

"એ જ માટે હું જન્મ્યો છું, અને એ જ માટે હું જગતમાં આવ્યો છું,..." (યોહાન ૧૮ : ૩૭). યોહાન ૧૬ : ૨૮ માં પ્રભુ ઈસુ કેવું સ્પષ્ટ કહે છે! – "હું બાપ પાસેથી નીકળીને જગતમાં આવ્યો છું." સનાતન શબ્દ, પ્રભુપિતાનો પુત્ર, જે સનાતન સમયથી હયાત હતો તે, મરિયમ કુંવારીને પેટે ગર્ભ ધારણ કરીને – માનવી દેહ ધરીને – પૃથ્વી પર આવ્યો!

આ સનાતન ઈશ્વરપુત્રને માનવોનાં પાપને માટે બલિદાન બની જવા માનવી–શરીરની જરૂર હતી. ઈશ્વર તો સનાતન હોઈ મરી શકે નહિ. માનવી શરીર જ મરી શકે. એટલે સનાતન "શબ્દ સદેહ થાય છે," અને મરિયમ કુંવારીને પેટે જન્મ લઈ માનવી બને છે. એ વિષે હિબ્રૂ ૧૦ : ૫ માં એક પુરાણા ભવિષ્યકથનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, **"પણ મારે સારુ તેં શરીર તૈયાર કર્યું છે."** સનાતન શબ્દને માણસ બનવા શરીરની જરૂર હતી, જે મરિયમ કુંવારી દ્વારા જન્મ લેવાથી એને મળ્યું, એમ શબ્દ સદેહ થયો.

પ્રભુ ઈસુ એક જ વખત દેહધારી થયા. એમને વારંવાર દેહધારણ કરવાની કે જન્મ લેવાની જરૂર નહોતી, કારણ, તેઓ મનુષ્યોને માટે સંપૂર્ણ બલિદાન બનવાને આવ્યા હતા, અને સંપૂર્ણ બલિદાન બન્યા પણ ખરા. "પણ હવે છેલ્લા કાળમાં પોતાના બલિદાનથી પાપને દૂર કરવા માટે તે **એક જ વખત પ્રગટ થયો**" (હિબ્રૂ ૯ : ૨૬). વળી "એ તો પાપોને માટે એક બલિદાન સદાકાળને સારુ કરીને, ઈશ્વરની જમણી તરફ બિરાજેલો છે" (હિબ્રૂ ૧૦ : ૧૨).

હિંદુ ધર્મમાં ઈશ્વરને અનેક વખત અને અનેક રૂપમાં ખાસ અવતાર લેતા દર્શાવ્યા છે, કારણ, તે બધા અવતારો માત્ર અંશાવતાર છે. આ બધા અંશાવતારોએ અનેક વાર અનેક જુદાં જુદાં શરીરોમાં અવતાર ધારણ કર્યા છે, જ્યારે પ્રભુ ઈસુ તો એક જ વખત, અને

કાયમને માટે, સંપૂર્ણ દેહધારી બન્યા. અને એ ધારણ કરેલા માનવદેહને તેમણે ફરી કદી ઉતાર્યો નથી. આજે પણ તેઓ એ માનવી દેહમાં સ્વર્ગમાં પિતાને જમણે હાથે બિરાજમાન છે, અને એ જ દેહમાં તેઓ પૃથ્વી પર પાછા આવવાના છે. હા, એ દેહ મહિમાવંત દેહ છે.

કોલોસી ૨:૯ જણાવે છે: "કેમ કે [ખ્રિસ્ત] માં દેવત્વની સર્વ પરિપૂર્ણતા મૂર્તિમાન છે." "હતી" એમ નહિ, પણ "છે," એટલે કે, અત્યારે પણ પ્રભુ ઈસુના માનવી છતાં મહિમાવંત દેહમાં ઈશ્વરત્વની સર્વ પરિપૂર્ણતા મૂર્તિમાન છે. એટલે જ તેઓ ફરી દેહ ધારણ કરી ન જ શકે, અને એવી જરૂર પણ નથી.

(૫) કુંવારી દ્વારા જ દેહ ધારણ કરવાનું આવશ્યક હતું. કારણ, પુરુષ–સમાગમ પામેલી સ્ત્રી દ્વારા જે બાળક જન્મે તેને તો, બધા આદમપુત્રોની જેમ "મૂળ પાપ" સ્વભાવમાં હોય, – એને પાપી સ્વભાવ પ્રાપ્ત થયેલો હોય, એટલે એ 'પાપી' ગણાય. અને જો આવી રીતે, એટલે કે પુરુષ–સમાગમ પામેલી સ્ત્રી દ્વારા ઈસુ જન્મ્યા હોત, તો એ 'પાપી સ્વભાવવાળા ઈસુ (!)' નિષ્કલંક બલિદાન (પાપરહિત બલિદાન) બની શકયા ન હોત, અને જગતના લોકોનાં પાપ માટે બલિદાન દેવાઈ શકાયું ન હોત, અને પાપની શિક્ષામાંથી અને પાપની સત્તામાંથી માણસ છૂટી શકત નહિ, મુક્તિ પામી શકત નહિ. જૂના કરારનાં અર્પણો માટેનાં પ્રાણીઓ એબ (ખામી, ખોડખાંપણ) રહિત લાવવાનાં હતાં, કારણ, તેઓ આવનાર નિષ્કલંક (પાપરહિત) પ્રભુપુત્રનાં પૂર્વ-છાયારૂપ હતાં. જગતના પાપનું હરણ કરનાર નિષ્કલંક દેવના હલવાનનાં તેઓ માત્ર અપૂર્ણ અવેજી હતાં, એટલે સદેહ બનેલા પ્રભુ ઈસુ સંપૂર્ણ રીતે પાપરહિત કે નિષ્કલંક હોવા જોઈએ. એટલે સનાતન શબ્દ યા ઈશ્વરત્વની બીજી વ્યક્તિ 'પુત્ર' કુંવારી દ્વારા જન્મ્યા.

(૬) પ્રભુ ઈસુ સંપૂર્ણ ઈશ્વર હતા, અને સંપૂર્ણ માણસ પણ

હતા. ગણિતની ભાષામાં મૂકીએ તો, પ્રભુ ઈસુ ૧૦૦ ટકા ઈશ્વર હતા, અને ૧૦૦ ટકા માનવ પણ હતા. અને આ એક જ દ્વારે, એટલે કે કુંવારી દ્વારા જન્મ લેવાથી આવું વ્યક્તિત્વ શક્ય બની શકે, પુરુષ–સમાગમ પામેલી સ્ત્રી દ્વારા આ શક્ય ન બની શકે.

અહીં એક મુદ્દાની ચોખવટ કરી લઈએ. આ મરિયમ કુંવારી કોઈપણ એક સામાન્ય કન્યા જેવી સામાન્ય છતાં ધાર્મિક અને ઈશ્વરપરાયણ કન્યા હતી. રોમન કેથલિક મંડળી માને છે તેમ મરિયમ **પાપરહિત** નહોતી. આ મંડળી એમ માને છે કે મરિયમ પોતે પાપરહિત હતી, એટલે તે પાપરહિત (નિષ્કલંક) પ્રભુ ઈસુને જન્મ આપી શકે. તેઓ માને છે કે મરિયમને આદમનું "મૂળ પાપ" નહોતું, તેમ જ મરિયમે જાતે પણ કોઈ પાપ કર્યું નહોતું. તે નિષ્કલંક ગર્ભાધાન (immaculate conception) થી જન્મી હતી, અને મૃત્યુ પામ્યા વગર સીધી સ્વર્ગે લઈ લેવાઈ હતી. પણ **સનાતન શબ્દનો** ગર્ભ ધારણ કરવા મરિયમે પાપરહિત હોવાની કોઈ જરૂર નહોતી, કારણ, પવિત્ર આત્માના 'આચ્છાદન' દ્વારા આ ગર્ભ ધારણ કરવામાં આવ્યો હતો. આમ, મરિયમમાંનું મૂળ પાપ 'ઈસુ'ને લાગે નહિ, છતાં સંપૂર્ણ ઈશ્વરત્વ અને સંપૂર્ણ માનવત્વ પ્રભુ ઈસુમાં સંપૂર્ણ રીતે એકાકાર બનેલાં હોય.

આ મુદ્દા નીચે એકબે બાબતો સ્પષ્ટ કરી લઈએ. ખ્રિસ્તી મંડળીમાં કેટલીક ખોટી માન્યતાઓ (દુર્મતો) પ્રવેશેલી છે. આવો એક દુર્મત શીખવે છે કે, ઈસુ માત્ર ઈશ્વર હતા, અને એમનું માનવીપણું એ માત્ર આભાસરૂપ હતું – સાચુકલું નહોતું. એટલે એમને (માનવીને થાય છે એમ) ભૂખ, થાક કે તરસ લાગતાં નહોતાં; ખીલા કે કાંટા કે કોરડાની તેમને કોઈ અસર થતી નહોતી. બાઇબલમાં ભૂખ, થાક, તરસ, 'મરવા જેવા શોકાતુર થવું,' એ બધું માત્ર આભાસ હતું, ખરેખરું

નહોતું. એનો અર્થ આવો થયો, – ઈસુ ખરેખરા માનવ બન્યા નહોતા, એટલે એમનું માનવી શરીર એ માત્ર આભાસ હતું. – ખરેખરું નહોતું, એટલે પ્રભુ ઈસુનું ક્રૂસ પરનું મરણ પણ માત્ર આભાસ હતું – ખરેખરું નહોતું. એટલે કે પ્રભુ ઈસુ માણસોનાં પાપોના બલિદાન તરીકે ખરેખરા મર્યા જ નથી, અને માણસોને પાપમાંથી મુક્ત કરવા મુક્તિ-મૂલ્ય ચૂકવાયું જ નથી. અને માણસોની ભૂંડી હાલત એવી ને એવી જ છે. ઉદ્ધારનાર કે મુક્તિદાતા કોઈ બન્યું નથી! કેવો ભયંકર દુર્મત!

બીજો એક દુર્મત એનાથી ઊલટો છે. પ્રભુ ઈસુ માત્ર ખરેખરા માનવી જ હતા. તેઓ ઈશ્વર નહોતા. સનાતન સમયથી હયાત એવા ઈશ્વરપુત્ર યા 'શબ્દ' સદેહ થયા નથી. આ દુર્મતમાં ત્રણ ફાંટા છે: એક ફાંટો કહે છે કે, બાપ્તિસ્મા વખતે પવિત્ર આત્મા ઊતર્યા પછી ઈસુ દૈવી બન્યા (અથવા તો ઈશ્વરત્વમાં દત્તક લેવાયા); બીજો ફાંટો કહે છે કે, પુનરુત્થાન વખતે માનવી પ્રભુ ઈસુ દૈવી બન્યા; અને ત્રીજો ફાંટો કહે છે કે, પ્રભુ ઈસુ માત્ર માનવી હતા, પણ એમના આખા જીવનકાળ દરમિયાન એ દૈવી બનતા રહ્યા! આ આખોયે દુર્મત (એટલે કે પ્રભુ ઈસુ માત્ર માનવી જ હતા, અને દૈવી નહિ) એ ખતરનાક મત છે. ઈસુ જો ફક્ત માનવી જ હોય, તો માનવનું મૂળ પાપ તેમને પણ વળગેલું હોય, કારણ, બાઇબલ તો બતાવે છે કે, 'કોઈ ન્યાયી નથી, હા, એક પણ નહિ;' તો પાપી પ્રભુ ઈસુ (!) કેવી રીતે અન્ય પાપીઓને માટે બલિદાન બની શકે! ઈશ્વર એકલો જ નિષ્કલંક છે.

(૭) ઈસવી સનની પહેલી બે સદીમાં પણ **"કુંવારીથી ઈસુનો જન્મ"** એ સિદ્ધાંત સર્વમાન્ય હતો. સ્થળસંકોચને કારણે એ બે સદીઓના ઘણાબધા ધર્મપિતૃઓનાં લખાણોમાંથી અહીં અવતરણો ટાંકી શકાતાં નથી. માત્ર એકાદ અવતરણ લઈએ. ઈ. સ. ૧૧૦માં

ઇગ્નેશિયસ નામના ધર્મપિતૃએ એફેસસની મંડળીને લખેલા પત્રમાં આ પ્રમાણે લખ્યું હતું : "આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત...પવિત્ર આત્મા દ્વારા...મરિયમના ઉદરે ગર્ભ રહ્યા હતા." વળી "હવે, મરિયમનું કુંવારાપણું અને તેના દ્વારા જે જન્મ્યા તે બંને બાબતો...મોટા મર્મ છે, અને જોકે ઈશ્વરે તો એ ગુપ્તતામાં યોજ્યું, છતાં આખી દુનિયામાં એ જાહેર છે." ઇગ્નેશિયસનો ગુરુ પ્રેરિત યોહાન હતો, અને તેની પાસેથી જ ઇગ્નેશિયસે આ માહિતી મેળવી હશે.

ઈ. સ. ૧૨૫ માં થયેલો આરીસ્તાઇદસ 'કુંવારીથી જન્મ' સંબંધી લખે છે : "એ પોતે પરમ ઊંચામાં ઈશ્વરપુત્ર છે, જે સ્વર્ગથી ઊતરી આવ્યો, પવિત્ર આત્મા દ્વારા પ્રગટ થયો, અને હિબ્રૂ કુંવારીથી જન્મ્યો, અને એ કુંવારી દ્વારા દેહ મેળવ્યો...અને દેહ પ્રમાણે હિબ્રૂ પ્રજામાં, ઈશ્વરનો ગર્ભ ધારણ કરનાર કુંવારી મરિયમથી જન્મ્યો." જસ્ટીન મારટયર, તર્તુલિયન અને એવા અનેક ધર્મપિતૃઓએ આ સંબંધી લખ્યું છે.

કુરાનમાં ઈસુને કાયમ **"ઈસા, ઈબ્ન મિરિયમ"** ('ઈસુ, મરિયમનો પુત્ર') તરીકે ઓળખાવેલા છે. કુરાનના ભાષ્યના વિખ્યાત લેખક અબ્દુલ્લા અલ-બૈદવી આ પ્રમાણે લખે છે : "ઇસ્લામમાં ઈસુને કુંવારી મરિયમના પુત્ર તરીકે, અને ઈશ્વરના સર્જનાત્મક શબ્દ દ્વારા જન્મેલા તરીકે ઓળખવામાં આવે છે." કુરાનમાં (મરિયમ ૫ : ૧૯, ૨૦) આપ્યું છે કે, ગાબ્રીએલ દૂત મરિયમની પાસે આવીને તેને જણાવે છે કે, "તને જે દીકરો જનમશે તે ઈસુ, 'પાપરહિત' થશે." કુંવારી મરિયમને પુત્ર જનમશે એવું જ્યારે મરિયમને કહેવામાં આવ્યું, ત્યારે તેણે કહ્યું, "એવું કેવી રીતે બની શકે, કારણ, હું તો કુંવારી છું, અને કોઈ માનવીનો મને સ્પર્શ થયો નથી." કુરાનના વૃત્તાંતમાં પ્રભુ મરિયમને જવાબ આપે છે : "મને એ શક્ય છે." એ પછી પ્રભુએ "પોતાનો આત્મા તેના પર ફૂંક્યો."

(૮) લૂકની સુવાર્તા પ્રમાણે દૂતે મરિયમને વધાઈ આપી તેમાં આ પ્રમાણેનું પણ ભવિષ્યકથન હતું : "જો, તને ગર્ભ રહેશે, ને દીકરો થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે. તે મોટો થશે, ને પરાત્પરનો દીકરો કહેવાશે; અને દેવ પ્રભુ તેને તેના પિતા દાઊદનું રાજ્યાસન આપશે. તે યાકૂબના ઘર પર સર્વકાળ રાજ કરશે, ને તેના રાજ્યનો અંત આવશે નહિ" (લૂક ૧ : ૩૧–૩૩). મરિયમથી જન્મ લેનાર પ્રભુ ઈસુ આખરે દાઊદની ગાદી પર સર્વકાળ રાજ કરશે.

પરંતુ જો પ્રભુ ઈસુ કુંવારી મરિયમથી ન જન્મ્યા હોત, પણ યૂસફ પ્રભુ ઈસુનો ખરેખરો માનવી પિતા અથવા જન્મ આપનાર બાપ હોત, તો ઉપરનું આ (લૂક ૧ : ૩૧–૩૩) ભવિષ્યકથન સાચું ન પડત. એ વિષે આપણે જોઈએ. માથ્થી ૧ : ૧૧, ૧૨ માં દાઊદની ગાદી પર છેલ્લો રાજા યખોન્યાહ થયો. એ યહોયાકીનને નામે તેમ જ કોન્યાહને નામે પણ ઓળખાય છે. ઈ. સ. પૂર્વે ૫૯૭ માં એના ત્રણ માસના રાજ્યકાળ પછી, નબૂખાદનેસ્સાર તેને બાબિલમાં બંદિવાસમાં લઈ ગયો. એના સંબંધી યિર્મેયા પ્રબોધકે આ પ્રમાણેનું ભવિષ્યવચન ઉચ્ચાર્યું હતું : "યહોવા પોતાના જીવના સમ ખાઈને કહે છે કે, જો યહૂદિયાનો રાજા, એટલે યહોયાકીમનો પુત્ર **કોન્યાહ,** મારા જમણા હાથ પરની મુદ્રિકા હોત, તોપણ [ હે કોન્યાહ, ] હું ત્યાંથી તને ઉતારી મેલત...; યહોવા કહે છે કે, લખી રાખો, કે આ પુરુષ નિ:સંતાન જશે..., અને તેના વંશમાંનો કોઈ પુરુષ દાઊદના રાજ્યાસન પર બેસીને, તથા યહૂદિયામાં અધિકાર ચલાવીને આબાદ થશે નહિ" (યિર્મેયા ૨૨ : ૨૪, ૩૦).

માથ્થી ૧ : ૧૧ બતાવે છે કે, આ કોન્યાહ (અગર યખોન્યાહ) યૂસફની વંશાવળી પ્રમાણે યૂસફનો વડવો હતો. હવે યૂસફ જો ખરેખર પ્રભુ ઈસુનો માનવી પિતા હોત, તો ઉપરના ભવિષ્યકથન પ્રમાણે પ્રભુ ઈસુ યૂસફપુત્ર તરીકે યખોન્યાહના વંશજ બનત. અને એમ પ્રભુ

ઈસુ કદીયે દાઉદની ગાદી પર આબાદ થાત નહિ; ઊલટું, લૂકમાં આપણે ઉપર જોયું તેમ, "દાઉદની ગાદી ઉપર તે (પ્રભુ ઈસુ) ના રાજ્યનો અંત આવશે નહિ." એટલે જ એ યૂસફનો પુત્ર નહોતો, પણ લૂકની વંશાવળી પ્રમાણે મરિયમ દાઉદપુત્રી હતી, અને ઈસુનો દાઉદની ગાદી પર હક્ક હતો. આમ, પ્રભુ ઈસુ યૂસફનો માત્ર પાલકપુત્ર હતો, અને મરિયમ કુંવારીનો, પવિત્ર આત્માથી થયેલો ખરેખરો પુત્ર હતો.

## વધારાની માહિતી

યહૂદિયાનું રાજ્ય ઈ. પૂર્વે ૫૮૬ માં જીતી લેવાયું તે સમયે યોશિયાનો પુત્ર સિદકીયાહ દાઉદના કુળનો છેલ્લો રાજા ગાદી પર હતો. ખાલદી રાજા નબૂખાદનેસ્સાર તેને યરૂશાલેમમાં પકડી લેશે એવા ભયથી તે નાઠો. પણ તે યરિખોના મેદાન સુધી પહોંચ્યો એટલામાં નબૂખાદનેસ્સારે તેને પકડી પાડ્યો અને રિબ્લાહમાં તેને લઈ ગયો. ત્યાં તેની નજર આગળ તેના પુત્રોને મારી નાખવામાં આવ્યા, અને તેની પોતાની આંખો ફોડી નાખવામાં આવી, અને તેને બંદિ તરીકે બાબિલોન લઈ ગયા.

તેનો ભત્રીજો યહોયાકીન (કોન્યાહ અથવા યખોન્યાહ) તો ક્યારનોયે (ઈ. પૂર્વે ૫૯૭ થી) બાબિલોનમાં બંદિ તરીકે લઈ જવાયો હતો. પણ નબૂખાદનેસ્સારના મૃત્યુ (ઈ. પૂર્વે ૫૬૨) પછી તેને બંદિની સ્થિતિમાંથી મુક્ત કર્યો, અને મહેલમાં બીજા કેદી રાજાઓની સાથે તેને માનપાનથી રાખવામાં આવ્યો. તે ખાલદી રાજાની સાથે ભોજન લેતો હતો. આ યહોયાકીન (કોન્યાહ યા યખોન્યાહ) એ હાલતમાં બાબિલોનમાં મરી ગયો (૨ રાજા ૨૫ : ૨૭–૩૦).

આ યહોયાકીનનો જયેષ્ઠ પુત્ર સલથાઈલ (શઆલ્તીએલ) (માથ્થી ૧ : ૧૨. ૧ લો કાળવૃત્તાંત ૩ : ૧૬–૧૯) હતો. આ સલથાઈલ યા

શઆલ્તીએલે પોતાના નાના ભાઈ પદાયાહના પુત્ર ઝરૂબ્બાબેલને દત્તક લીધો હોય એમ લાગે છે. આ ઝરૂબ્બાબેલને, બાબિલોનના બંદિ-પ્રવાસમાંથી ઈ. પૂર્વે ૫૩૬ માં મંદિર બાંધવા પાછા ફરેલા યહૂદીઓ પર ગવર્નર ('પેહાહ') બનાવવામાં આવ્યો હતો, અને તે યરૂશાલેમમાં રહેતો હતો.

માથ્થી ૧ : ૧૩ પ્રમાણે આ ઝરૂબ્બાબેલ અબીહૂદનો પિતા, અને એલીયાકીમનો દાદો હતો. એ વંશાવળી મરિયમના વર યૂસફ સુધી આવી. મરિયમ પોતે પણ દાઉદપુત્રી હતી, અને દાઉદ રાજાના પુત્ર નાથાનના વંશમાં જન્મી હતી.

દાઉદ રાજાનાં આ બધાં વંશજો રાજવંશી હોવા છતાં રાજગાદી પર આવ્યાં નહોતાં, અને રાજવી પદ પણ ભોગવ્યું નહોતું. પણ યહૂદી સમાજનાં લોકો તરીકે તેઓ જીવતાં હતાં, અને આવનાર મસીહાની રાહ જોતાં હતાં, કારણ, મસીહા દાઉદના વંશમાંથી આવવાનો હતો.

## ૨૭ યૂસફને બમણો હિસ્સો કેમ?

**પ્રશ્ન :** હઝકીએલ ૪૭ : ૧૩–૧૫ તેમ જ ૪૮ : ૪–૫ માં યાકૂબના અગિયાર (ખરું જોતાં દશ) દીકરાઓને (એટલે કે તેમના પરથી ઊતરી આવેલાં કુળોને) એક એક હિસ્સો મળશે, અને યૂસફને (એના પરથી ઊતરી આવેલા કુળને) બે હિસ્સા મળશે, એમ કેમ? અને બીજો પ્રશ્ન કે ૪૮ : ૪–૫ માં યૂસફના બે દીકરાનાં નામ છે (મનાશ્શેહ અને એફ્રાઈમ); અને તેમને અલગ અલગ એક એક હિસ્સો છે, જ્યારે યાકૂબના અન્ય દીકરાઓના દીકરાઓનાં નામ નથી આપ્યાં, એટલે કે તેમને અલગ કોઈ હિસ્સો નથી, એમ કેમ?

**જવાબ :** યહૂદીઓએ કનાન દેશ જીતી લીધા પછી ઉપર જણાવ્યા પ્રમાણે જ દેશની વહેંચણી કરી હતી, અને હઝકીએલ ૪૭ : ૧૩–૧૫ તેમ જ ૪૮ : ૪–૫ પ્રમાણે, એટલે કે, પ્રભુ ઈસુ પૃથ્વી પર પાછા આવીને ૧,૦૦૦ વર્ષ સુધી રાજ્ય (સહસ્રાબ્દી રાજ્ય) કરશે, તે સમયે પણ એ જ પ્રમાણે દેશ (ઇઝરાયલ દેશ) ની વહેંચણી થશે, એટલે કે યૂસફને બે હિસ્સા (એક ભાગ મનાશ્શેહને અને એક ભાગ એફ્રાઈમને) બાકીનાં દશ કુળોને એક એક હિસ્સો, અને યાજકકુળ લેવીને કંઈ નહિ (હઝકી. ૪૭ અને ૪૮).

રેઉબેન જયેષ્ઠ પુત્ર હતો, એટલે જયેષ્ઠપણાને કારણે તેને બે હિસ્સા ખરું જોતાં મળે, પણ ૧ કાળવૃત્તાંત ૫ : ૧,૨ માં આપ્યું છે : "કેમ કે તે (રેઉબેન) જયેષ્ઠ હતો; પરંતુ તેણે પોતાના બાપનો પલંગ અશુદ્ધ કર્યાને લીધે (જુઓ ઉત્પત્તિ ૩૫ : ૨૨, અને ૪૯ : ૩,૪) તેનો જયેષ્ઠપણાનો હક્ક ઇઝરાયલના પુત્ર યૂસફના પુત્રોને આપવામાં આવ્યો ...પણ જયેષ્ઠપણાનો હક્ક તો યૂસફનો જ હતો." એમ રેઉબેને પોતાના પિતાની ઉપપત્ની બિલ્હાહની સાથે વ્યભિચાર કર્યો, તેથી તે જયેષ્ઠપણાના હક્કમાંથી નાબૂદ કરાયો. અને જયેષ્ઠપણું યૂસફને અપાયું. એટલે જયેષ્ઠપણાની રૂએ યૂસફને બે હિસ્સા આપવામાં આવ્યા; રેઉબેનને નહિ.

હવે, યૂસફના બે પુત્રોને યાકૂબના દીકરાઓ સાથે હિસ્સો કેમ મળ્યો (હઝકી. ૪૮ : ૪–૫) તે જોઈએ. એ માટે આપણે ઉત્પત્તિ ૪૮ : ૫–૬ જોઈ લેવું પડશે. ત્યાં યાકૂબ યૂસફને આ પ્રમાણે કહે છે : "અને હવે મિસર દેશમાં તારી પાસે મારા આવ્યા પહેલાં તારા જે બે દીકરા તને મિસર દેશમાં થયા, એટલે એફ્રાઈમ તથા મનાશ્શેહ, **તેઓ મારા છે;** રેઉબેન તથા શિમઓનની પેઠે **તેઓ મારા થશે.** અને તેઓ પછી તારાં સંતાન જે તારાથી થશે તેઓ તારાં

થશે; અને તેઓના ભાઈઓનાં નામ પ્રમાણે તેઓનાં નામ તેઓના વતનમાં કહેવાશે." આમ, યાકૂબે યૂસફના આ બંને દીકરાઓને જાણે પોતાના જ દીકરા હોય તેમ દત્તક લીધા : **"તેઓ મારા થશે."** એમ, યાકૂબે પોતાના દીકરાઓની સાથે તેમને ગણ્યા, અને જેમ પોતાના બીજા દીકરાઓને એક એક હિસ્સો આપ્યો, તેમ આ બંનેને પણ એક એક હિસ્સો આપ્યો. એમ, યૂસફના બે હિસ્સા થયા.

ઉત્પત્તિ ૪૯ : ૧ માં " **'છેલ્લા દિવસોમાં'** તમને જે વીતશે તે હું તમને જાહેર કરું," એમ લખ્યું છે તે, પ્રભુ ઈસુના પુનરાગમન સમયે એક હજાર વર્ષના રાજ્યકાળ વખતે આ પ્રમાણેની દેશની વહેંચણી થશે.

## ૨૮ એલિયાએ ક્યારે પત્ર લખ્યો ?

**પ્રશ્ન :** એલિયા, ૨ રાજા ૨ : ૧૧ પ્રમાણે, અગ્નિરથો દ્વારા ઉપર લઈ લેવાયો, અને ૨ કાળવૃત્તાંત ૨૧ : ૧૨ માં એલિયાએ યહોરામ પર પત્ર લખ્યો. તો તે પત્ર ક્યારે લખ્યો ? વંટોળિયામાં ઊંચકાઈ ગયા અગાઉ કે તે પછી ?

**જવાબ :** બાઇબલમાં સ્પષ્ટ આપ્યું છે કે, એલિયાએ યહોરામ ઉપર પત્ર લખ્યો—વંટોળિયામાં ઊંચકાઈ ગયા પહેલાં લખ્યો, સરખાવો ૨ રાજા ૧ : ૧૭ (ઇઝરાયલના રાજ્ય પર, અહાઝ્યાહના મૃત્યુ બાદ યહોરામ ગાદી પર આવ્યો; અને એના ગાદી પર આવ્યા પહેલાં બે વર્ષ અગાઉ, યહૂદિયાની ગાદી પર પણ યહોરામ નામનો રાજા રાજ્ય કરતો હતો, તે યહોશાફાટનો દીકરો હતો. યહૂદિયાના આ રાજા યહોરામ પર એલિયાએ પત્ર લખ્યો હતો (૨ કાળવૃત્તાંત ૨૧ : ૧૨). એલિયાએ પોતાના ઉપર ચઢી ગયા અગાઉ પત્ર લખ્યો હતો, પણ એ પત્ર યહોરામને (એલિયાના ઉપર લઈ લેવાયા બાદ) પહોંચ્યો.

## ૨૯ બાળકો જનમતાંની સાથે જ જૂઠું બોલે?

**પ્રશ્ન :** ગીતશાસ્ત્ર ૫૮ : ૩ માં લખ્યું છે, "દુષ્ટો માના પેટથી જ ભટકી ગયેલા હોય છે; તેઓ જન્મે છે કે તરત જ જૂઠું બોલે છે અને ખોટે રસ્તે ચઢી જાય છે." એ કેવી રીતે?

**જવાબ :** માણસમાત્ર માના પેટથી જ (એટલે કે ગર્ભાધાનના સમયથી જ) પાપી સ્વભાવવાળું હોય છે. માણસમાં આદમનું મૂળ પાપ વસેલું હોય છે, એટલે જ એ જૂઠું બોલતું હોય છે, અને અનેક પાપી કૃત્યો આચરે છે, અને (૪થી કલમમાં છે તેમ) તેઓ દુનિયાને વિષમય કરે છે, અને ગારુડીની મોરલીનો સાદ ન સાંભળનાર "બહેરા સાપ" પેઠે ઈશ્વર તરફથી આવતી સર્વ વિનંતીઓ કે શિખામણો પ્રત્યે બહેરા બની જાય છે. ઈશ્વરનો સ્વીકાર કરનાર જ નવો જન્મ પામી સંત બને છે, જ્યારે કુદરતી માણસ જન્મથી પાપી હોઈ દુષ્ટ જ રહે છે. સરખાવો ગીતશાસ્ત્ર ૫૧ : ૫. (વધુ માટે જુઓ '**બાઇબલ-અભ્યાસ**', ભાગ ૧ લો. પૃ. ૨૯).

## ૩૦ નરકમાં જવાનું નિર્માણ હોય, તો પછી તે પાપીઓનો શો દોષ?

**પ્રશ્ન :** (લાંબા કાગળનો સારાંશ એટલો જ છે કે) પાપી માણસો નર્કે જ જશે, એવું તેમના જન્મ પહેલાં ઈશ્વરે નિર્માણ કર્યું હોય, તો એ માટે આ પાપીઓનો શો દોષ?

**જવાબ :** 'નસીબ' અથવા 'ભાગ્ય'ની હિંદુ માન્યતા, અથવા 'કિસ્મત'ની ઇસ્લામી માન્યતા જેવી કોઈ માન્યતા બાઇબલમાં નથી. બાઇબલમાં તો ઈશ્વરની પૂર્વદૃષ્ટિ (પૂર્વજ્ઞાન) અને પૂર્વસંકલ્પ (અગાઉથી કરેલો ઠરાવ) – એ બંને સાથે સાથે જ જાય છે, એટલે કે અમુક માણસ આ પ્રમાણે જ કરશે એવું ઈશ્વરે અગાઉથી જોયું, માટે ઈશ્વરે

એ પ્રમાણે ઠરાવ્યું. આમાં દરેક કામની જવાબદારી માણસની પોતાની રહે છે. (વધુ માટે જુઓ, **'બાઇબલ-અભ્યાસ'**, ભાગ ૨ જો. પૃ. ૪૩-૪૫ અને પૃ. ૬૩-૭૦). માણસ પોતાની પસંદગીથી જ નર્કે જાય છે.

## ૩૧ શિયાળે કે સાબ્બાથે (વિશ્રામવારે) નાસવું એટલે શું?

**પ્રશ્ન :** માથ્થી ૨૪ : ૨૦ માં "પણ તમારું નાસવું શિયાળામાં કે વિશ્રામવારે ન થાય, તે માટે તમે પ્રાર્થના કરો." એટલે શું?

**જવાબ :** માથ્થીના ૨૪ મા અધ્યાયમાં પ્રભુ ઈસુ જગતના અંતની નિશાનીઓ વિષે સમજાવતાં આ વાક્ય ઉચ્ચારે છે. પ્રભુ ઈસુ પોતાની મંડળીને લેવા ગગનમાં આવશે તે વખતથી માંડીને તે પૃથ્વી ઉપર ઊતરશે ત્યાં સુધીનો સમય-ગાળો સાત વર્ષનો હશે. એનાં પાછલાં સાડાત્રણ વર્ષોમાં પૃથ્વી પર મહાવિપત્તિ આવશે, અને **"ખ્રિસ્તવિરોધી"** યહૂદીઓ ઉપર ભયંકર સતાવણી લાવશે, તે સમયે યહૂદીઓને નાસી જવું પડશે (જુઓ પ્રકટી. ૧૨ : ૬, ૧૪ વગેરે). આ સમય વિષે પ્રભુ ઈસુ અહીં ઉલ્લેખ કરે છે. શિયાળામાં અતિશય ઠંડી હોય અને બરફ વરસતો હોય ત્યારે નાસવું વધુ કપરું થઈ પડે, એમ વિશ્રામવારે (સાબ્બાથે = શનિવારે) નાસવું તે સાબ્બાથભંગ થાય. એ જ ખુલાસો માથ્થી ૨૪ : ૧૯ ને પણ લાગુ પડે છે. – ગર્ભવતી સ્ત્રી કે ધવડાવનારી સ્ત્રી માટે નાસવું કેવું અઘરું બને!

## ૩૨ "અસ્તવ્યસ્ત અને ખાલી" એટલે શું?

**પ્રશ્ન :** ઉત્પત્તિ ૧ : ૨માં આપ્યું છે કે, "પૃથ્વી **અસ્તવ્યસ્ત** અને **ખાલી** હતી." આ બંને શબ્દો એકબીજા સાથે સંગત નથી. જો પૃથ્વી ખાલી હોય તો અસ્તવ્યસ્ત કેવી રીતે હોઈ શકે? અથવા અસ્તવ્યસ્ત હતી તો ખાલી ન હોઈ શકે.

**જવાબ :** હિબ્રૂ શબ્દો "તોહુ વ બોહુ"નો ગુજરાતી તરજુમો "અસ્તવ્યસ્ત અને ખાલી" એવો કર્યો છે. રોમન કૅથલિક તરજુમામાં

આમ છે: "અને પૃથ્વી અસ્તવ્યસ્ત અને શૂન્ય હતી." અંગ્રેજીમાં મોટે ભાગે હોય છે: "વિધાઉટ ફૉર્મ ઍન્ડ વૉઇડ." જેમ કોઈ ઘરનાં માત્ર ભીંતડાં ચણાયાં હોય, પણ છાપરું કે પ્લાસ્ટર કે અંદર સાધન કંઈ જ ન હોય એવી સ્થિતિ. જેમ કોઈ કુંભાર સુંદર વાસણ ઘડવા ચાકડા પર ગારો ચઢાવે અને પ્રાથમિક કક્ષા હોય તેવી સ્થિતિ. તે સમયે પૃથ્વી પર પાણી હતું, પણ ઝાડપાન, પશુપંખી, માણસ, સૂર્ય–ચંદ્ર–તારાઓ, વગેરે કંઈ જ નહોતું, માટે '**ખાલી**' શબ્દ વાપર્યો, અને પૃથ્વીને જે 'ઢંગધડો' આપવાનાં તે હજી અપાયાં નહોતાં, માટે 'અસ્તવ્યસ્ત' (નહિ કે ચીજવસ્તુઓ વેરણછેરણ પડી હોય તેવું, પણ રૂપરંગ, આકાર વગરનું).

## ૩૩ યરૂશાલેમનું મંદિર

**પ્રશ્ન :** હઝકીએલના ૪૦ થી ૪૮ અધ્યાયોમાં જે મંદિરનું વર્ણન આપ્યું છે તે કયું ? અને ૪૭ મા અધ્યાયમાં વર્ણવેલી નદી એ કઈ નદી છે, અને એનો અર્થ શો છે ?

**જવાબ :** મારા લખેલા પુસ્તકમાં (**યરૂશાલેમનું મંદિર બંધાશે? ક્યારે? ક્યાં? કેમ?**) સમજાવ્યું છે તેમ એ પ્રભુ ઈસુના પૃથ્વી પરના એક હજાર વર્ષના રાજ દરમિયાન યરૂશાલેમમાં જે મંદિર બંધાયું હશે તેની વાત છે. એ સમયે (પ્રભુ ઈસુના પૃથ્વી પર ઊતરવાને સમયે) જૈતૂન પહાડના બે ભાગ થઈ જશે (ઝખાર્યા ૧૪ : ૪), અને આખા દેશની અને પૃથ્વીની ભૌગોલિક રચનામાં બહુ ભારે ફેરફાર થઈ ગયા હશે; એ સમયે યરૂશાલેમના મંદિરેથી નદી વહી નીકળશે. એ ખરેખરી નદી હશે. એને લીધે આજના મૃત (યા ખારા) સમુદ્રનાં પાણી મીઠાં થઈ જશે, અને તેમાં માછલાં અને અનેક જીવસૃષ્ટિ રહેશે (હઝકી. ૪૭ : ૬–૧૦).

## ૩૪ યોહાને લોકોને ઈસુ વિષે કેવી રીતે જાણ કરી?

**પ્રશ્ન :** યોહાન બાપ્તિસ્ત ઈસુ કરતાં છ મહિના જ મોટા હતા. તો તેમણે ઈસુ વિષે લોકોને કેવી રીતે જણાવ્યું ?

**જવાબ :** ઈશ્વરે યોહાન બાપ્તિસ્તને પ્રભુ ઈસુના છડી પોકારનાર તરીકે મોકલ્યા હતા. એ બાબતે જૂના કરારમાં ભવિષ્યકથન પણ છે. પ્રભુના પવિત્ર આત્માએ યોહાનને પ્રકાશ આપ્યો હતો, તેથી તેઓ ઈસુ વિષે લોકોને જણાવતા-શીખવતા હતા.

(માગીઓનાં નામ તથા કયા કયા દેશથી આવ્યા તે કોઈ જાણતું નથી. બાઇબલમાં તે આપ્યું નથી.) તેઓ ત્રણ હતા કે વધુ હતા તે વિષે પણ બાઇબલમાં ઉલ્લેખ નથી. સોનું, બોળ અને લોબાન એ ત્રણ ચીજોને લીધે લોકો ત્રણ માગીઓ હતા એવું કલ્પી લે છે)

## ૩૫ જળપ્રલય પૂર્વે માનવીનું સેંકડો વર્ષનું આયુષ્ય હતું?

**પ્રશ્ન :** બાઇબલમાં જળપ્રલય પહેલાંના લોકોનું આયુષ્ય ૯૦૦ વર્ષની આસપાસ હતું, એ સત્ય હકીકત છે કે કેમ? એ વર્ષો આપણા વર્ષ જેટલાં જ લાંબાં હતાં કે વધારે-ઓછાં? જો આપણા વર્ષ જેટલાં જ લગભગ એ વર્ષો હતાં, તો એટલા બધા લાંબા આયુષ્યનું કારણ શું? હાલમાં કેમ સરેરાશ ૭૦ વર્ષનું આયુષ્ય થઈ ગયું ?

**જવાબ :** હા, બાઇબલમાં જળપ્રલય પહેલાંના લોકોનું આયુષ્ય ૯૦૦ વર્ષ અને એથીયે વધુ આપવામાં આવ્યું છે. આદમની વયમર્યાદા ૯૩૦ વર્ષની, શેથની ૯૧૨, અનોશની ૯૦૫, કેનાનની ૯૧૦, માહલાલએલની ૮૯૫, યારદની ૯૬૨, મથૂસેલાહની ૯૬૯, અને નૂહની વયમર્યાદા ૯૫૦ વર્ષની હતી. જળપ્રલય પછી આયુષ્ય ટૂંકું થયું. એબર ૪૬૫ વર્ષ જીવ્યો, આબ્રાહમ ૧૭૫ વર્ષ જીવ્યો, મૂસા ૧૨૦ વર્ષે મર્યો. દાઉદના સમયમાં તો આયુમર્યાદા લગભગ ૭૦ ની આસપાસની

બની ગઇ હતી. તેથી જ ગીતશાસ્ત્ર ૯૦ : ૧૦ માં આપ્યું છે : "અમારી વયના દિવસો સિત્તેર વર્ષ જેટલા છે; અથવા બળના કારણથી તેઓ એંસી વર્ષ થાય..." અત્યારે આપણા ૨૦મી સદીના જમાનામાં પણ લગભગ એ જ ૭૦નો માપદંડ રહ્યો છે. જળપ્રલય પછી વયમર્યાદા ઘણી ઘટી ગઈ.

લંબાઈમાં જળપ્રલય પૂર્વેનાં વર્ષો આપણાં અત્યારનાં વર્ષો જેટલાં હતાં કે લાંબાં-ટૂંકાં? બાઇબલમાં બધે જ આપેલાં વર્ષો આપણા અત્યારનાં વર્ષો જેટલી જ લંબાઈનાં હતાં એમાં કોઈ શક નથી. બાઇબલના લગભગ બધા જ અભ્યાસીઓ એ વાત માન્ય રાખે છે. ફરક આટલો જ કે અત્યારનાં આપણાં વર્ષો (અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે) ૩૬૫¼ દિવસનાં હોય છે, એટલે કે સૌર્યવર્ષ (સૂર્ય પ્રમાણેનાં) હોય છે, જ્યારે બાઇબલમાં જણાવેલાં વર્ષો સૌર્ય અને ચાંદ્રવર્ષની વચ્ચેના ગાળાનાં છે. બાઇબલમાં ગણતરી માટે આપવામાં આવેલાં વર્ષો ૩૬૦ દિવસનાં હતાં. જળપ્રલય પહેલાંનાં ૩૬૦ દિવસવાળાં ૯૦૦ વર્ષ લઈને તેનાં આપણે સૌર્યવર્ષ બનાવીએ તો કુલ ૮૮૭ વર્ષ અને ૨૪ દિવસ થાય. એ પ્રમાણે મથૂસેલાહ ૯૬૯ ચાંદ્રવર્ષ જીવ્યો હતો, તે આપણાં સૌર્યવર્ષ પ્રમાણે ૯૫૫ વર્ષ અને ૨૭ દિવસ જીવ્યો ગણાય.

તો જળપ્રલય પછી આયુષ્ય આટલું બધું કેમ ઘટી ગયું? જોઈએ. જળપ્રલય પૂર્વે પૃથ્વીની આસપાસ વરાળરૂપી પાણીનું પ્રચંડ આવરણ હતું, જે પૃથ્વીને વિનાશકારક અસરોથી બચાવી રાખતું હતું. ઉત્પત્તિ ૧ : ૬, ૭ પ્રમાણે "અંતરિક્ષની તળેનાં પાણીને અંતરિક્ષની ઉપરનાં પાણીથી જુદાં કર્યાં." પાણીના જંગી મહાસાગરો અંતરિક્ષની ઉપર હતા. જળપ્રલય સુધી આ પ્રચંડ આવરણ રહ્યું, પણ જળપ્રલયની શરૂઆતમાં "જળનિધિના (પૃથ્વીના પેટાળમાંથી)

ઝરા ફૂટી નીકળ્યા ને **આકાશનાં દ્વારો ઊઘડી ગયાં,** અને ચાળીસ દહાડા તથા ચાળીસ રાત પૃથ્વી પર વરસાદ વરસ્યો" (ઉત્પત્તિ ૭ : ૧૧, ૧૨ ). પૃથ્વીના ઊંચામાં ઊંચા પર્વત પણ ડૂબી ગયા એટલું પાણી પડ્યું. આમ, અંતરિક્ષનાં પાણીનું આવરણ તદ્દન નહિવત્ બની ગયું.

આ આવરણ અવકાશનાં જીવન વિનાશક તત્ત્વો, વાયુઓ, અને અસરોને ખાળી રાખતું હતું. એ આવરણ જળપ્રલય સમયે દૂર થવાથી આ બધાં જીવન-વિનાશક તત્ત્વો, વાયુઓ અને અસરોની માઠી અસરો મનુષ્યજીવન પર પડવાથી આયુષ્યમર્યાદા ઓછી અને ઓછી થતી ગઈ. આ અસરો બે રીતે માનવીઓ પર પડી : (૧) માનવી શરીરના કોશો પર વિઘાતક અસરો પડી, અને એ શરીરના કોશો ઝડપથી નાશ પામવા લાગ્યા. (૨) શરીરની અંદરની અમુક ગ્રંથિઓ (આંતરસ્રાવી ગ્રંથિઓ) પણ આ વિઘાતક અસરો નીચે આવી અને એ ગ્રંથિઓનું કામ મંદ પડ્યું, અને કેટલીકનું મુદ્દલે બંધ પડ્યું. જીવનરક્ષણ અને જીવનપોષણને માટે અતિ ઉપયોગી એવી આ ગ્રંથિઓની કામગીરી મંદ થવાથી, ને કેટલીકની કામગીરી બંધ થવાથી આયુષ્ય ખૂબ ઘટ્યું. એની આનુવંશિક (વંશપરંપરાની) અસરો થઈ, જેથી એમનાં ફરજંદો વધુ અને વધુ ટૂંકા આયુષ્યવાળાં બનતાં રહ્યાં. બાઇબલના ઇતિહાસ સાથે આ વિધાન તદ્દન સુસંગત છે. જીવન કેમ ટૂંકું થયું તેનાં કારણો આપણે વિગતવાર જોઈએ.

(૧) અંતરિક્ષના પાણીનું આવરણ અવકાશમાંથી આવતાં જીવન-વિઘાતક કિરણોત્સર્ગ (રેડિએશન)ના લાંબા તરંગોને ગાળી નાખતું હતું, અને માનવી શરીરને રક્ષણ આપતું હતું. આ કિરણોત્સર્ગ શરીરના કોશોને માટે તથા આંતરસ્રાવી ગ્રંથિઓ માટે ઘાતક હતાં. અંતરિક્ષના પાણીનું આવરણ દૂર થતાં આ અવકાશી કિરણોત્સર્ગની ઘાતક અસર માણસ પર પડી. માનવીનાં પાપને કારણે જ આ આવરણ ઘટી જઈને નહિવત્ બન્યું ને!

(૨) ઓઝોન વાયુ એ ઘટ્ટ થયેલો પ્રાણવાયુ (ઑક્સિજન) છે. પણ આપણે આપણા શ્વાસમાં એક કરોડ ભાગમાં, માત્ર ૨ કે ૩ ભાગનો ઓઝોન લઈએ છીએ. વધુ પ્રમાણમાં ઓઝોન લેવાથી જીવનને માટે ખતરનાક નીવડે, કારણ, ઓઝોન વાયુ પ્રમાણ બહાર લેવાથી હિમોગ્લોબીન (રક્તનું લાલ તત્ત્વ) અને લીમ્ફ ઉપર ઝેરી અસરો ફેલાવે છે, અને આયુષ્યને ટૂંકાવે છે. અંતરિક્ષના પાણીનું આવરણ યા આચ્છાદન અલોપ થવાથી પૃથ્વી પર વધુ પ્રમાણમાં ઓઝોન ફેલાય છે, અને માનવીના જીવનને ટૂંકાવે છે. ઓઝોન વાયુના ઘણા અખતરા કરવામાં આવ્યા છે; અને પરિણામમાં માલૂમ પડ્યું છે કે, ઓઝોનનું ઝેર ઝડપી વૃદ્ધાવસ્થા લાવે છે. પૃથ્વી પર ઝડપી વૃદ્ધાવસ્થા લાવવામાં ઓઝોન અગ્રસ્થાને છે. જળપ્રલય અગાઉ પાણીનું આવરણ વધુ પડતા ઓઝોનને ગાળી કાઢતું હતું.

(૩) હા, ઓઝોનનું પાતળું આવરણ સૂર્યમાંથી આવતા મહાઘાતક કિરણોત્સર્ગ (રેડિએશન) ને પૃથ્વીની સપાટી પર આવતાં અટકાવે છે. એમ ઓઝોનનું પડ લાભકારક પણ છે. પણ પૃથ્વીનું પ્રદૂષણ ઓઝોનના પડનો નાશ કરે છે. આ સૂર્યનાં કિરણોત્સર્ગ પણ વૃદ્ધાવસ્થાને ઝડપી બનાવે છે. ક્ષ–કિરણો (**X-ray**) એનો એક ભાગ છે.

(૪) ઉપરનાં બધા પ્રકારનાં કિરણોત્સર્ગો (રેડિએશન) માત્ર માનવશરીરના કોશો અને ગ્રંથિઓ પર વિઘાતક અસરો ફેલાવે છે, અને આયુષ્યને ટૂંકાવે છે, એટલું જ નહિ, પણ આનુવંશિક (એટલે પાછળના વંશજો ઉપર) મહાઘાતક અસરો વારસામાં આપી જાય છે, અને એમ વયમર્યાદા ઘટતી જાય છે.

વિજ્ઞાનીઓ પ્રમાણો સહિત સાબિતીઓ આપે છે કે કિરણોત્સર્ગો માનવવંશજોમાં અવારનવાર જાત જાતનાં 'મ્યુટેશન' પેદા કરે છે. 'મ્યુટેશન'

એટલે પરિવારની ખાસિયતોથી ફંટાઇ જતી – બદલાઈ જતી ખાસિયતો-વાળાં વંશજ. મ્યુટેશનો કાયમી આનુવંશિક ફેરફારો ઉત્પન્ન કરે છે. આ 'મ્યુટેશનો' **ઊર્ધ્વગામી** (જીવનની ચઢિયાતી ખાસિયતોવાળાં) નથી હોતાં, પણ બહુધા **અધોગામી** (જીવન જીવવાની કળામાં ઊતરતી કક્ષાની ખાસિયતોવાળાં) હોય છે, એટલે કે કિરણોત્સર્ગોની અસરોથી માનવી જીવન વધુ ને વધુ ઊતરતી કક્ષાનું, ટૂંકી વયમર્યાદાવાળું બનતું જાય છે. જળપ્રલય પછી અંતરિક્ષના પાણીનો જથ્થો (આવરણ, આચ્છાદન) ઓછો થઈ જવાથી કિરણોત્સર્ગો વધુ પ્રમાણમાં ફેલાય છે, તેથી 'મ્યુટેશન' વધુ ને વધુ થાય છે, અને એમ જીવન ટૂંકું અને ઊતરતી કક્ષાનું થતું જાય છે.

(૫) સૂર્યકિરણોમાં મેઘધનુષ્યના સાત રંગો તો હોય છે જ. પણ કિરણોમાં આ વર્ણપટના સાત રંગો સિવાય અદૃશ્ય એવાં ક્ષ–કિરણો, પારજાંબલી (અલ્ટ્રા વાયોલેટ) કિરણો, અને પરા–રક્ત (ઇન્ફ્રા રેડ) કિરણો પણ હોય છે. કુમળા પ્રકાશમાં આવતાં પારજાંબલી કિરણો અમુક અંશે શરીરતંત્રને માટે લાભદાયી નીવડે છે. પણ એ સિવાય પારજાંબલી કિરણો શરીરની ચામડી, કોશો, અને આખા શરીરતંત્ર ઉપર ખતરનાક અસરો ફેલાવે છે. જળપ્રલય પૂર્વે અંતરિક્ષનું આવરણ આ પારજાંબલી (અલ્ટ્રા વાયોલેટ) કિરણોને રોકી દેતું હતું. પણ જળપ્રલયમાં એ આવરણ દૂર થવાથી હવે અતિ વધુ પ્રમાણમાં પારજાંબલી કિરણો પૃથ્વીના પટમાં ઊતરે છે, અને વૃદ્ધાવસ્થાની પ્રક્રિયાને ઝડપી બનાવે છે.

(૬) એવું જ 'વિશ્વકિરણો' (કૉઝમિક) નું પણ, પૃથ્વીના વાતાવરણની બહારથી ચોમેરથી આવતાં શક્તિશાળી અને ભેદક કિરણો શરીરતંત્ર માટે ખતરનાક છે. જળપ્રલય અગાઉ પેલા આવરણને લઈને મોટા પ્રમાણમાં આ 'વિશ્વકિરણો' ખળાઈ જતાં હતાં. પણ

જળપ્રલય વખતે અંતરિક્ષનું એ આવરણ તદ્દન આછું થઈ જવાથી શરીરતંત્ર ઉપર એની વિનાશક અસરો જોર જોરથી થયા કરે છે, અને વૃદ્ધાવસ્થાની પ્રક્રિયા ઝડપી બનાવે છે.

(૭) ઘણા ડૉકટરો અને વિજ્ઞાનીઓનું માનવું છે કે માનવી શરીરનું આયોજન એવા પ્રકારનું છે કે જો તેના શરીરની અમુક આંતરસ્રાવી ગ્રંથિઓ બરાબર કામ કરતી ચાલુ રહે, તો તે ૧૦૦૦ વર્ષ જીવી શકે; પણ કિરણોત્સર્ગની અસરો આ ગ્રંથિઓ પર પડી. વળી ઇઝરાયલ રાજયના ન્યૂરોસર્જન ડૉ. જેકબ ડી. લીડમન જેવાઓનું માનવું છે કે ઈશ્વરે જ અમુક ગ્રંથિઓની પ્રવૃત્તિઓને, જળપ્રલય પછી, અટકાવી દીધી. આ ડૉકટર જણાવે છે કે મગજની અંદર **પીનીઅલ ગ્રંથિ** આવેલી છે, પણ આજના માનવીમાં આ ગ્રંથિ તદ્દન નિષ્ક્રિય છે. કોઈ જમાનામાં આ ગ્રંથિ જરૂરથી કામગીરી બજાવતી હશે. આ પીનીઅલ ગ્રંથિની શી કામગીરી છે તે કોઈ જાણતું નથી. કેટલાક એમ માને છે કે શરીરના કોશોને ફરીથી ચેતનવંતા અને જીવંત બનાવવાની કામગીરી આ ગ્રંથિની હશે. આજે તો આ ગ્રંથિની કોઈ કામગીરી દેખાતી નથી, પણ એને કાપી–કાઢી નાખવાથી મૃત્યુ નીપજે છે. કોઈક કાળે માનવીના કોશોને નવું જીવન બક્ષવાની કામગીરી કદાચ તે કરતી હશે.

છાતીમાં આવેલી થાયમસ ગ્રંથિ છોકરો–છોકરી તારુણ્યમાં પ્રવેશ કરે એટલે કામ કરતી અટકી જાય છે. આ થાયમસ ગ્રંથિ આપણા દૂરના પિતૃઓના જીવનમાં ખાસ કરીને વયમર્યાદા બાબતે કામ કરતી હશે. વળી ગળામાં (થાયરોઇડ ગ્રંથિ અને થાયમસ ગ્રંથિની વચ્ચે આવેલી) પેરા–થાયરોઈડ ગ્રંથિ તારુણ્ય સમયે અને કાયમ માટે પોતાની કામગીરી બદલી નાખે છે.

(૮) જળપ્રલય અગાઉ માણસ તેમ જ પશુપંખીઓ માત્ર

શાકાહારી હતાં. ઉત્પત્તિ ૧ : ૨૯ માં લખ્યું છે : "અને દેવે કહ્યું કે, જુઓ, હરેક બીજદાયક શાક જે આખી પૃથ્વી પર છે, ને હરેક વૃક્ષ જેમાં વૃક્ષનાં બીજદાયક ફળ છે, તેઓને મેં તમને આપ્યાં છે; તેઓ તમારો ખોરાક થશે. અને પૃથ્વીનું હરેક પશુ તથા આકાશમાંનું હરેક પક્ષી તથા પૃથ્વી પર પેટે ચાલનારું હરેક પ્રાણી જેમાં જીવનનો શ્વાસ છે, તેઓના ખોરાકને સારુ મેં સર્વ લીલોતરી આપી છે; અને તેવું થયું."

પણ જળપ્રલય પછી જ ઈશ્વરે માંસાહાર કરવાની છૂટ આપી. શાકભાજી, ફળવૃક્ષો, ઈ. જળપ્રલયમાં નાશ પામ્યાં હોઈને ઈશ્વરે એ છૂટ આપી. એ પછી જ માનવો અને પશુપંખીઓ (વાઘ, સિંહ સુધ્ધાં) માંસાહાર કરતાં થયાં. ઉત્પત્તિ ૯ : ૩-૪ માં લખ્યું છે : "પૃથ્વી પર હરેક ચાલનાર પ્રાણી તમારે સારુ ખોરાકને માટે થશે; લીલા શાકની પેઠે મેં તમને સઘળાં આપ્યાં છે. પણ માંસ તેના જીવ સુધ્ધાં, એટલે રક્ત સુધ્ધાં, ન ખાશો." માંસાહારનાં કેટલાંક માઠાં પરિણામ પણ છે. કોલેસ્ટ્રોલનું પ્રમાણ લોહીમાં વધુ ઊંચું રહેવાથી લોહીનું ઊંચું દબાણ, હૃદયરોગ, ઇત્યાદિ માંસાહારને લીધે વધી ગયાં છે. કેટલાંક પ્રાણીઓનાં માંસ ખાસ ખાસ રોગજંતુઓને સંઘરે છે, અને માંસાહારને કારણે માનવી શરીરમાં પાંગરે છે.

(૯) યુરોપ-અમેરિકાના બગીચાઓમાં નાજુક પ્રકારના છોડવાઓને કાચનાં ઘરોમાં ઉછેરવામાં આવે છે. આ કાચઘરોમાં હવામાન સમધાત અને હંમેશાં સરખું રાખવામાં આવે છે, જેથી અંદરના છોડવાઓને બહારની તીવ્ર ગરમી કે બાળી નાખનાર હિમ નુકસાન કરે નહિ. બારે માસ યાંત્રિક કરામતથી કંટ્રોલમાં રાખેલા હવામાનને લઈને છોડવા પૂર્ણ સ્વરૂપે, ભરપૂરપણે ખીલી ઊઠે છે, અને લાંબું આયુષ્ય ભોગવે છે. એમનાં ફળફૂલ પણ વિપુલ પ્રમાણમાં થાય છે.

એમ જ જળપ્રલય અગાઉ અંતરિક્ષના પાણીનું આચ્છાદન આ કાચઘરો જેવી જ કામગીરી સર્વ જીવો માટે બજાવતું હતું. એ સમયે આખી પૃથ્વી ઉપર આ આચ્છાદનને લીધે એક જ પ્રકારનું સમધાત હવામાન અને તાપમાન રહેતું હતું. અતિ ઠંડી કે તીવ્ર ગરમીની સામે આ આચ્છાદન રક્ષણ બક્ષતું. આખી પૃથ્વી પર હૂંફાળું, તંદુરસ્તી અને તાજગી બક્ષતું વાતાવરણ હતું. કિરણોત્સર્ગથી આ આવરણ રક્ષણ આપતું. આમ, માનવીનું જીવન ખૂબ રક્ષિત હતું. જમીન પણ આને કારણે ફળદ્રુપ રહેતી. પણ જળપ્રલયમાં અંતરિક્ષના પાણીનું આવરણ તદ્દન કમી થવાથી એ રક્ષણ ન રહ્યું, અને માનવીની વયમર્યાદા બહુ ટૂંકી બની ગઈ.

## ૩૬ ઉત્પત્તિના પુસ્તકમાં પૃથ્વીની ઉત્પત્તિનાં બે જુદાં જુદાં વૃત્તાંત છે?

**પ્રશ્ન:** બાઇબલમાં ઉત્પત્તિના પુસ્તકના પહેલા અને બીજા અધ્યાયમાં વિશ્વની ઉત્પત્તિનાં બે જુદાં જુદાં વર્ણન આપવામાં આવ્યાં હોય તેમ લાગે છે. એ બે વૃત્તાંતોમાં ઠીક ઠીક ફરક જોવા મળે છે. કેટલાક બાઇબલ-અભ્યાસીઓ અને ભાષ્ય-લેખકો પણ એ વાત માન્ય રાખે છે. પહેલા અધ્યાયમાં પશુપંખીઓ બનાવ્યા પછી છેલ્લે માણસ બનાવ્યું; જ્યારે બીજા અધ્યાયમાં સૌ પ્રથમ માણસને બનાવ્યું (૨ : ૭; વળી વાંચો કલમો ૪–૬), અને એ પછી પશુપંખીઓ બનાવ્યાં. જુઓ ૨ : ૧૯ "અને યહોવા દેવે ખેતરના હરેક જાનવરને, તથા આકાશનાં હરેક પક્ષીને ભૂમિમાંથી **ઉત્પન્ન કર્યાં**, અને તે માણસ તેઓનું નામ શું પાડશે, એ જોવાને તેઓને તેની પાસે લાવ્યો,......" અહીં બીજા અધ્યાયમાં પ્રથમ માણસ બનાવ્યો, અને એ પછી પશુપંખીઓને બનાવીને આદમની પાસે નામ પડાવવા લાવ્યો. તો આ બે વૃત્તાંતો વચ્ચેનો ખુલાસો આપશો?

**જવાબ :** આ બંને અધ્યાયમાં આપેલાં વૃત્તાંત અલગ અલગ નથી, અને વિરોધાભાસી પણ નથી. પહેલા અધ્યાયમાં એકસામટું સામાન્ય વૃત્તાંત છે, અને બીજા અધ્યાયમાં એ જ બનાવનું નવેસરથી વર્ણન કર્યું છે, અને ઝીણી ઝીણી વિગતો ઉમેરી છે. જે ગેરસમજ ઊભી થાય છે તે તો ૨ : ૧૯ માં આપેલા "**ઉત્પન્ન કર્યાં**" ક્રિયાપદના અસ્પષ્ટ તરજુમાને લીધે (અંગ્રેજીમાં તેમ જ ગુજરાતીમાં) ગેરસમજ થાય છે.

અહીં ગુજરાતી તરજુમામાં ૨ : ૧૯ માં "**ઉત્પન્ન કર્યાં**" એ ક્રિયાપદ સાદા ભૂતકાળનું વાપરવામાં આવ્યું છે, જ્યારે મૂળ હિબ્રૂ ભાષામાં 'પૂર્ણ ભૂતકાળ' વાપરવામાં આવ્યો છે, એટલે અહીં તરજુમો આ પ્રમાણે થવો જોઈતો હતો : "**ઉત્પન્ન કર્યાં હતાં,**" એટલે કે માણસને બનાવ્યા અગાઉ જે પશુપંખીઓને "**ઉત્પન્ન કર્યાં હતાં,**" તેઓને ઈશ્વર આદમની પાસે લાવ્યો. અમુક અંગ્રેજી તરજુમાઓમાં પણ અહીં "ફોર્મ્ડ" (अ. formed) વાપર્યું છે. પણ એ સાદો ભૂતકાળ (સિમ્પલ પાસ્ટ ટેન્સ) હોઈને ગેરસમજ ઊભી કરે છે. હિબ્રૂ લેખ પ્રમાણે 'પૂર્ણ ભૂતકાળ' (પાસ્ટ પરફેક્ટ ટેન્સ) વાપરવો જોઈએ. અને એનો અંગ્રેજીમાં તરજુમો "હેડ ફોર્મ્ડ" (had formed) અને ગુજરાતીમાં "ઉત્પન્ન કર્યાં હતાં" થાય, જે બિલકુલ બરાબર અને હિબ્રૂ પાઠ પ્રમાણે જ છે. આ મૂળ પાઠ પ્રમાણે તરજુમો થાય તો બધી ગેરસમજ દૂર થઈ જાય. 'ન્યૂ ઇન્ટરનૅશનલ વર્ઝન'માં તેમ જ 'બર્કલે આવૃત્તિ'માં પણ એ પ્રમાણે જ આપ્યું છે.

## ૩૭ કરારકોશ

**પ્રશ્ન :** કરારકોશમાં શું શું હતું ? ઈ. સ. પૂર્વે ૫૮૬ માં નબૂખાદનેસ્સાર રાજાએ યરૂશાલેમનો નાશ કર્યો ત્યારે કરારકોશનો પણ શું નાશ થયો હતો ?—તે પવિત્ર હોવા છતાં ?

**જવાબ :** 'કરારકોશ'નું બીજું નામ 'સાક્ષ્યકોશ' પણ છે. સિનાઈ પર્વત ઉપર ઈશ્વરે મૂસાને મુલાકાતમંડપનો નમૂનો – નકશો

બતાવ્યો હતો તે પ્રમાણે મૂસાએ મુલાકાતમંડપ બનાવેલો, અને પરમપવિત્રસ્થાનમાં રાખવામાં આવતો. કરારકોશ પણ બતાવેલા નમૂના પ્રમાણે બનાવ્યો હતો. એ કોશ બાવળના લાકડાનો બનાવવામાં આવ્યો હતો, અને એની અંદરની તેમ જ બહારની બાજુએથી ચોખ્ખા સોનાના પતરે મઢવામાં આવ્યો હતો. એની ઉપર બંને બાજુએ સોનાની કાંગરી હતી. એની નીચે બંને બાજુએ સોનાનાં કડાં હતાં, જેથી મુસાફરી વખતે લેવીવંશીઓ બાવળના લાકડાના બનાવેલા અને સોને મઢેલા દાંડા કડાંમાં ઘાલીને ઊંચકી શકે. કરારકોશ અઢી હાથ (પોણાચાર ફૂટ) લાંબો, દોઢ હાથ (સવાબે ફૂટ) પહોળો, અને દોઢ હાથ (સવાબે ફૂટ) ઊંચો હતો. એ એનું બહારનું માપ હતું. એની ઉપર નરદમ સોનાનું દયાસન હતું, અને દયાસન ઉપર સોનાના બે કરુબો હતા.

કરારકોશમાં આટલી વસ્તુઓ રાખવામાં આવતી: યહોવાએ દશ આજ્ઞા લખેલી બે પથ્થરપાટી આપી હતી તે; માન્ના ભરેલું સોનાનું પાત્ર; અને હારૂનની કળી ફૂટેલી લાકડી. આ ઉપરાંત પુનર્નિયમ ૩૧ : ૨૬ પ્રમાણે મૂસાએ લખેલું નિયમનું પુસ્તક. કેટલાક અભ્યાસીઓનું કહેવું છે કે એને કોશની અંદર રાખવામાં આવતું, જ્યારે બીજાનું કહેવું છે કે 'કરારકોશની બાજુમાં' રાખવામાં આવતું (જુઓ પુનર્નિયમ ૩૧ : ૨૬). કદાચ "મૂસાનાં પાંચ પુસ્તકો" એ આ પુસ્તક હોઈ શકે, અને યોશિયા રાજાના વખતમાં કચરામાંથી અને ભંગારના ઢગલામાંથી મળી આવેલું નિયમશાસ્ત્રનું પુસ્તક તે આ જ હશે (૨ રાજા ૨૨ : ૮).

પાછળથી અમુક સમયે શિલાપાટીઓ સિવાયની બાકીની ચીજો કરારકોશમાંથી કાઢી લેવાઈ હશે, કારણ, સુલેમાન રાજાના સમયે કરારકોશમાં માત્ર શિલાપાટીઓ જ હતી (૧ રાજા ૮ : ૯). ઈ. સ. પૂર્વે

૫૮૬ માં બાબેલનો રાજા નબૂખાદનેસ્સાર ચઢી આવ્યો અને મંદિરનો નાશ કર્યો એ પછી કરારકોશની હયાતી વિષે કોઈ જાણકારી મળી આવી નથી. જેમ મંદિર પવિત્ર મનાતું છતાં એ વખત તેનો નાશ થયો, એમ કરારકોશ પવિત્ર ગણાતો, છતાં તેનો નાશ થયો.

કરારકોશ અને એની ઉપરના બે કરુબો એ ઈશ્વરની હાજરીના પ્રતીક તરીકે હતાં. મુસાફરી કે લડાઈમાં, છાવણી મધ્યે કે મંદિરમાં ઈશ્વરની હાજરી સૂચવનારાં એ પ્રતીક હતાં.

## ૩૮ દૂતો કોણ છે અને કેવા છે?

**પ્રશ્ન :** દૂતો કોણ છે? તેઓ માણસો જેવા જ છે? શું તેઓ અન્ય ગ્રહોમાં વસતા વધુ વિકસિત માનવો હતા? દૂતો માત્ર સદ્‌ભાવનાઓનું પ્રતીક છે કે, પછી તેમને આગવું અસ્તિત્વ છે?

**જવાબ :** દૂતોની હયાતી પ્રભુ ઈસુએ માન્ય રાખી છે (માથ્થી ૧૮ : ૧૦. ૨૬ : ૫૩). દૂતોને ઈશ્વરે બનાવ્યા છે, તેથી તેમનું નોખું અસ્તિત્વ છે. તેઓને આપણા જેવાં ભૌતિક શરીરો નથી, પણ આત્મિક શરીરો છે. એટલે ભૌતિક શરીરોને વજન હોય, તેઓ જગા રોકે, વૃદ્ધિ યા ટકવા માટે ખોરાક-પાણીની જરૂર હોય, એવું દૂતોને નથી, કારણ, તેઓને આત્મિક શરીરો છે (હિબ્રૂ ૧ : ૧૪), એટલે તેઓ વ્યક્તિઓ છે. (હિબ્રૂ ૧ : ૧૪. ગીતશાસ્ત્ર ૧૦૪ : ૪.) તેઓ અશુદ્ધ આત્માઓ જેવા શરીરવિહીન આત્માઓ નથી. જરૂરને સમયે તેમને માનવી શરીરોના જેવાં રૂપ, આકારમાં દૃશ્ય બનવાની શક્તિ ઈશ્વર તરફથી આપવામાં આવે છે (ઉત્પત્તિ ૧૯ : ૧. નિર્ગમન ૩ : ૨. ગણના ૨૨ : ૨૨-૩૧. ન્યાયાધીશો ૨ : ૧. ૬ : ૧૧, ૨૨. ૧૩ : ૩, ૬. ૧ કાળ. ૨૧ : ૧૬, ૨૦. માથ્થી ૧ : ૨૦. લૂક ૧ : ૨૬. યોહાન ૨૦ : ૧૨. પ્રે. કૃ. ૭ : ૩૦. ૧૨ : ૭-૮ ઇત્યાદિ).

તેઓ ભલુંભૂંડું જાણી-પારખી શકે છે. ઈશ્વર તથા માણસોની જેમ ભલુંભૂંડું અપનાવવાની મુક્તેચ્છા પણ તેઓને છે. એક સમયે શેતાનની આગેવાની નીચે કેટલાક દૂતોએ ઈશ્વર સામે બળવો કર્યો, અને એમ ભૂંડું પસંદ કર્યું. ઈશ્વરે શેતાનને તથા બળવાખોર દૂતોને ત્રીજા આસમાનમાંથી ફેંકી દીધા (યહૂદા ક. ૬); કારણ, માણસને પાપની માફી મળી શકે છે, નવી તક મળી શકે છે, પણ તેવી વ્યવસ્થા દૂતો માટે નથી. દૂતો એક વખત પાપ કરે એટલે તેમને બહાર ફેંકી દેવામાં આવે. પાપી માણસોનો છેલ્લા ન્યાય (પ્રકટીકરણ ૨૦ : ૧૧-૧૪) અગાઉ, અને ૧૦૦૦ વર્ષના રાજ પછી, શેતાનને તથા તેના અપદૂતોને સાથે અનંત અગ્નિમાં નાખી દેવામાં આવશે.

દૂતોને નર કે નારી એવી જાતિ હોતી નથી. તેઓ પરણતા કે પરણાવાતા હોતા નથી (લૂક ૨૦ : ૩૫-૩૬). નવલકથાઓમાં અને બાળવાર્તાઓમાં આવતી પરીઓ એ નારી જાતના દૂતો નથી. પરીઓ એ માત્ર કલ્પના છે. પરીઓનું અસ્તિત્વ છે જ નહિ. દૂતોને પ્રજોત્પત્તિની જરૂર નથી. સૃજનકાળે ઈશ્વરે તેમને અસંખ્ય સંખ્યામાં બનાવ્યા છે, અને દૂતોને મૃત્યુ ન હોવાથી એ સંખ્યામાં ઘટાડો થતો નથી (લૂક ૨૦ : ૩૬. હિબ્રૂ ૧૨ : ૨૨). તેઓની સંખ્યા કોટાનકોટી છે. માનવીઓ મૃત્યુ બાદ દૂતો બનતા નથી. માનવીકોટી અને દૂતકોટી અલગ અલગ છે. ખ્રિસ્તી મંડળીમાં એવી માન્યતા છે કે નિર્દોષ બાળકો મરી જાય ત્યારે તેઓ નાના નાના દૂતો બની જાય છે, એ માન્યતા તદ્દન ખોટી અને બાઇબલ વિરુદ્ધની છે. ખ્રિસ્તના લોકો તેમ જ નિર્દોષ બાળકો મૃત્યુ બાદ મહિમાવંતાં શરીરો ધારણ કરેલાં અને અમર મનુષ્યો જ રહે છે. પ્રભુ ઈસુના જન્મનાં ચિત્રોમાં નાના નાના પાંખાળા દૂતો ચીતરેલા જોવા મળે છે; પણ એ માત્ર ચિત્રકારની કલ્પના જ છે – 'નાના નાના દૂતો' હોતા જ નથી. બધા જ દૂતો પુખ્ત વયના જ ઉત્પન્ન કરેલા હોય છે. તેઓ ઘરડા થતા નથી, મૃત્યુ પામતા નથી.

દૂતો માણસો કરતાં અતિ ઘણા બુદ્ધિશાળી અને જ્ઞાની છે, પણ તેઓ ઈશ્વર જેવા સર્વજ્ઞ યા સર્વજ્ઞાની નથી (૨ શમૂએલ ૧૪ : ૨૦. માથ્થી ૨૪ : ૩૬). તેઓ ખ્રિસ્તને ઓળખી શકયા હતા (લૂક ૪ : ૩૪). દૂતો જ્ઞાન-પિપાસુ છે (૧ પિતર ૧ : ૧૨). એમ જ દૂતો માનવો કરતાં અતિ ઘણા શક્તિશાળી છે. દૂતોની પ્રચંડ શક્તિ આગળ માનવીની શક્તિ કોઈ વિસાતની નથી (ગીતશાસ્ત્ર ૧૦૩ : ૨૦. ૨ પિતર ૨ : ૧૧. ૨ થેસ્સા. ૧ : ૭. ઉત્પત્તિ ૧૯ : ૧૧. તેઓના સામર્થ્યનો કંઈક ખ્યાલ નીચેની કલમો પરથી આવશે : માથ્થી ૨૮ : ૨. પ્રે. કૃ. ૫ : ૧૯. ૧૨ : ૭. ૧૨ : ૨૩). એક જ દૂતે ૧,૮૫,૦૦૦ (એક લાખ પંચાસી હજાર), આશ્શૂરીઓને માર્યા હતા (૨ રાજા ૧૯ : ૩૫). તેઓને **'લાગણી'** હોય છે (૧ પિતર ૧ : ૧૨) અને **'સંકલ્પબળ'** હોય છે (યહૂદા ક. ૬).

દૂતોને જૂના કરારમાં **'દેવના દીકરા'** કહેવામાં આવ્યા છે. ચિત્રોમાં દૂતોને પાંખોવાળા ચીતરવામાં આવ્યા હોય છે, પણ તેઓને પાંખો હોતી નથી. કેટલાક કરુબો અને એવી દૂતકોટીની અમુક જાતોને પાંખો હોય છે.

વિશ્વાસ કરનારા ખ્રિસ્તીઓ ન્યાયને દહાડે દૂતોનો ન્યાય કરશે (૧ કોરીંથી ૬ : ૩). એ ન્યાયકાળ પતિત બનેલા 'અપદૂતો' વિષેનો છે.

દૂતો અન્ય કોઈ ગ્રહમાંથી ઊતરી આવેલા પૂર્ણ વિકસિત માનવો નથી. દૂતો તો ઈશ્વરની બનાવેલી એક કોટી છે. વિજ્ઞાને આજ સુધી કોઈપણ ગ્રહમાં માનવો તો શું, પણ અન્ય જીવો અથવા જુદા પ્રકારનું જીવન શોધી કે પુરવાર કરી શકયા જ નથી. મંગળના ગ્રહમાં કોઈક પ્રકારના જીવ હશે એવી માન્યતા આ વિજ્ઞાનીઓ અગાઉ ધરાવતા હતા. પણ મંગળના ગ્રહનું યાન મારફતે નિરીક્ષણ કર્યાના પરિણામે એ આશા ઠગારી નીવડી છે. એરિક વોન ડેનિકને એનાં પુસ્તકો ('ચેરિયટ્સ ઑફ ગૉડ્સ', મિરેકલ્સ ઑફ ગોડ્સ', 'એકોર્ડિંગ

ટુ ધી એવિડન્સ', 'ગોલ્ડ ઑફ ધી ગોડ્સ', અને 'ઇન સર્ચ ઑફ એન્શ્યન્ટ ગોડ્સ') માં કલ્પનાના ઘોડાઓની લગામો છૂટી મૂકીને અનેક પ્રકારની એવી કલ્પનાઓ ભરી છે. એ કહે છે કે, **હઝકીએલના પુસ્તકમાં જે રથ આવ્યો છે, તે અન્ય ગ્રહમાંથી આવ્યો હતો; ખુદ ઈશ્વર પોતે પણ અન્ય ગ્રહમાંથી આવેલો મહામાનવી હતો.** આ બધી ગાંડી અને મિથ્યા કલ્પનાઓ અને વજૂદ વગરના તર્કો છે.

હિબ્રૂ (જૂના કરાર)માં દૂતો માટે 'માલાક' શબ્દ છે, અને ગ્રીક (નવા કરાર)માં 'એન્જેલોસ' શબ્દ છે. એ બંનેનો અર્થ સંદેશવાહક થાય છે. તેઓ ઈશ્વરના ત્રીજા આસમાનમાં ઈશ્વરના રાજ્યાસનની આસપાસ તેની તહેનાતમાં રહે છે (પ્રકટી. ૫:૧૧. ૭:૧૧). દૂતો ઈશ્વરના સંદેશવાહકો અને સેવકો છે. વળી ખ્રિસ્ત પર વિશ્વાસ કરનારાંઓના સંબંધમાં દૂતો સેવા કરનારા આત્માઓ છે. "શું તેઓ સર્વ સેવા કરનારા આત્મા નથી ?— તેઓને તારણનો વારસો પામનારાઓની સેવા કરવા સારુ બહાર મોકલી દેવામાં આવ્યા નથી ?" (હિબ્રૂ ૧:૧૪. પ્રે. કૃ. ૧૨ : ૭. ૨૭ : ૨૩-૨૪. લૂક ૧૬ : ૨૨. યહૂદા ક. ૯).

આ વિષે વધુ જુઓ : ૧ રાજા ૧૯ :૫. ગીતશાસ્ત્ર ૩૪ : ૭. ૯૧ : ૧૧. દાનિયેલ ૬ : ૨૨. માથ્થી ૨ : ૧૩, ૧૯. ૪ : ૧૧. લૂક ૨૨ : ૪૩. પ્રે. કૃ. ૫ : ૧૯. ૧૨ : ૭-૧૦. હિબ્રૂ ૧ : ૧૪. માથ્થી ૧૮ : ૧૦. ગીતશાસ્ત્ર ૯૧:૧૧.

પ્રત્યેક માણસના જન્મથી માંડીને તે મૃત્યુ પામે ત્યાં સુધી ઈશ્વરનો દૂત તેની સાથે સાથે જ રહે છે. "કેમ કે હું તમને કહું છું કે આકાશમાં **તેઓના દૂત** મારા આકાશમાંના બાપનું મોં સદા જુએ છે" (માથ્થી ૧૮ : ૧૦). "ત્યારે તેઓએ કહ્યું કે, તે (પિતર) નો દૂત હશે" (પ્રે. કૃ. ૧૨ : ૧૫). વળી જુઓ, હિબ્રૂ ૧ : ૧૪. એ જ પ્રમાણે શેતાનનો અપદૂત (અશુદ્ધ આત્મા) પ્રત્યેક માણસની આસપાસ રાખવામાં આવેલો

હોય છે. એમ જ દરેક દેશો અને પ્રજાઓ માટે પણ ઈશ્વરના દૂતો અને શેતાનના અપદૂતો રખાયેલા છે. દાનિયેલ ૧૦ : ૧૩ માં જણાવેલો "ઈરાનનો સરદાર' અને ૧૦ : ૨૦ માં જણાવેલો 'ગ્રીસનો સરદાર' એ કોઈ માનવી નહિ, પણ શેતાનનાં દુષ્ટતાનાં લશ્કરોમાંનો સરદાર યા અપદૂત છે.

અપદૂતો એટલે કે શેતાનના અશુદ્ધ આત્માઓ (દુષ્ટાત્માઓ) બે પ્રકારના છે : (૧) અંધકારના ખાડાઓમાં બંધનમાં રખાયેલા–ન્યાયકાળ લગી તેઓ બંધનમાં રખાયેલા છે (૨ પિતર ૨ : ૪. યહૂદા ક. ૬. ૧ કોરીંથી ૬ : ૩). (૨) બંધનમાં નથી, પણ તેમના મુખ્ય સરદાર શેતાનની જેમ પૃથ્વી પર ભટક્યા કરે છે, અને માણસોને હેરાન કરે છે. 'ભૂતો' તરીકે જેમને ઓળખવામાં આવે છે તે બધા આ અપદૂતો છે. મરેલાં માણસોના આત્મા 'ભૂત' બની શકતા જ નથી. શેતાન તથા તેના અપદૂતોનો વાસો 'વાયુમંડળ' (અંતરિક્ષ) માં છે (એફેસી ૨ : ૨. ૬:૧૨). તેઓને ત્યાંથી પૃથ્વી પર ફેંકી દેવામાં આવનાર છે (પ્રકટી. ૧૨ : ૭–૯). અને આખરે તેમને અગ્નિ તથા ગંધકની ખાઈમાં નાખી દેવામાં આવશે (પ્રકટી. ૨૦ : ૧૦).

## ૩૯ પ્રભુ ઈસુને માટે અને ઈશ્વરને માટે 'તું' વાપરવું કે 'તમે' ?

**પ્રશ્ન :** બાઈબલમાં પ્રભુ ઈસુને માટે તેમ જ ઈશ્વર માટે 'તું', 'તેણે', એવાં સર્વનામ વપરાયાં છે તે બરાબર છે? કેટલાક ગુજરાતી તરજુમામાં 'તમે', 'તેમનું', એવાં સર્વનામ પણ વપરાવા લાગ્યાં છે. તો ખરું કયું ?

**જવાબ :** ગ્રીક ભાષામાં સામાન્ય રીતે સામી વ્યક્તિ માટે એકવચન વપરાતું; માનવાચક બહુવચન નહિ. એટલે પ્રભુ ઈસુ માટે પણ એકવચન 'તું', 'તેનું', વાપર્યું છે. એમ જ પિલાતને માટે કે રાજાને

માટે પણ 'તું', 'તેનું', એવાં તુંકારવાચક સર્વનામ વપરાયાં છે. એવું જ ઈશ્વર માટે પણ. અને ગુજરાતીમાં પણ તરજુમો કરનારે મૂળ ભાષાને વિશ્વાસુપણે વળગી રહીને 'તુંકાર' રાખ્યો છે. પણ આવા તુંકારવાચક પ્રયોગ ગુજરાતીમાં શિષ્ટ પ્રયોગ નથી લાગતા.

આમાં અંગ્રેજીની અસરો પણ પડી છે. કારણ, ઇલિઝાબેથિયન ઇંગ્લિશમાં જૂના જમાનામાં ઈશ્વર માટે અને માને માટે 'ધાઉ' (Thou) વપરાતું હતું. એટલે કિંગ જેમ્સ (અધિકારયુક્ત) આવૃત્તિમાં એ પ્રમાણે વપરાયું. પણ હવે અંગ્રેજીમાં પણ ઈશ્વર માટે કે માને માટે 'ધાઉ'='તું' વપરાતું નથી, પણ 'યુ' (You) અને 'યોર' (Your) વપરાય છે.

ગુજરાતીમાં તો મોટી (વયમાં કે હોદ્દામાં મોટી) વ્યક્તિ માટે 'તમે', 'તમારું', વપરાય છે. એટલે પ્રભુ ઈસુ માટે પણ એ જ રીતે વાપરવું જોઈએ. પિલાતને માટે કે રાજાને માટે કે અન્ય મોટી વ્યક્તિઓ માટે 'તમે' પ્રયોગ વાપરવો શિષ્ટ લાગે છે. કેટલાંક વર્ષો પૂર્વે 'ઑલ ઇન્ડિયા રેડિયો' માટે તૈયાર કરેલું મારું લખાણ કેન્દ્રના ડાયરેક્ટરની આગળ વાંચતો હતો, ત્યારે તેમણે એક સૂચન કરેલું કે, "જે વ્યક્તિને તમે આખી દુનિયા આગળ ધરો છો તેને માટે 'તુંકારવાચક' પ્રયોગ સારો લાગે છે?" મેં તરત જ એ લખાણ સુધારીને પ્રભુ ઈસુ માટે 'તમે' એવો માનવાચક પ્રયોગ અપનાવ્યો.

પ્રભુ ઈસુ ધારો કે સદેહે તમારી સામે જ આવીને ઊભા રહે, તો તમે કઈ રીતે તેમને સંબોધશો?–'તું' થી કે 'તમે' થી?

એમ જ ઈશ્વર માટે પણ 'તમે' વાપરવું એ શોભતું છે. ખ્રિસ્તી ધર્મમાં જ ઈશ્વરને "પિતા" તરીકે સંબોધીએ છીએ. તો ગુજરાતી ભાષામાં આપણા પોતાના દૈહિક પિતા માટે 'તું' પ્રયોગ નથી વાપરતા.

"આપ, મને તું રોટલી આપ," એવો પ્રયોગ કઢંગો લાગે. માત્ર ભીલ લોકો અને તદ્દન "નીચલી વર્ણ"માં પિતાને માટે 'તુંકાર' વપરાય છે. તેથી જ ભીલી પ્રયોગ સંસ્કારી ભાષા ન ગણાય.

પ્રાર્થનામાં પણ એવા જ પ્રયોગ ('તમે') વધારે સંસ્કારી અને સુઘડ લાગે છે, તેમ જ ગુજરાતી ભાષાના વપરાશ સાથે સુસંગત લાગે છે.

## ૪૦ સગાં ભાઈબહેનો લગ્ન કરે એ વાજબી છે?

**પ્રશ્ન :** કાઈન તેમ જ હાબેલે પોતાની સગી બહેનો સાથે જ લગ્ન કર્યાં હશે ને? એ વાત તમે તમારા **'બાઇબલ-અભ્યાસ'**, ભાગ ૧ લામાં પ્રશ્ન નં. ૨ ના જવાબમાં માન્ય રાખી છે. તો એક જ માતાપિતાનાં સંતાનો અંદરોઅંદર લગ્ન કરે તે લેવીય ૧૮ : ૬-૨૩ થી વિરુદ્ધ નથી? એમાં ઈશ્વરના નિયમનું ઉલ્લંઘન કર્યું ન કહેવાય?

**જવાબ :** પ્રથમ તો આપણે લેવીય ૧૮ : ૬-૨૩ માં શું છે તે જોઈ લઈએ. આ કલમો તમારા બાઇબલમાંથી બરાબર જોઈ લેશો. એમાં ભાઈબહેનનો સંબંધ વર્જ્ય ગણાવ્યો છે.

ઈશ્વરે આદિકાળે આદમ અને હવાને બનાવ્યાં. એમનાથી જ આખી દુનિયાની વસતી થઈ. આદમ-હવા અને એમનાં સંતાનો સિવાય અન્ય કોઈ માનવીઓ શરૂઆતે નહોતાં. એટલે **એ ઈશ્વરની જ યોજના હતી** કે, તેઓ માંહોમાંહે પરણે.

બીજું, લેવીયના પુસ્તકમાં આપેલા સમાજવ્યવસ્થાને લગતા કાયદાકાનૂન તો બહુ લાંબા સમય પછી મૂસાની મારફતે આપવામાં આવ્યા. આદમ અને હવાના સમય પછી અઢી હજાર (૨૫૦૦) વર્ષો પછી સમાજ તથા કુટુંબવ્યવસ્થાના કાયદાકાનૂન આપવામાં આવ્યા. એટલે કાઈન કે હાબેલ કે આદમનાં કોઈપણ સંતાન ઈશ્વરીય કાયદાના ભંગના દોષમાં નથી આવતાં. (લગ્નવ્યવસ્થા, એટલે કે એક પુરુષ

અને એક સ્ત્રી, એવી લગ્નવ્યવસ્થા તો આદમને માટે હવા (Eve) બનાવી ત્યારથી જ અસ્તિત્વમાં છે.)

ત્રીજું, કુટુંબ કુટુંબમાં જ, એટલે કે એક જ લોહીમાં લગ્ન કરવાથી ફરજંદોમાં માનસિક વિકૃતિ આવે છે, એ માનસિક પ્રક્રિયાઓને આદમ-હવાનાં નજદીકનાં સંતાનો માટે મોકૂફ બનાવી હોઈ શકે. બાઇબલ એ વિષે કંઈ કહેતું નથી એ ખરું; પણ આપણાં શરીરોના બનાવનાર ઇશ્વર પોતે તે (શરીરો)માં ચહાય તેવા ફેરફારો કરી શકે છે. હાલના જમાનામાં કુટુંબમાં અંદરઅંદર (લોહીની સગાઈની અંદર) થતાં લગ્નોમાં ગાંડપણ અને મગજની વિકૃતિઓ જોવા મળે છે. ખાસ કરીને પારસી અને મુસ્લિમ કુટુંબોમાં આવાં લગ્નો ખાસ થતાં હોઈ એ સમાજોમાં પાગલપણું અને માનસિક વિકૃતિઓ વધુ જોવા મળે છે. શરૂઆતનાં સૈકાંમાં ઇશ્વરે આવી કુદરતી પ્રક્રિયાને બંધ રાખી હોય. જોકે જળપ્રલય પહેલાં કુદરતી પ્રકૃતિ જુદા પ્રકારની હતી, એ આપણે આ પુસ્તકના ૩૫ મા પ્રશ્નમાં જોઈ શકીએ છીએ.

## ૪૧ યહૂદાનું મરણ કેવી રીતે થયું ?

**પ્રશ્ન :** યહૂદાના મૃત્યુ વિષે માથ્થી ૨૭ : ૫ માં આપ્યું છે કે, "અને જઈને તેણે ગળે ફાંસો ખાધો," જ્યારે પ્રેરિતોનાં કૃત્યો ૧ : ૧૮ માં જુદું જ આપ્યું છે કે, "અને ઊંધો પડીને તે વચમાંથી ફાટી ગયો, ને તેનાં બધાં આંતરડાં નીકળી પડયાં." એકમાં ગળે ફાંસાની વાત છે, અને બીજે સ્થળે ઉપરથી પડીને પેટ ફાટી જવાની વાત છે. તો આ બે અલગ અલગ હેવાલમાંથી કયો ખરો માનવો ?

**જવાબ :** દેખીતી રીતે બે જુદાં જુદાં વૃત્તાંત લાગે છે એ ખરું, પણ એ માત્ર ઢાલની બે બાજુઓ જેવું લાગે છે. માથ્થીનું કહેવું છે કે, યહૂદાએ પોતે જઈને ગળે ફાંસો ખાધો અને એમ મૃત્યુ પામ્યો. યરૂશાલેમ શહેરની નૈઋર્ત્ય ખૂણા તરફ હિન્નોમની ખીણ

છે, ત્યાં જઈ એ આખા ટેકરા પર કોઈ ઝાડે ફાંસો બાંધ્યો હશે, અને તે ઉપર ફાંસો ખાધો હશે.

યરૂશાલેમના ઊંચા ટેકરા અને હિન્નોમની ખીણ વચ્ચે કોઈ સ્થળે ખડક ૨૦ ફૂટ, કોઈ જગાએ ૩૦ ફૂટ, અને કોઈ જગાએ ૪૦ ફૂટ જેટલી ઊંચાઈ છે. હિન્નોમની ખીણ સાંકડી અને ખૂબ ઊંડી છે. બંને બાજુ પર આવેલા ખડકનાં તદ્દન સીધાં ૨૦થી ૪૦ ફૂટનાં ચઢાણ છે. આ ખીણનું બીજું નામ ગેહેન્ના પણ છે, અને શહેરનો તમામ પ્રકારનો કચરો આ ખીણમાં સદાય સળગતો રહેતો, એટલે નર્કના સતત જલતા અગ્નિના રૂપક તરીકે 'ગેહેન્ના' શબ્દ વપરાતો. આ ખીણ ઉપરની ઊંચી કરાડના કોઈ ઝાડ પર યહૂદા લટક્યો હશે.

પછી એવું બન્યું હોય કે યહૂદાના શરીરનું વજન ઝીલી ન શકવાને કારણે ઝાડનું ડાળ ફસકાઈ પડ્યું હોય અથવા આખું ઝાડ જ (કદાચ વાંકું ઝૂકેલું હોય અને યહૂદાનું વજન આવ્યું એટલે આખું ઝાડ જ) પડ્યું હોય, અને ખડકની ધારદાર કરાડ યહૂદાના શરીરમાં વાગી હોય અને પેટ ચીરાઈ ગયું હોય, અને આંતરડાં બહાર નીકળી આવ્યાં હોય.

યહૂદાના જીવતાં જ ઝાડ (કે ડાળ) ફસકાઈ પડ્યું હોય, કે ફાંસાથી મૃત્યુ પામીને લટકતો યહૂદા (ઝાડની ડાળ સાથે) ફસકાઈ પડ્યો હોય.

કોઈ માણસ ઘરના સૌથી ઊંચા મજલાની બારીમાં ઊભો રહે, અને હાથમાંનો તમંચો લમણામાં ફોડે, અને તરત બહાર ઊંડા રસ્તા પર કૂદી પડે, એના જેવો જ આ કેસ થયો. એમ માથ્થીનું વૃત્તાંત અને પ્રેરિતોનાં કૃત્યોનું વૃત્તાંત બંને એકબીજાનાં પૂરક છે.

## ૪૨ પિત્તળની ભાગળો હોઈ શકે?

**પ્રશ્ન:** (આ પ્રશ્ન કોઈએ પૂછ્યો નથી. મેં જ કર્યો છે.) યશાયા ૪૫ : ૧ માં છે, "ને ભાગળો બંધ કરવામાં આવશે નહિ."

વળી ૪૫ : ૨ માં આપ્યું છે, "હું પિત્તળની ભાગળોના કકડેકકડા કરી નાખીશ." તો ભાગળો પિત્તળની હોઈ શકે શું ? અને "ભાગળોને બંધ કરવામાં આવશે નહિ" એટલે શું ? કોઈ ગામની ભાગળ વિષે આવું બોલી શકાય ?

**જવાબ :** આ માત્ર તરજુમાની ભૂલ છે. ખરી રીતે **'ભાગળો'**ને બદલે **'કમાડ'** શબ્દ વાપરવો જોઈતો હતો. જૂના કરારમાં 'દ્વાર' યા 'દરવાજા'ની સાથે સાથે આ 'ભાગળો' શબ્દ વાપર્યો છે. એટલે એ બધે જ 'કમાડો' કરવું જોઈએ. અહીં યશાયા ૪૫ : ૧, ૨ માં પિત્તળના દરવાજાઓનાં પિત્તળનાં કમાડો વિષે લખ્યું છે.

એવું જ ગીતશાસ્ત્ર ૨૪ : ૭ માં છે, "હે ભાગળો, તમારાં માથાં ઊંચાં કરો; હે પુરાતન દ્વારો, તમે ઊંચાં થાઓ." અહીં પણ "ભાગળો" ની જગાએ 'કમાડો' મૂકવું વાજબી ઠરશે.

રોમન કૅથલિક તરજુમામાં 'ભાગળો'ની જગાએ 'દરવાજા' શબ્દ વાપર્યો છે. પણ ગીતશાસ્ત્ર (સ્તોત્રસંહિતા) માં 'ભાગળો'ની જગાએ 'કમાન' શબ્દ વાપર્યો છે.

અંગ્રેજી (R.S.V.) માં 'દરવાજા' માટે 'ડોર્સ' અને 'ભાગળો' ને બદલે 'ગેટ્સ' વાપર્યા છે. એવું જ 'ન્યૂ ઇન્ટરનેશનલ વર્ઝન' માં પણ છે. 'ન્યૂ ઇંગ્લિશ બાઇબલ' (N.E.B.) માં એથી ઊલટું, પહેલાં 'ગેટ્સ' અને ભાગળોની જગાએ 'ડોર્સ' વાપર્યું છે.

હિબ્રૂ ભાષામાં 'શાર' શબ્દ છે, જેનો અર્થ 'દરવાજો' થઈ શકે અને 'બારણું' થઈ શકે, અને 'કમાડ' પણ થઈ શકે.

★

ગુજરાત કૉન્ફરન્સ (મેથોડિસ્ટ ચર્ચ ઇન ઇન્ડિયા)ની સાહિત્ય યોજનાના
સહકારથી આ પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે.

## લેખકનાં પુસ્તકો

* બોલતા આંકડા (અનુવાદ)
* શબગુફાનો શહીદ (અનુવાદ)
* ગાંધીજીને ગમતાં ગીતો
* વધસ્તંભની વાટે (પાંચ આવૃત્તિ)
* ગુજરાતી બાઇબલનો ઇતિહાસ
* ખ્રિસ્તી શિષ્યપણું – કઠણ માર્ગે (અનુવાદ)
* ચોથા માગીની કથા (અંગ્રેજીને આધારે)
* ઈસુ જીવનદર્શન (બાળકો માટે, સચિત્ર)
* અનોખી ઇઝરાયલ પ્રજા (ત્રણ આવૃત્તિ)
* બાઇબલ–અભ્યાસ ભાગ ૧ લો (બાઇબલના મૂંઝવતા પ્રશ્નો)
* બાઇબલ–અભ્યાસ ભાગ ૨ જો (બાઇબલના મૂંઝવતા પ્રશ્નો)
* બાઇબલ–અભ્યાસ ભાગ ૩ જો (બાઇબલના મૂંઝવતા પ્રશ્નો)
* માનવીનાં દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરો? (ટ્રાક્ટ)
* યરૂશાલેમનું મંદિર બંધાશે? ક્યારે? ક્યાં? કેમ?
* અજાયબ ભવિષ્યવચનો (મુક્તિ-યોજનાનાં સાત પર્વ)
* મૂળભૂત હક્કો પર તરાપ મારતું બિલ (ટ્રાક્ટ)
* અન્ય ટ્રાક્ટો

## આગામી પુસ્તકો

* દાનિયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન
* પ્રકટીકરણનું પુસ્તક અને પુનરાગમન
* પ્રભુ ઈસુનું પુનરાગમન
* રશિયા અને પ્રભુનું પુનરાગમન
* મૃત્યુને પેલે પાર

– પ્રાપ્તિસ્થાન –

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**

તેમ જ

**ગુજરાતના ખ્રિસ્તી પુસ્તક-ભંડારો**